અમદાવાદથી પ્રકાશિત થતું ગુજરાતી દૈનિક

# ચેનલ નાઈન નેટવર્ક ગુજરાત

તારીખ : ૦૫ ઓક્ટોબર ૨૦૨૫, રવિવાર | વર્ષ : ૧૭ | તંત્રી : પટેલ સુરેશ રમણલાલ | કિંમત : રૂા. ૨.૦૦
વિક્રમ સંવત ૨૦૮૧, આસો સુદ ૧૩ | અંક : ૯૬ | અમદાવાદ | પાના : ૮

ઓફિસ : ૩૧૫, સુપર પ્લાઝા, સંદેશ પ્રેસ રોડ, વસ્ત્રાપુર, અમદાવાદ - ૩૮૦ ૦૧૫. મો. : ૯૯૯૮૮ ૫૦૯૯૨ e-mail : cnngujarat@yahoo.com, cnngujarat@gmail.com RNI Reg. No. GUJGUJ/2009/28886

# અમદાવાદ ટેસ્ટમાં ટીમ ઈન્ડિયાનો એક ઈનિંગ અને ૧૪૦ રને વિજય

## વેસ્ટ ઈન્ડિઝની ટીમ પોતાની પહેલી ઇનિંગ્સમાં ૧૬૨ રનમાં ઓલઆઉટ થઈ ગઈ હતી, તો બીજી ઈનિંગમાં પણ ૧૪૬ રનમાં જ સમેટાઈ ગઈ હતી

। (એજન્સી) અમદાવાદ, તા.૪ ।

ભારત અને વેસ્ટ ઈન્ડિઝ વચ્ચે બે મેચની ટેસ્ટ શ્રેણીની પહેલી મેચ અમદાવાદના નરેન્દ્ર મોદી સ્ટેડિયમ ખાતે રમાઈ હતી. ભારતીય ટીમે એક ઈનિંગ્સ અને ૧૪૦ રનથી જીત મેળવી હતી. આ મેચમાં ભારત માટે રવિન્દ્ર જાડેજાએ ઓલરાઉન્ડ પ્રદર્શન કર્યું. તેણે બીજી ઈનિંગમાં સદી ફટકારી અને ચાર વિકેટ પણ લીધી.

આ મેચમાં ભારતીય ટીમે ૫ વિકેટે ૪૪૮ રન બનાવીને પોતાનો પહેલો દાવ ડિક્લેર જાહેર કર્યો હતો. ભારતીય ટીમે પોતાની પહેલી ઈનિંગ્સના આધારે ૨૮૬ રનની લીડ મેળવી હતી. આ દરમિયાન વેસ્ટ ઈન્ડિઝની ટીમ પોતાની પહેલી ઈનિંગ્સમાં ૧૬૨ રનમાં ઓલઆઉટ થઈ ગઈ હતી. તો બીજી ઈનિંગમાં પણ ૧૪૬ રનમાં જ સમેટાઈ ગઈ હતી.

શુભમન ગિલની આગેવાની હેઠળની ટીમ ઈન્ડિયાએ બે મેચની ટેસ્ટ શ્રેણીની પહેલી મેચમાં વેસ્ટ ઈન્ડીઝને એક ઈનિંગ્સ અને ૧૪૦ રનથી હરાવ્યું. આ જીત સાથે ટીમ ઈન્ડિયાએ ૧-૦ની લીડ મેળવી. અમદાવાદના નરેન્દ્ર મોદી સ્ટેડિયમ ખાતે ટોસ જીતીને પ્રથમ બેટિંગ કરવાનો નિર્ણય લેનાર વેસ્ટ ઈન્ડીઝ બે સેશનમાં ફક્ત ૧૬૨ રનમાં ઓલઆઉટ થઈ ગયું. મોહમ્મદ સિરાજે ચાર વિકેટ અને જસપ્રીત બુમરાહે ત્રણ વિકેટ લીધી.

બેટિંગ કરવા આવતા ટીમ ઈન્ડિયાએ પાંચ વિકેટ ગુમાવીને ૪૪૮ રન બનાવીને પોતાનો દાવ ડિક્લેર કર્યો, જેનાથી ૨૮૬ રનની લીડ મળી. ભારત માટે કેએલ રાહુલ, ધ્રુવ જુરેલ અને રવિન્દ્ર જાડેજાએ સદી ફટકારી. જાડેજા અંત સુધી અણનમ રહ્યો, જ્યારે




કેપ્ટન શુભમન ગિલે અડધી સદી ફટકારી. ત્રીજા દિવસની રમત શરૂ થાય તે પહેલાં ભારતે પોતાની ઈનિંગ્સ ડિક્લેર કરી, જેનાથી સ્પષ્ટ થયું કે તેમનો મેચ ચોથા દિવસ સુધી લંબાવવાનો કોઈ ઈરાદો નહોતો. બોલરોએ આ વાત સાબિત કરી. ભારતે ફરી એકવાર વેસ્ટ ઈન્ડીઝને બે સેશનમાં ૧૪૬ રનમાં ઓલઆઉટ કરીને મેચ એક ઈનિંગ્સ અને ૧૪૦ રનથી જીતી લીધી.

જાડેજાએ ચાર વિકેટ લીધી જ્યારે સિરાજે ત્રણ વિકેટ લીધી. ભારતના સ્ટાર ઓલરાઉન્ડર રવિન્દ્ર જાડેજાએ વેસ્ટ ઈન્ડિઝ સામે પોતાની છઠ્ઠી ટેસ્ટ સદી ફટકારી, ૧૭૬ બોલમાં ૧૦૪ રન બનાવ્યા. રવિન્દ્ર જાડેજાએ ૫૯.૦૯ના સ્ટ્રાઈક રેટથી બેટિંગ કરી, જેમાં છ ચોગ્ગા અને પાંચ છગ્ગા ફટકાર્યા. આ સાથે જ જાડેજાએ એક અનોખી સિદ્ધિ નોંધાવી છે, જે ભારતના ૯૩ વર્ષના ટેસ્ટ ઈતિહાસમાં ફક્ત બીજી વખત જોવા મળી છે. આ મેચમાં, ભારતીય ટીમે પોતાનો પહેલો દાવ ૫ વિકેટે ૪૪૮ રન પર ડિકલેર કર્યો હતો. ભારતે પોતાના ૫ હેલા દાવના આધારે ૨૮૬ રનની લીડ મેળવી હતી, જ્યારે વેસ્ટ ઈન્ડિઝ ૧૬૨ રનમાં ઓલઆઉટ થઈ ગયું હતું. શ્રેણીનો બીજો અને અંતિમ ટેસ્ટ મેચ ૧૦ ઓક્ટોબરથી દિલ્હીના અરુણ જેટલી સ્ટેડિયમ ખાતે રમાશે.વેસ્ટ ઈન્ડીઝના બેટ્સમેનોએ બીજા દાવમાં પણ ખરાબ પ્રદર્શન કર્યું. મુલાકાતી ટીમે ૫૦ રનની અંદર ૫ ંચ વિકેટ ગુમાવી દીધી. રવિન્દ્ર જાડેજાએ જોન કેમ્પબેલ (૧૪ રન), બ્રાન્ડન કિંગ (૫ રન) અને શાઈ હોપ (૧ રન) ને આઉટ કર્યા. મોહમ્મદ સિરાજે તેજનારાયણ ચંદ્રપોલ (૮ રન) ને આઉટ કર્યા. ચાઈનામેન કુલદીપ યાદવે કેપ્ટન રોસ્ટન ચેઝને સસ્તામાં આઉટ કર્યો. ૫ ંચ વિકેટના નુકસાન પછી, એલિક એથાનાસે (૩૮ રન) અને જસ્ટિન ગ્રીવ્સ (૨૫ રન) એ ૪૬ રનની ભાગીદારી કરી. આ ભાગીદારી તૂટ્યા પછી, ભારતનો વિજય માત્ર ઔપચારિકતા બની ગયો. રવિન્દ્ર જાડેજાએ બીજા દાવમાં ચાર વિકેટ લીધી, જ્યારે મોહમ્મદ સિરાજે ત્રણ વિકેટ લીધી. કુલદીપ યાદવે બે અને વોશિંગ્ટન સુંદરે એક વિકેટ લીધી.



## RSSની પ્રશંસા કરતા સંજય દત્ત પર ભડક્યાં કોંગ્રેસ નેતા

। મુંબઈ, તા.૪ ।

રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘ (RSS)ની આગામી ૧૦૦મી વર્ષગાંઠ નિમિત્તે બોલિવૂડ અભિનેતા સંજય દત્ત દ્વારા શેર કરવામાં આવેલા એક વીડિયોએ ભારતીય રાજકારણ અને સોશિયલ મીડિયા પર ભારે ચર્ચા જગાવી છે. આ વીડિયોમાં સંજય દત્તે RSSના કાર્યોની પ્રશંસા કરી છે અને સંગઠનની શતાબ્દીની શુભેચ્છાઓ પાઠવી છે, જેના પગલે કોંગ્રેસે નારાજગી વ્યક્ત કરી અને અભિનેતાની આકરી ટીકા કરી છે. બોલિવૂડ અભિનેતા સંજય દત્તે બીજી ઓક્ટોબરના રોજ પોતાના સોશિયલ મીડિયા પ્લેટફોર્મ X પર આ વીડિયો પોસ્ટ કર્યો હતો. આ વીડિયોમાં તેમણે ભાર પૂર્વક કહ્યું હતું કે, આરએસએસ હંમેશા દેશની સાથે ઊભું રહ્યું છે, ખાસ કરીને સંકટ અને મુશ્કેલીઓના સમયમાં.



## બુલડોઝર નહીં પણ કાયદાનું શાસન ચાલે છે ભારતમાં

। મોરેશિયસ, તા.૪ ।

ભારતના મુખ્ય ન્યાયાધીશ (CJI) બી. આર. ગવઈએ મોરેશિયસમાં એક કાર્યક્રમને સંબોધતા ભારતીય ન્યાયિક પ્રણાલીના મૂળભૂત સિદ્ધાંત પર ભાર મૂક્યો હતો. તેમણે કહ્યું કે, ભારતીય ન્યાયિક પ્રણાલી બુલડોઝરના શાસન દ્વારા નહીં, પરંતુ કાયદાના શાસન દ્વારા સંચાલિત થાય છે. તેમણે તાજેતરના એક ચુકાદાનો ઉલ્લેખ કરીને બુલડોઝર ન્યાયની સખત નિંદા કરી હતી. કાયદાના શાસનના સિદ્ધાંત અને તેના વ્યાપક અર્થઘટન પર પ્રકાશ પાડતા CJI ગવઈએ કહ્યું, આ ચુકાદો સ્પષ્ટ સંદેશ આપે છે કે ભારતીય ન્યાયિક વ્યવસ્થા બુલડોઝરના શાસન દ્વારા નહીં, પરંતુ કાયદાના શાસન દ્વારા સંચાલિત થાય છે." CJI બી. આર. ગવઈ જે હાલમાં મોરેશિયસની ત્રણ દિવસની મુલાકાતે છે, તેમણે પોતાના બુલડોઝર જસ્ટિસ કેસના ચુકાદાને ટાંક્યો હતો.

### રોહિત પાસેથી છીનવાઈ વન-ડેની કેપ્ટનશીપ

## ઓસ્ટ્રેલિયાના પ્રવાસ માટે ભારતીય ટીમની જાહેરાત

**વન-ડેમાં પણ શુભમન ગિલને કેપ્ટનશીપ સોંપવામાં આવી : વિરાટ કોહલી અને રોહિત શર્માની વાપસી**

। (એજન્સી) નવી દિલ્હી, તા.૪ ।

ભારતીય ટીમ ઓક્ટોબર-નવેમ્બરમાં ઓસ્ટ્રેલિયા સામે ત્રણ ODI અને પાંચ T20 આંતરરાષ્ટ્રીય મેચ રમશે. ભારતીય ટીમની જાહેરાત શનિવાર, ૪ ઓક્ટોબરના રોજ કરવામાં આવી હતી. ટેસ્ટ પછી શુભમન ગિલને ODI ટીમનો કેપ્ટન બનાવવામાં આવ્યો છે. પસંદગીકારોએ ટીમ પસંદગી અંગે ચર્ચા કરવા માટે અમદાવાદમાં બેઠક કરી હતી. શુભમન ગિલને ODI કેપ્ટન તરીકે રોહિત શર્માનું સ્થાન આપવામાં આવ્યું છે. ODI શ્રેણી માટે પસંદગીકારોએ શ્રેયસ ઐયરને વાઈસ કેપ્ટન તરીકે નિયુક્ત કર્યો છે. રોહિત શર્મા અને વિરાટ કોહલીને ODI ટીમમાં સામેલ કરવામાં આવ્યા છે, બંનેને બેટ્સમેન તરીકે પ સંદ કરવામાં આવ્યા છે. સૂર્યકુમાર યાદવ ૨૦ ટીમનો કેપ્ટન રહેશે. ભારતની ODI ટીમ:




શુભમન ગિલ (કેપ્ટન), રોહિત શર્મા, વિરાટ કોહલી, શ્રેયસ ઐયર (વાઈસ-કેપ્ટન), અક્ષર પટેલ, કેએલ રાહુલ (વિકેટકીપર), નીતિશ કુમાર રેડ્ડી, વોશિંગ્ટન સુંદર, કુલદીપ યાદવ, હર્ષિત રાણા, મોહમ્મદ સિરાજ, અર્શદીપ સિંહ, પ્રસિદ્ધ કૃષ્ણા, ધ્રુવ જુરેલ (વિકેટકીપર), અને યશસ્વી જયસ્વાલ. ભારતની T20 ટીમઃ સૂર્યકુમાર યાદવ (કેપ્ટન), અભિષેક શર્મા, શુભમન ગિલ (વાઈસ-કેપ્ટન), તિલક વર્મા, નીતિશ કુમાર રેડ્ડી, શિવમ દુબે, અક્ષર પ ટેલ, જિતેશ શર્મા (વિકેટકીપર), વરુણ ચક્રવર્તી, જસપ્રિત બુમરાહ, અર્શદીપ સિંહ, કુલદીપ યાદવ, હર્ષિત રાણા, સંજુ સેમસન (વિકેટકીપર), રિંકુ સિંહ, વોશિંગ્ટન સુંદર. ટીમ ઈન્ડિયાના સ્ટાર બોલર જસપ્રીત બુમરાહને ODI શ્રેણીમાં આરામ આપવામાં આવશે. બુમરાહ તાજેતરમાં એશિયા કપમાં રમ્યો હતો અને તે પહેલાં તે ઈંગ્લેન્ડ સામેની ટેસ્ટ શ્રેણીમાં પણ રમ્યો હતો. જોકે, તે T20 શ્રેણી માટે વાપસી કરશે. બુમરાહના સ્થાને કૃષ્ણા અને અર્શદીપ સિંહને ODI ટીમમાં સ્થાન આપવામાં આવ્યું છે. વિરાટ કોહલી અને રોહિત શર્માએ T20 આંતરરાષ્ટ્રીય અને ટેસ્ટ ક્રિકેટમાંથી નિવૃત્તિ લઈ લીધી છે. પરિણામે, બંને ભારત માટે ફક્ત એક જ ફોર્મેટમાં રમશે. રોહિત અને કોહલી છેલ્લે ICC ચેમ્પિયન્સ ટ્રોફીમાં ભારત માટે રમતા જોવા મળ્યા હતા.

### PM મોદીએ ટ્રમ્પના કર્યા વખાણ

## ટ્રમ્પના પીસ પ્લાનના કેટલાક ભાગોનો સ્વીકાર કરી લીધો

। (એજન્સી) નવી દિલ્હી, તા.૪ ।

ગાઝામાં લાંબા સમયથી ચાલી રહેલા તણાવ વચ્ચે એક મોટા સમાચાર સામે આવ્યા છે. હમાસે અમેરિકી રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પના પીસ પ્લાનના કેટલાક ભાગોનો સ્વીકાર કરી લીધો છે. જેમાં બંધકોના છૂટકારાનો પણ સંકેત સામેલ છે. જેના પર પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ શનિવારે ટ્રમ્પના પ્રયત્નોને બિરદાવ્યા અને ભરોસો વ્યક્ત કર્યો કે ભારત હંમેશા આ વિસ્તારમાં સ્થાયી અને ન્યાયસંગત શાંતિના પ્રયત્નોનું સમર્થન કરતું રહેશે. હમાસે ટ્રમ્પની ૨૦ પોઈન્ટવાળી શાંતિ યોજનાના કેટલાક ભાગોનો સ્વીકાર કર્યો છે. જેમાં યુદ્ધ સમાપ્ત કરવું, ઈઝરાયેલની સેનાનું પાછળ હટવું, ઈઝરાયેલી બંધકો અને પેલેસ્ટાઈનના કેદીઓનો છૂટકારો, સહાય અને પુર્નવસનના પ્રયત્નો સામેલ છે. આ સાથે જ હમાસે પેલેસ્ટાઈનના વિસ્તારમાંથી જબરદસ્તીથી કાઢી મૂકવા વિરુદ્ધ પણ પોતાની સહમતિ જતાવી. નોંધનીય છે કે ટ્રમ્પની ધમકીના ગણતરીના કલાકોમાં આ પગલું જોવા મળ્યું.



જેમાં કહેવાયું હતું કે જો યોજનાને રવિવાર સાંજ સુધીમાં સ્વીકારવામાં નહીં આવે તો બધુ ખતરનાક થઈ જશે. પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ આ પ્રગતિને મહત્વપૂર્ણ ગણાવી. તેમણે કહ્યું કે ટ્રમ્પના નેતૃત્વમાં ગાઝામાં શાંતિ પ્રયત્નો નિર્ણાયક રીતે આગળ વધી રહ્યા છે. મોદીએ બંધકોના છૂટકારાની સંભાવનાને એક મોટું પગલું ગણાવ્યું અને ભરોસો વ્યક્ત કર્યો કે ભારત હંમેશા આ પ્રકારના પ્રયત્નોનું સમર્થન કરતું રહેશે. તેમણે સોશિયલ મીડિયા પ્લેટફોર્મ એક્સ પર પોસ્ટ શેર કરતા લખ્યું કે ભારત સ્થાયી અને ન્યાયસંગત શાંતિની દિશામાં તમામ પહેલનું સશક્ત સમર્થન ચાલુ રાખશે.

### ૩૮૧ ડ્રોન, ૩૫ મિસાઈલ વડે પ્રચંડ હુમલો કરાયાનો યુક્રેન એરફોર્સનો દાવો

## રશિયાએ યુક્રેનના ગેસ મથકોને નિશાન બનાવીને ભીષણ હુમલો કર્યો

। (એજન્સી) કિવ, તા.૪ ।

રશિયા અને યુક્રેન વચ્ચેનું યુદ્ધ વધુ વિકરાળ બની રહ્યું છે. રશિયાએ ગુરુવારે રાત્રે યુક્રેનના કુદરતી ગેસ મથકોને નિશાન બનાવીને અત્યાર સુધીનો સૌથી ભીષણ હુમલો કર્યો હતો. રશિયાના હુમલામાં આઠ વર્ષના બાળક સહિત બે મહિલાઓને ઈજા થઈ હતી. યુક્રેન સરકારની માલિકીના નાફટોગેઝ ગ્રુપ દ્વારા સંચાલિત ગેસ મથકો પર હુમલો કરવામાં આવ્યો હતો. છેલ્લા ત્રણ વર્ષથી રશિયા અને યુક્રેન વચ્ચે યુદ્ધ જામ્યું છે. શિયાળાની શરૂઆત પૂર્વે યુક્રેનની પ ાવર ગ્રીડને નષ્ટ કરવાના ઈરાદા સાથે હુમલો કરાયો હોવાનું અધિકારીએ જણાવ્યું હતું.રશિયે ૩૮૧ ડ્રોન અને ૩૫ મિસાઈલ વડે પ્રચંડ હુમલો કર્યો હોવાનો યુક્રેન એરફોર્સે દાવો કર્યો હતો. નાફટોગેઝના મુખ્ય અધિકારી સેરહાઈ કોરેત્સ્કાયે જણાવ્યું કે, આ ઈરાદા



પૂર્વકનો હુમલો છે. આ હુમલા પાછળ કોઈ લશ્કરી હેતુ નથી. રશિયાએ શિયાળાની ઠંડીમાં યુક્રેનના નાગરિકોને ગરમીથી વંચિત રાખવા દ્વેષપૂર્ણ રીતે આ કૃત્ય આચર્યુ છે. કોરેત્સ્કાયના મતે રશિયાએ ૩૫ જેટલી મિસાઈલો યુક્રેન પર છોડી હતી જે પૈકી મોટાભાગની બેલાસ્ટિક હતી. તદઉપરાંત પૂર્વોત્તર ખારકિવ અને મધ્ય પોલ્ટાવામાં આવેલા નાફટોગેઝના એકમો પર ૬૦ ડ્રોન વડે હુમલા કરાયા હતા.

### કારથી લઈને AC ફ્રિજ બધામાં ધૂમ વેચાણ

## જીએસટી રિફોર્મથી બજારમાં નવરાત્રીએ જ દિવાળી આવી ગઈ

। (એજન્સી) નવી દિલ્હી, તા.૪ ।

જીએસટી રિફોર્મની અસરો તહેવારની ખરીદીમાં પણ સ્પષ્ટ જોવા મળી રહી છે. ગ્રાહકો વિવિધ વસ્તુઓની કિંમતોમાં થયેલા ઘટાડાનો સંપૂર્ણ લાભ લેતા હોય તેવું લાગી રહ્યું છે. ભારતના કન્ઝ્યુમર ઈકોનોમીમાં આ વર્ષે નવરાત્રી દરમિયાન છેલ્લા ૧૦ વર્ષમાં સૌથી વધુ વેચાણ નોંધાયું છે. મનીકંટ્રોલના જણાવ્યા અનુસાર, સરકારી સૂત્રોએ મોદી સરકારના નેક્સ્ટજેન જીએસટી રિફોર્મે ટેક્સ દર ઘટાડવા અને માલસામાનને વધુ સુલભ બનાવ્યા હતા, જેના કારણે માંગ અને ખર્ચમાં નોંધપાત્ર વધારો થયો હતો. GST સ્લેબમાં ફેરફારથી આવશ્યક અને લક્ઝરી




પ્રોડક્ટ્સ બંને પર ટેક્સનો બોજ ઓછો થયો, જેના કારણે કાર, હોમ એપ્લાયન્સિસ અને લાઈફસ્ટાઈલ ગુડ્સમાં વ્યાપક અપગ્રેડ થયા. આ નવરાત્રીમાં ઓટોમોબાઈલ સેક્ટર સૌથી મોટું વિનર રહ્યું છે. મારુતિ સુઝુકીએ છેલ્લા ૧૦ વર્ષમાં તેનું બેસ્ટ પર્ફોમન્સ આપ્યું. કંપનીનું બુકિંગ બમણું થયું અને તેણે આ નવરાત્રીમાં ૧.૬૫ લાખ વાહનો ડિલીવર કર્યા. પહેલા દિવસે ૩૦,૦૦૦ વાહનોની ડિલીવરી સાથે તે ૩૫ વર્ષનો રેકોર્ડ રહ્યો. મહિન્દ્રા એન્ડ મહિન્દ્રાએ ૬૦ ટકાનો શાનદાર ગ્રોથ નોંધાવ્યો. હ્યુન્ડાઈના SUV મોડેલ જેમ કે ક્રેટા અને વેન્યુની મજબૂત માંગ જોવા મળી, જે કુલ વેચાણના ૭૨ ટકા હિસ્સો ધરાવે છે. હીરો મોટોકોર્પના શોરૂમ્સમાં ફૂટફોલ્સ ડબલ થયું. તો ટાટા મોટર્સે Altroz, Punch, Nexon, Tiagoની મજબૂત ડિમાન્ડના કારણે ૫૦૦૦૦થી વધુ ગાડીઓ વેચી. બજાજ ઓટોએ પણ મજબૂત ફેસ્ટિવ સેલ્સનો રિપોર્ટ આપ્યો.

### પાંચ એજન્સીઓ નહીં કરે પૂછપરછની લેખિત ખાતરી

## ભાગેડુ નીરવ મોદીને પરત લાવવા સરકારના પ્રયાસો

। (એજન્સી) નવી દિલ્હી, તા. ૪ ।

ભારત સરકાર ભાગેડુ નીરવ મોદીને ભારત લાવવા માટે તમામ પ્રયાસો કરી રહી છે. હવે, ભારત સરકારે બ્રિટનને ખાતરી આપી છે કે જો તેને હવાલો સોંપ વો આવશે, તો તેની સામે ફક્ત કોર્ટમાં જ કેસ ચલાવવામાં આવશે. કોઈ એજન્સી તેની પૂછપરછ કરશે નહીં, કે તેને ફરીથી અટકાયતમાં લેવામાં આવશે નહીં. સરકારે આ અંગે બ્રિટનને પત્ર લખ્યો છે.

ભાગેડુ નીરવ મોદી પર હજારો કરોડ રૂપિયાના કૌભાંડનો આરોપ છે. ભારત સરકારે તેના કેસ અંગે બ્રિટનને સ્પષ્ટ સંદેશ આપ્યો છે. ભારતે લંડન સરકાર અને કોર્ટને ખાતરી આપી છે કે પાંચ મુખ્ય ભારતીય એજન્સીઓ – CBI, ED, SFIO,



કસ્ટમ્સ અને આવકવેરા વિભાગ – તેમની પૂછપરછ કરશે નહીં. આ અંગે ખાતરી પત્ર અથવા લેખિત ગેરંટી જારી કરવામાં આવી છે. તેમાં જણાવાયું છે કે નીરવ મોદી સામે પહેલાથી જ નોંધાયેલા કેસ જ ચલાવવામાં આવશે. આમાં છેતરપિંડી અને મની લોન્ડરિંગનો સમાવેશ થાય છે. નીરવ મોદીએ લંડનની વેસ્ટમિન્સ્ટર કોર્ટમાં અપીલ કરી હતી.

### હવે કલાકોમાં જ થઈ જશે ક્લિયર

## આજથી બદલાઈ ગયો ચેક જમા કરવાનો નિયમ

। (એજન્સી) નવી દિલ્હી, તા.૪ ।

ભારતમાં ચેકમાં અગાઉ માઈકર સીસ્ટમ અને બાદ ચેક એક દિવસમાં પાસ થાય તેવી ચેક ટ્રંકેશન સીસ્ટમ (CTS) અમલમાં આવ્યા બાદ હવે સેઈમ ડે ક્લીયરીંગથી આગળ વધીને કન્ટીન્યુઅસ ક્લીયરીંગની પ્રથા આજ તા. ૪ ઓક્ટોબર ૨૦૨૫થી બેક્રોમાં શરૂ થઈ છે, જેમાં કલાકોમાં જ ચેકને પાસ કરી ધારકના ખાતામાં રકમ જમા થશે કે ચેક રિજેક્ટ કરવાપાત્ર જણાય તો રિજેક્ટ કરી દેવાશે. રાજકોટના બેન્કિંગ સૂત્રોએ જણાવ્યું કે ક્લીયરીંગ એક સમયે થતું તેના બદલે હવે સતત થશે અને આ માટે ખાતાધારક ચેક આપે તે સમયે તેની બેલેન્સ ચેક કરીને જ ચેક આપવો સલાહભર્યું છે. કારણ કે ચેક પાસ ઝડપથી થશે તેમ રિજેક્ટ પણ થઈ શકે છે. નવી સિસ્ટમ મુજબ રાજ્યની દરેક બેક્રોમાં ચેક ખાતામાં સવારે ૧૦થી સાંજે ૪ વાગ્યા સુધીમાં જમા કરાવવાનો રહેશે અને તે ચેક સ્કેન કરીને તુરંત જ ક્લીયરીંગ માટે તત્કાલ મોકલી દેવાશે.

### સરમુખત્યાર કિમ જોંગનું ફરમાન

## ઉત્તર કોરિયામાં મહિલાઓ બ્રેસ્ટ ઈમ્પ્લાન્ટ નહીં કરાવી શકે

। (એજન્સી) ઉત્તર કોરિયા, તા.૪ ।

ઉત્તર કોરિયામાં હવે બ્રેસ્ટ ઈમ્પ્લાન્ટ સર્જરી પર પ્રતિબંધ લગાવવામાં આવ્યો છે. આ દેશ પહેલેથી જ રોજિંદા બાબતો પર કડક નિયમો માટે જાણીતો છે, જેમ કે, પશ્ચિમી કપડાં પહેરવા અને હેરસ્ટાઈલ રાખવી વગેરે. પરંતુ હવે આ દેશે બ્રેસ્ટ ઈમ્પ્લાન્ટ અને પ્લાસ્ટિક સર્જરી પર સખત કાર્યવાહી શરૂ કરી છે. અહીં એક ડૉક્ટર અને બે મહિલાઓ પર કથિત રીતે બ્રેસ્ટ સર્જરી કરવાના આરોપમાં કેસ ચલાવવામાં આવી રહ્યો છે. એક રિપોર્ટ પ્રમાણે કિમ જોંગ ઉનની સરકાર હવે આવા કેસોની દેખરેખ રાખવા માટે ગુપ્ત એજન્સીઓનો ઉપયોગ કરી રહી છે, જેથી આ પ્રક્રિયાઓમાંથી પસાર



થયેલી મહિલાઓને ઓળખવામાં આવે અને કાર્યવાહી કરી શકાય. જો કોઈ મહિલા તેના શરીરમાં કોઈપણ પ્રકારનો ફેરફાર કરાવશે, તો નેતાઓએ તેની જાણ પોલીસને કરવી પડશે. ઉત્તર કોરિયામાં બ્રેસ્ટ ઈમ્પ્લાન્ટને બિન-સમાજવાદી કાર્ય માનવામાં આવે છે અને કાયદાકીય રીતે તેના પર પ્રતિબંધ છે. હાલમાં જ ગુપ્ત રીતે આ સર્જરી કરનારા એક ડૉક્ટર પર જાહેર ટ્રાયલ ચલાવવામાં આવી હતી.

## વસ્ત્રાલમાં મોબાઈલ ગેમ રમતા પતિને ટોકતા પત્નીને માર માર્યો

। (એજન્સી) અમદાવાદ, તા.૪ ।

રામોલમાં પાંચ મહિના અગાઉ પ્રેમલગ્ન કરીને નવા જીવનની શરૂઆત કરનાર પરિણીત યુવતીને તેના પતિના સ્વભાવનો કડવો અનુભવ થયો છે. પુસ્તક વાંચતી પત્નીને ખલેલ પહોંચતા પતિને બીજા રૂમમાં જઈને મોબાઈલમાં ગેમ રમવાનું જણાવ્યું અને ગુસ્સે ભરાયેલા પતિએ પત્નીને ગડદાપાટુનો ઢોર માર માર્યો અને પેટમાં લાતો મારીને ગંભીર રીતે ઈજાગ્રસ્ત કરી દીધી હતી. આ અંગે ઈજાગ્રસ્ત પત્નીએ પતિ વિરુદ્ધ પોલીસ ફરિયાદ નોંધાવી છે.વસ્ત્રાલના મહાદેવનગર નજીક રહેતી નીતાબેન પટેલ (નામ બદલ્યું છે) પાંચેક મહિના અગાઉ કિશન પટેલ નામના યુવક જોડે પ્રેમ લગ્ન કર્યા હતા. લગ્નના એકાદ મહિના સુધી દંપતી વચ્ચેના સંબંધો સારા હતા. પરંતુ બાદમાં પતિ નોકરીએ જતા પત્ની કોઈ કામ અર્થે ઘરની બહાર નીકળી હોય અથવા પાડોશમાં કોઈને સાથે હસીને વાતચીત કરતી હોય તો પતિ તેની સાથે મારઝૂડ કરતો અને ઘરની બહાર નહીં નીકળવાનું કહીને બળજબરી કરતો હતો. આ દરમિયાન ૧૮ સપ્ટેમ્બરની રાતે પત્ની પુસ્તક વાંચતી હતી, અને તેનો પતિ મોબાઈલમાં ગેમ રમતો હતો. જેથી અવાજ વધુ આવતા પત્નીએ ગેમ રમવી હોય તો બહારના રૂમમાં જઈને રમો, મારે અહીંયા વાંચવામાં ખલેલ પડે છે તેવું કહેતા પતિ કિશન પટેલ ગુસ્સે ભરાયો અને તેની પત્નીને ગડદા પાટુનો માર મારી પેટના ભાગે જોર જોરથી લાતો મારવા લાગ્યો હતો. આ સમયે પતિએ હાથમાં પહેરેલું લોખંડનું કડું પત્નીને નાકના ભાગે વાગી જતા લોહી નીકળવા લાગ્યું હતું. તેમ છતાં પતિ તેની પત્નીને સારવાર માટે નહીં લઈ જતા પત્નીએ પાડોશીને ફોન કરીને મદદ માગી અને સારવાર માટે હોસ્પિટલ પહોંચી હતી. હોસ્પિટલમાં સારવાર લીધા બાદ પરિણીતા તેના પિતાના ઘરે જતી રહી અને ત્યાં પરિવારને જાણ કરીને પતિ કિશન હિમંતભાઈ પટેલ વિરુદ્ધ રામોલ પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવતા પોલીસે તપાસ શરૂ કરી છે.

### બે વર્ષથી પૈસા પરત આપવા ગલ્લાં તલ્લાં કરતો હતો

# પત્ની ઓફિસર હોવાનું કહીને ટેન્ડર અપાવવાના બહાને ૨૭.૦૭ લાખ પડાવ્યા

### નરોડા પોલીસ સ્ટેશનમાં યુવક, તેની પત્ની અને દીકરી સામે ઠગાઇની ફરિયાદ નોંધાવતા પોલીસે વધુ તપાસ હાથ ધરી

। (એજન્સી) અમદાવાદ, તા.૪ ।

પત્ની ઓફિસર હોવાનું કહી ટેન્ડર અપાવવાના બહાને ૨૭.૦૭ લાખ પડાવી લીધા હતા. બે વર્ષ સુધી યુવક આ પૈસા આપવા માટે ગલ્લાં તલ્લાં કરતો હતો. જેથી કંટાળી યુવતીએ યુવક, તેની પત્ની અને દીકરી સામે ૨૭.૦૭ લાખની ઠગાઈની ફરિયાદ નોંધાવતા નરોડા પોલીસે તપાસ આદરી છે. નરોડા વિસ્તારમાં ૩૪ વર્ષિય સર્વાતીત મુકેશભાઇ પટેલ પરિવાર સાથે રહે છે અને ફરીદાબાદમાં આવેલ ખાનગી કંપનીમાં ગુજરાતના સેલ્સમેન તરીકે ફરજ બજાવે છે. બે વર્ષ અગાઉ સર્વાતીતના મિત્ર અરવિંદભાઇ ચાવડાએ જયેશભાઇ શુક્લાને સર્વાતીતનો નંબર આપ્યો હતો. ત્યારબાદ ૨૫ જુલાઇ ૨૦૨૩ના રોજ જયેશ શુક્લાએ ટેક્સ મેસેજ કર્યો હતો અને પોતે ૫ તેએડ એવીક પ્રાઈવેટ લી. કંપનીમાં છે તેવું જણાવ્યું હતું. જેથી સર્વાતીતે જયેશને ફોન કર્યો હતો અને વાતચીત કરતા તે પોતે કંપનીમાંથી બોલતો હોવાનું અને સરકારી ટેન્ડર ભરી કચેરીમાં મોકલી તેને લગતો માલ સામાન સપ્લાય કરતો હોવાનું જણાવી મળવા કહ્યું હતું. જેથી સર્વાતીતે જયેશ શુક્લાને ઘરે મળવા બોલાવ્યો હતો ત્યારે તેણે સરકારી ટેન્ડર્સનું મોટા પાયે કામ કરતો હોવાનું અને ભાગીદારી કરવા કહ્યું હતું. તેણે એમ પણ જણાવ્યું હતું કે, મારી પત્ની ગવર્મેન્ટમાં ઓફિસર છે જેથી ટેન્ડર આપણને જ મળી જશે. જેથી સર્વાતીતે કામ કરવાની હા પાડતા ડિપોઝીટ પેટે પૈસા માગ્યા હતા. તે પૈસા તેને ચૂકવી આપવામાં આવ્યા હતા. આમ ટેન્ડરની જુદી જુદી પ્રક્રિયા માટે ટુકડે ટુકડે બેંક એકાઉન્ટ મારફતે ૨૭.૩૪ લાખ રૂપિયા મેળવી લીધા હતા. ત્યારબાદ જયેશે અનુષ્કા શુક્લા અને શીલ્પા શુક્લાના નામના જીએસટી નંબર બતાવ્યા હતા. આ વાતને ઘણો સમય થયો છતાં કોઈ અપડેટ આવી ન હતી. જેથી સર્વાતીત તેને વારંવાર ફોન કરતી ત્યારે તે ગલ્લાં તલ્લાં કરતો હતો. તેણે એક વખત ૨૬,૫૦૦ પરત ચૂકવી આપ્યા હતા. પરંતુ બાકીના ૨૭.૦૭ લાખ રૂપિયા ચૂકવી આપશે તેમ કહ્યું હતું. આ વાતને બે વર્ષથી વધુ સમય થઈ ગયા છતાં પૈસા ન આપતા સર્વાતીતે જયેશ શુક્લા, શિલ્પા જયેશ શુક્લા અને અનુષ્કા જયેશ શુક્લા સામે ઠગાઈની ફરિયાદ નોંધાવતા નરોડા પોલીસે તપાસ આદરી છે.

### ફિલ્મોમાં રોલની લાલચ આપી સગીરાને શિકાર બનાવી હતી

# રાજકોટમાં તરુણી પર રેપ કેસમાં ફિલ્મ અભિનેતા જયેશ ઠાકોરની ધરપકડ

### અભિનેતા, ડાયરેક્ટર જયેશ ઠાકોર અગાઉ વાહન ચોરી અને જમીન પચાવી પાડવાના કેસોમાં પણ સંડોવાયેલો હતો

। (એજન્સી) રાજકોટ, તા.૪ ।

રાજકોટમાં રહેતા ફિલ્મ અભિનેતા, ડાયરેક્ટર અને કોળી ઠાકોર સમાજના પ્રમુખ જયેશ હંસરાજ ઠાકોરે (ઉં.વ. આશરે ૪૦) એક ૧૫ વર્ષની તરુણી પર અવારનવાર દુષ્કર્મ આચરતા યુનિવર્સિટી પોલીસે દુષ્કર્મ, પોક્સો સહિતની કલમ હેઠળ ગુનો નોંધી આરોપીની ધરપકડ કરી છે. ફિલ્મમાં હીરોઇનનો રોલ અપાવવાનું કહી સાધૂ વાસવાણી રોડ પરની ઓફિસ અને રેલનગરમાં આવેલા ફ્લેટમાં સગીરાને બોલાવી તેની સાથે બળજબરીપૂર્વક શરીર સંબંધ બાંધ્યો હતો.પીડિતાએ પોલીસ ફરિયાદમાં જણાવ્યું હતું કે, આશરે બે વર્ષ પહેલાં ઈન્સ્ટાગ્રામ પર ગુજરાતી ફિલ્મમાં કલાકાર બનવા માટેની ઓડિશનની જાહેરાત જોઈ તે તેની માતા સાથે જયેશ ઠાકોરની ઓફિસે ઓડિશન આપવા ગઈ હતી. ત્યારથી તેમની ઓળખાણ થઈ હતી. અભિનેતાએ રોલ આપવાની લાલચ આપી પ્રેક્ટિસના બહાને બોલાવવાનું શરૂ કર્યું હતું. પ્રેક્ટિસ માટે જતી વખતે આરોપીએ મૂવીમાં કામ કરવા માટે શરીર સ્પર્શના દ્રશ્યો આપવા પડશે તેમ કહી તેની સાથે દુષ્કર્મ શરૂ કર્યું હતું. ફરિયાદ મુજબ, જયેશ ઠાકોર ખાણીપીણીની વસ્તુઓ ખવડાવતો અને તરત જ તે અર્ધબેભાન થઈ જતી, જેનો લાભ લઈને તે હવસ સંતોષતો હતો. તે સગીરાને ધમકી આપતો કે જો કોઈને વાત કરીશ તો મૂવીમાં રોલ નહીં મળે. અભિનેતાએ દોઢેક વર્ષના સમયગાળા દરમિયાન તેની ઓફિસ અને ફ્લેટમાં અવારનવાર ઘેની પીણું પીવડાવી બળજબરીથી શરીર સંબંધ બાંધ્યો હતો. અગાઉ સગીરા ઘરેથી ગુમ થઈ ત્યારે તેની માતાએ જેને ભાઈ માન્યો હતો તે જયેશ ઠાકોર પાસે મદદ માટે પહોંચી હતી અને આરોપી યુનિવર્સિટી પોલીસ મથકે રોફ જમાવતો હતો. જોકે, પોલીસે સગીરાને શોધી કાઢી અને તેની હિંમતથી જયેશ ઠાકોર સામે ગુનો નોંધાયો હતો. જયેશ ઠાકોર અગાઉ વાહન ચોરી અને જમીન પચાવી પાડવાના કેસોમાં પણ સંડોવાયેલો હતો. આરોપી જયેશ ઠાકોરની ગણતરીની કલાકોમાં ધરપકડ કરીને જેલ હવાલે કરવામાં આવ્યો છે.

### આણંદ બાળકી હત્યા કેસમાં નવો વળાંક

## બાળકી સાથે દુષ્કર્મ આચર્યા બાદ તેની હત્યા કરી નાખી

। (એજન્સી) અમરેલી, તા.૪ ।

આણંદના આંકલાવમાંથી શનિવારે (૩૧ ઓગસ્ટ) તાંત્રિક વિધિ માટે પાંચ વર્ષની બાળકીનું અપહરણ બાદ હત્યા નિપજાવી હોવાની ચોંકાવનારી ઘટના સામે આવી હતી. જોકે, હવે આ મામલે નવો વળાંક સામે આવ્યો છે. જેમાં આરોપીએ ખુદ સ્વીકાર્યું છે કે, તેણે બાળકી સાથે દુષ્કર્મ આચર્યા બાદ તેની હત્યા કરી દીધી હતી. નોંધનીય છે કે, આણંદ જિલ્લાના નવાલખ ગામમાં ૫ વર્ષની માસૂમ દીકરીની હત્યાના ગાંભીર મામલે આરોપી અજય પઢિયારે દુષ્કર્મની કબૂલાત કરી છે. તેણે સ્વીકાર્યું કે, દુષ્કર્મ બાદ બાળકીનું દળું દબાવી તેની હત્યા કરી મૃતદેહને મીની નદીમાં ફેંકી દેવામાં આવ્યો હતો. આરોપીની કબૂલાત બાદ આંકલાવ પોલીસે POCSO હેઠળ દુષ્કર્મ અને હત્યાનો ગુનો દાખલ કરી આ મામલે વધુ તપાસ હાથ ધરી છે. મળતી માહિતી મુજબ, આંકલાવ તાલુકાની પાંચ વર્ષની બાળકી શનિવારે (૩૦ ઓગસ્ટ) મંદિરે જવાનું કહીને ઘરેથી નીકળી હતી. જોકે, ઘણા સમય બાદ પણ બાળકી ઘરે ન આવતા પરિવારે મંદિર અને તેની આસપાસના વિસ્તારોમાં શોધખોળ કરી હતી. પરંતુ ક્યાંય મળી ન આવતા પરિવારે અંતે આંકલાવ પોલીસમાં જાણ કરી હતી. સમગ્ર મામલે પોલીસે તપાસ હાથ ધરી હતી. પોલીસની પ્રાથમિક તપાસમાં પહેલા તાંત્રિક વિધિ કરાઈ હોવાનો ઘટસ્ફોટ થયો હતો. જેને લઈને પોલીસને બાળકીના સંબંધી અજય પઢિયાર પર શંકા જતાં તેની પૂછપરછ કરી હતી.

### વડોદરામાં બંધ મકાનમાં માત્ર એક કલાકના ગાળામાં સોનાના ૧૨ તોલા દાગીના લઈને ચોર ફરાર

। (એજન્સી) વડોદરા, તા.૪ ।

વડોદરાના તરસાલી રોડ પર નારાયણ પાર્ક સોસાયટીમાં રહેતા હર્ષલ સંજયભાઈ પંચાલ બોરવેલનું કામ કરે છે. ગઈકાલે રાત્રે એક વાગે તેમના પત્ની સોનાલીબેન સાથે કાર લઈને ગેડા સર્કલ જમવા માટે નીકળ્યા હતા અને ઘરના મેન ગેટનું ઈન્ટરલોક માર્યું હતું. તેમના પિતા ગ્રાઉન્ડ ફ્લોર પર સુઈ ગયા હતા અને માતા અને પુત્રી ઉપરના માળ બેડ રૂમમાં સુઈ ગયા હતા રાત્રે બે વાગ્યે તેઓ ઘરે પરત આવ્યા ત્યારે મકાનનો ગેટ ખુલ્લો હતો અને બહાર ખુલ્લી જગ્યામાં કપડા વેર વિખેર પડ્યા હતા.

### કણભા પોલીસે આરોપીની ધરપકડ કરી

# સાવકા પિતાએ પુત્ર પર બેસીને સળિયાના ફટકા મારી હત્યા કરી

। (એજન્સી) અમદાવાદ, તા.૪ ।

અમદાવાદ ગ્રામ્યના બાકરોલમાં સાવકા પિતાએ પુત્રની હત્યા કરી નાખતા ચકચાર મચી જવા પામી છે. ૧૩ વર્ષીય કિશોર એક એસ્ટેટમાં આવેલી કંપનીમાં સુઇ રહ્યો હતો ત્યારે આરોપીની પત્નીએ સંતાનો સાથે ગામડે જવાની વાત કરતા ઉશ્કેરાટમાં આવીને સાવકા પિતાએ પુત્રની હત્યા કરી નાખી હતી. આરોપીએ લગ્ન કર્યા ત્યારથી જ તેને સંતાનો પ્રત્યે અણગમો હતો. આરોપીએ ઉશ્કેરાટમાં આવીને નિદ્રાધીન પુત્ર પર બેસીને માથામાં લોખંડના સળિયાના ફટકા મારીને મોતને ઘાટ ઉતાર્યો હતો. કણભા પોલીસે આ મામલે ગુનો નોંધી આરોપીની ધરપકડ કરી છે. મૂળ ઉત્તરપ્રદેશની રીતાદેવી રાજપૂતે પહેલા પતિથી છૂટાછેડા લીધા હતા. બાદમાં રીતાદેવીએ હરીઓમ સાથે લગ્ન કરીને ૧૩ વર્ષીય અર્પિત અને ૧૭ વર્ષીય અર્પિતા નામના બે સંતાનોને લઈને બીજા પતિ સાથે રહેવા આવી હતી. ચાર માસ પહેલા હરીઓમ પત્ની અને બે સંતાનોને લઈને બાકરોલ ખાતે રહેવા આવ્યો હતો. હરીઓમ પાવન એસ્ટેટમાં નોકરી કરતો હતો. બંને સંતાનો રીતાદેવીના પહેલા પતિના સંતાન હોવાથી હરીઓમ અણગમો રાખીને અવાર નવાર ઝઘડા કરીને માર મારતો હતો. હરીઓમને દીકરા અર્પિત પ્રત્યે નફરત હોવાથી સાવકા પિતાના ડરથી અર્પિત રાતના સમયે એસ્ટેટમાં આવેલી કંપનીમાં સુઇ જતો હતો. રીતાદેવીએ પતિ હરીઓમને બે બાળકો સાથે ગામડે જવાનું કહેતા તેણે ઝઘડો કર્યો અને ગુસ્સામાં આવીને છોકરાને જીવતો નહિ છોડું તેમ કહીને ઝઘડો કર્યો હતો.

## તહેવારો નિમિત્તે વટવા-રક્સૌલ સાપ્તાહિક સ્પેશિયલ ટ્રેન દોડાવવાનો નિર્ણય

। (એજન્સી) અમદાવાદ, તા.૪ ।

પશ્ચિમ રેલ્વે આગામી તહેવારો નિમિત્તે ઘસારાને પહોંચી વળવા અને મુસાફરોની સુવિધા હેતુ વટવા અને રક્સૌલ વચ્ચે વિશેષ ભાડા પર સાપ્તાહિક સ્પેશિયલ ટ્રેન દોડાવશે. જ્યારે ઉધના-રક્સૌલ સાપ્તાહિક ટ્રેનની મુદત લંબાવવાનો નિર્ણય લીધો છે. વટવા-રક્સૌલ સ્પેશિયલ ટ્રેન દર બુધવારે વટવાથી રાત્રે ૧૧:૩૦ કલાકે ઉપડશે અને ત્રીજા દિવસે એટલે કે શુક્રવારે સાંજે ૪ વાગ્યે રક્સૌલ પહોંચશે. આ ટ્રેન ૧૭ સપ્ટેમ્બરથી ૩૧ ડિસેમ્બર સુધી દોડશે. તેવી જ રીતે રક્સૌલ-વટવા સ્પેશિયલ ટ્રેન દર મંગળવારે રક્સૌલથી સવારે ૧૧:૨૦ કલાકે ઉપડશે અને બીજા દિવસે સાંજે ૮ વાગ્યે વટવા પહોંચશે. આ ટ્રેન ૧૬ સપ્ટેમ્બરથી ૩૦ ડિસેમ્બર સુધી દોડશે. આ ટ્રેનો આણંદ, છાયાપૂરી, ગોધરા, દાહોદ, રતલામ, ઉજ્જૈન, સતના, મુજફ્ફરપુર સહિતના સ્ટેશનો ઉપર બંને દિશામાં રોકાશે. જ્યારે ઉધના-રક્સૌલ સાપ્તાહિક સ્પેશિયલ ટ્રેનની મુદત ૫ ઓક્ટોબરના બદલે હવે ૨૮ ડિસેમ્બર સુધી લંબાવી છે. તેવી જ રીતે રક્સૌલ-ઉધના સ્પેશિયલ ટ્રેનની મુદત ૪ ઓક્ટોબરના બદલે ૩ ડિસેમ્બર સુધી લંબાવી છે. આ ટ્રેનોનું બુકિંગ આજથી તમામ પીઆરએસ કાઉન્ટર તથા આઈઆરસીટીસી પર થઈ શકશે. જ્યારે ઉધના-રક્સૌલ સાપ્તાહિક સ્પેશિયલ ટ્રેનની મુદત ૫ ઓક્ટોબરના બદલે હવે ૨૮ ડિસેમ્બર સુધી લંબાવી છે. તેવી જ રીતે રક્સૌલ-ઉધના સ્પેશિયલ ટ્રેનની મુદત ૪ ઓક્ટોબરના બદલે ૩ ડિસેમ્બર સુધી લંબાવી છે. આ ટ્રેનોનું બુકિંગ આજથી તમામ પીઆરએસ કાઉન્ટર તથા આઈઆરસીટીસી પર થઈ શકશે.

### વિદ્યાર્થિનીએ પાંડેસરા પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવતા પોલીસે બળાત્કાર, આઈટી એક્ટ મુજબ ગુનો દાખલ કરી તપાસ કરી હતી

# બળાત્કારના કેસમાં એન્જિનિયરિંગ સ્ટુડન્ટને ૧૦ વર્ષની સખત કેદની સજા

। (એજન્સી) સુરત, તા.૪ ।

સુરત શહેરમાં આવેલા પાંડેસરા વિસ્તારમાં રહેતી કોલેજીયન યુવતીને બ્લેકમેઈલ કરી દુષ્કર્મના કેસમાં કોર્ટે આરોપી યુવકને કસુરવાર ઠેરવી ૧૦ વર્ષની સખત કેદ અને ૧ લાખનો દંડ ફટકાર્યો હતો. આ કેસની વિગત એવી છે કે, સુરત શહેરના પાંડેસરા વિસ્તારમાં રહેતા પરિવારની ૨૦ વર્ષીય દિકરી બીસીએનો અભ્યાસ કરતી હતી, ત્યારે આ વિદ્યાર્થિની તેની બહેનપણીઓ સાથે અન્ય કોલેજમાં કાઉન્સિલિંગ માટે ગઈ હતી. દરમિયાન વિદ્યાર્થિની સાથે બહેનપણી થકી પાંડેસરા વિસ્તારમાં રહેતા એન્જિનિયરિંગના વિદ્યાર્થી સાથે મિત્રતા થઈ હતી.વિદ્યાર્થીએ મિત્રતા કેળવી વિદ્યાર્થિનીને કોલેજ અને ટ્યુશને મળવા જતો હતો. અભ્યાસ સલગ્ન પેમ્પલેટ વગેરે પણ આપતો હતો. બંને એકબીજા સાથે ટેલિફોનીક વાતચીત પણ કરાતા હતા. દરમિયાન વિદ્યાર્થિનીનું લેપટોપ ફોર્મેટ મારવાનું હોવાથી વિદ્યાર્થી લેપટોપ ફોર્મેટ કરવા માટે તેણીને તેના પાંડેસરા વિસ્તારમાં મિત્રના ઘરે લઈ ગયો હતો. જ્યાં મિત્ર અને બહેનપણી પણ તેમને સામાન લેવા માટે બહાર મોકલી આપી લેપટોપ ફોર્મેટ મારવાનુ શરૂ કરી વિદ્યાર્થિની સાથે શારીરિક સંબંધો બાંધ્યા હતા. વિદ્યાર્થીએ તેણીનો નિર્વસ્ત્ર હાલતનો વિડીયો પણ મોબાઈલમાં ઉતારી લીધો હતો. આ વિડીયો વાયરલ કરવાની ધમકી આપ્યા બાદ અલગ-અલગ સ્થળે લઈ જઈ તેણીની સાથે દુષ્કર્મ આચર્યુ હતું. ત્યારબાદ આ વિડીયો મિત્ર વર્તુળ અને વિદ્યાર્થિનીના ભાઈના મોબાઈલ ઉપર પણ વાયરલ કરી બદનામી કરી હતી. આ અંગે વિદ્યાર્થિનીએ પાંડેસરા પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવતા પોલીસે બળાત્કાર, આઈટી એક્ટ મુજબ ગુનો દાખલ કરી તપાસ કરી હતી. આ કેસની ઈન્સાફી કાર્યવાહી સુરત કોર્ટમાં ચાલી હતી. બચાવ પક્ષે દલીલો કરી હતી કે ફરીયાદ પક્ષે રજૂ કરેલા પુરાવો ધ્યાને લેતા તે ફરિયાદ પક્ષના કેસ સાથે સુસંગત નથી. ફરિયાદી અને સાહેદોની ઉલટતપાસમાં ભોગ બનનાર સાથે કોઈપણ દુષ્કર્મ તેણીની ઈચ્છા અને સમંતિ વગર આચર્યુ હોય તેવી હકીકત રેકર્ડ પર આવી નથી. બંને પક્ષની દલીલો બાદ કોર્ટે આરોપીને કસુરવાર ઠેરવી ૧૦ વર્ષની સખત કેદ અને ૧ લાખનો દંડ ફટકાર્યો હતો. આ કેસમાં સરકાર તરફે એપીપી વિશાલ ફળદુએ દલીલો કરી હતી. ફરિયાદી અને સાહેદોની ઉલટતપાસમાં ભોગ બનનાર સાથે કોઈપણ દુષ્કર્મ તેણીની ઈચ્છા અને સમંતિ વગર આચર્યુ હોય તેવી હકીકત રેકર્ડ પર આવી નથી. બંને પક્ષની દલીલો બાદ કોર્ટે આરોપીને કસુરવાર ઠેરવી ૧૦ વર્ષની સખત કેદ અને ૧ લાખનો દંડ ફટકાર્યો હતો. આ કેસમાં સરકાર તરફે એપીપી વિશાલ ફળદુએ દલીલો કરી હતી.

# રાષ્ટ્રીય ડાક સપ્તાહનું આયોજન ૬ થી ૧૦ ઓક્ટોબર સુધી, વિવિધ કાર્યક્રમોનું થશે આયોજન - પોસ્ટમાસ્ટર જનરલ કૃષ્ણ કુમાર યાદવ

### "વિશ્વ ડાક દિવસ" ૯ ઓક્ટોબરે "ઈંપોસ્ટ ફોર પીપલ લોકલ સર્વિસ, ગ્લોબલ રીચ" થીમ સાથે ઉજવાશે - પોસ્ટમાસ્ટર જનરલ કૃષ્ણ કુમાર યાદવ

। અમદાવાદ ।

'રાષ્ટ્રીય ડાક સપ્તાહ' ૬ થી ૧૦ ઑક્ટોબર સુધી ઉજવાશે. આ દરમિયાન ડાક સેવાઓમાં થયેલા નવીનીકરણ અંગે જાગૃતિ અને ગ્રાહક આધારના વિસ્તરણ પર ભાર મુકવામાં આવશે. ઉત્તર ગુજરાત પરિક્ષેત્ર, અમદાવાદના પોસ્ટમાસ્ટર જનરલ શ્રી કૃષ્ણ કુમાર યાદવે જણાવ્યું કે આ વર્ષે 'રાષ્ટ્રીય ડાક સપ્તાહ'નું આયોજન ડાક પ્રૌદ્યોગિકીના સુધારાને અનુરૂપ ડિઝાઈન કરવામાં આવ્યું છે, જે ભારતીય ડાકની આધુનિકતા અને નવીનતા પ્રત્યેની પ્રતિબદ્ધતા દર્શાવે છે. તાજેતરમાં ડાક વિભાગ દ્વારા શરૂ કરાયેલ એડવાન્સ્ડ પોસ્ટલ ટેક્નોલોજી ૨.૦ ડાક નેટવર્કને ઝડપી, વધુ વિશ્વસનીય અને પારદર્શક સિસ્ટમમાં પરિવર્તિત કરી રહી છે. પરંપરાગત સેવાઓ સિવાય પોસ્ટઓફિસો દ્વારા નાગરિક કેન્દ્રિત તથા નાણાકીય સેવાઓ દેશના દરેક ખૂણામાં પહોંચાડવામાં આવી રહી છે. નાણાકીય સમાવેશ, ડિજિટલ સશક્તિકરણ અને અંતિમ છોર સુધી પહોંચ તેને વધુ મજબૂત બનાવી રહ્યા છે. પોસ્ટમાસ્ટર જનરલ શ્રી કૃષ્ણ કુમાર યાદવે



જણાવ્યું કે 'રાષ્ટ્રીય ડાક સપ્તાહ' દરમિયાન દરરોજ એક ખાસ ઉત્પાદન અથવા સેવાને કેન્દ્રમાં રાખી વિવિધ પ્રવૃત્તિઓ અને કાર્યક્રમોનું આયોજન કરવામાં આવશે. ૬ ઑક્ટોબરે ટેકનોલોજી દિવસ, ૭ ઑક્ટોબરે નાણાકીય સમાવેશ દિવસ, ૮ ઑક્ટોબરે ફિલાટેલી અને નાગરિક કેન્દ્રિત સેવાઓ દિવસ, ૯ ઑક્ટોબરે વિશ્વ ડાક દિવસ અને ૧૦ ઑક્ટોબરે દેશભરમાં ગ્રાહક દિવસ ઉજવાશે. આ વર્ષે વિશ્વ ડાક દિવસની થીમ 'ઈંપોસ્ટ ફોર પીપલ, લોકલ સર્વિસ ગ્લોબલ રીચ' રાખવામાં આવી છે.

પોસ્ટમાસ્ટર જનરલ શ્રી કૃષ્ણ કુમાર યાદવે જણાવ્યું કે 'વિશ્વ ડાક દિવસ'નો હેતુ વિશ્વભરના લોકોના દૈનિક જીવન, વેપાર તથા સામાજિક અને આર્થિક વિકાસમાં ડાક સેવાઓની ભૂમિકા અંગે જાગૃતિ વધારવાનો છે. 'એક વિશ્વ – એક ડાક પ્રણાલી'ની કલ્પનાને સાકાર કરવા માટે ૯ ઑક્ટોબર, ૧૮૭૪ના રોજ સ્વિટ્ઝરલેન્ડના બર્ન શહેરમાં 'યુનિવર્સલ પોસ્ટલ યુનિયન'ની સ્થાપના કરવામાં આવી હતી, જેથી સમગ્ર વિશ્વમાં એકરૂપ ડાક વ્યવસ્થા અમલમાં આવી શકે. ભારત પ્રથમ એશિયાઈ દેશ હતો, જે ૧ જુલાઈ ૧૮૭૬ના રોજ આ સંસ્થાનો સભ્ય બન્યો હતો. બાદમાં, વર્ષ ૧૯૬૯માં જાપાનના ટોક્યો શહેરમાં યોજાયેલી યુનિવર્સલ પોસ્ટલ યુનિયન કોંગ્રેસમાં આ સ્થાપના દિવસ ૯ ઑક્ટોબરને 'વિશ્વ ડાક દિવસ' તરીકે ઉજવવાનો નિર્ણય લેવામાં આવ્યો હતો. પોસ્ટમાસ્ટર જનરલ શ્રી કૃષ્ણ કુમાર યાદવે જણાવ્યું કે ડાક સંચાલન અને ટેક્નોલોજી વિશે યુવાનોમાં વધુ સમજ વિકસાવવા માટે વિવિધ શાળાઓના વિદ્યાર્થીઓને ડાકઘર અને મેલ ઓફિસોની મુલાકાત માટે આમંત્રિત કરવામાં આવશે, જેથી તેઓ ડાક વ્યવસ્થાના મહત્વપૂર્ણ કાર્યો અને સમૃદ્ધ ઈતિહાસ વિશે માહિતી મેળવી શકે. અનેક ઈન્ટરએક્ટિવ અને શૈક્ષણિક પ્રવૃત્તિઓનું પણ આયોજન કરવામાં આવશે, જેમાં ક્વિઝ, ડાક ટિકિટ ડિઝાઈન સ્પર્ધા, 'ઢાઈ અખર' પત્રલેખન સ્પર્ધા વગેરેનો સમાવેશ થાય છે. જથ્થાબંધ ગ્રાહકો માટે કસ્ટમર મીટનું પણ આયોજન કરવામાં આવશે, જેથી ગ્રાહકોને મેલ અને પાર્સલ સંબંધિત નવી નવી પહેલ ની માહિતી આપી શકાય. ડાકઘર નિર્યાત કેન્દ્ર ઉપર જાગૃતિ કાર્યક્રમ પણ યોજાશે, જેથી ODOP, GI અને MSME નિકાસકારોને વધુ સારી સેવાઓ પૂરી પાડવામાં આવી શકે. પોસ્ટમાસ્ટર જનરલ શ્રી કૃષ્ણ કુમાર યાદવે આગળ જણાવ્યું કે રાષ્ટ્રીય ડાક સપ્તાહ દરમિયાન નવી ટેક્નોલોજી પર આધારિત ક્વિઝ ડાકઘર અને રેલવે મેલ સર્વિસમાં યોજાશે. નાણાકીય સમાવીશ માટે શિબિર (સંપૂર્ણ સુકન્યા ગ્રામ પર કેન્દ્રિત), ડાક જીવન વીમા/આરપીઆઈએલઆઈ કેમ્પ, દરેક ઉપમંડળ અને પ્રધાન ડાકઘર ખાતે 'ડાક ચોપાલ', શાળાના બાળકોની મુલાકાત, ક્વિઝ, શાળામાં 'ઢાઈ અખર પત્ર લેખન સ્પર્ધા' (વિષય: મારા આદર્શને પત્ર), દીનદયાળ સ્પર્શ યોજનાને લગતા કેમ્પ, ફિલેટેલિક ચર્ચા, શાળાઓ તથા દૂરના વિસ્તારોમાં બેઝ કેમ્પ, 'એક પેડ માં કે નામ' અભિયાન હેઠળ વૃક્ષારોપણ, 'પોસ્ટાથોન વોક' – રાષ્ટ્રવ્યાપી પગયાત્રા, 'વોકલ ફોર લોકલ' સંદેશના પ્રચાર માટેના કાર્યક્રમો અને ગ્રાહક વ્યવહાર પર આધારિત નાટિકા (નુક્કડ નાટક) પણ યોજવામાં આવશે.

માલિક - મુદ્રક - પ્રકાશક અને તંત્રી પટેલ સુરેશ રમણલાલ દ્વારા એલાઈડ ઓફસેટ પ્રિન્ટર્સ (ગુજરાત) પ્રા. લિ. ૭ થી ૧૦ શ્રી લક્ષ્મી કોમ. કો-ઓપ એસ્ટેટ, અજોદ ડેરી રોડ, સુખરામનગર, રખિયાલ, અમદાવાદ ૩૮૦૦૨૩. ખાતેથી છપાવી ૩૧૫ - સુપર પ્લાઝા, સંદેશ પ્રેસ રોડ, વસ્ત્રાપુર, અમદાવાદ - ૩૮૦ ૦૧૫ ખાતેથી પ્રકાશિત. ફોન : ૯૯૨૪૦૦૦૭૩૩, ૯૯૯૮૮૫૦૯૯૨

# વિજય ઘટના સ્થળેથી ભાગ્યા, તે તેમની માનસિકતા દર્શાવે છે

## વરિષ્ઠ આઈપીએસ અધિકારી અસરા ગર્ગની આગેવાનીમાં વિશેષ તપાસ દળ (SIT) રચવાનો કોર્ટે આદેશ આપ્યો છે

**। (એજન્સી) મદ્રાસ, તા.૪ ।**

અભિનેતા અને રાજકીય નેતા વિજયની રેલીમાં નાસભાગ થવાના કેસનો મામલો મદ્રાસ હાઈકોર્ટમાં પહોંચ્યા બાદ કોર્ટે મહત્ત્વના નિર્ણય લીધા છે. આ કેસમાં કોર્ટે અભિનેતાની પાર્ટી ટીવીકેની આકરી ઝાટકણી કાઢી છે. કોર્ટે કહ્યું કે, પાર્ટીના પ્રમુખ વિજય ઘટનાસ્થળથી ભાગી ગયા અને પાર્ટીએ દુઃખ પણ વ્યક્ત ન કર્યું, જે વિજની માનસિક સ્થિતિને દર્શાવે છે. તમિલનાડુના કરૂર જિલ્લામાં ૨૭ સપ્ટેમ્બરના રોજ અભિનેતા અને રાજકીય નેતા વિજયની રેલીમાં નાસભાગ થઈ હતી, જેમાં ૪૧ લોકોના મોત અને ૬૦થી વધુ લોકોના મોત થયા હતા. હવે આ મામલે મદ્રાસ હાઈકોર્ટમાં આજે (૩ ઓક્ટોબર) સુનાવણી હાથ ધરવામાં આવી હતી, જેમાં કોર્ટે અભિનેતાની તમિલગા વેત્રી કઝગમ (TVK) પાર્ટી અને સરકારની આકરી ઝાટકણી કાઢી છે. આ સાથે કોર્ટે નાસભાગના કારણોની તપાસ કરવા વરિષ્ઠ આઈપીએસ અધિકારી અસરા ગર્ગની આગેવાનીમાં વિશેષ તપાસ દળ (SIT) રચવાનો પણ આદેશ આપ્યો છે. ન્યાયાધીશ સેંથિલકુમારે કહ્યું કે, 'વિજયની રેલીમાં નાસભાગ થતાં ૪૧ લોકોના મોત થયા હતા. રેલીમાં અયોગ્ય રીતે આયોજન કરવામાં આવ્યું હતું. તમામે ઘટનાના વીડિયો અને તસવીરો જોઈ, છતાં રાજ્ય વિજય પ્રત્યે નરમ વલણ અપનાવી રહી છે.' કોર્ટે આયોજકો અને પોલીસ પાસેથી જવાબ માંગ્યો છે કે, જવાબદારી કોની છે? કોર્ટે એમ પણ કહ્યું કે, શું એક કાર્યક્રમના આયોજક હોવાથી તમારી કોઈ જવાબદારી નથી? કોર્ટે નારાજગી વ્યક્ત કરતા કહ્યું કે, રાજ્ય વિજય પ્રત્યે નરમ વલણ અપનાવી રહી છે. અભિનેતા વિજય ઘટના દરમિયાન સ્થળ પરથી ભાગી ગયા હતા. ટીવીકેને પછતાવો પણ વ્યક્ત કર્યો નથી. ટીવીકે નેતા ઘટનાસ્થળથી ભાગી ગયા, તે તેમની માનસિકા દર્શાવે છે. આ ઉપરાંત કોર્ટે ટીવીકે નેતાઓ બુસી આનંદ અને સીટીઆર નિર્મલ કુમારની આગોતરા જામીન અરજી પર આદેશ સુરક્ષિત રાખ્યો છે. આનંદ અને નિર્મલ કુમાર તરફથી હાજર થયેલા વરિષ્ઠ અધિવક્તા વી. રાઘવાચારીએ કોર્ટમાં દલીલ કરી છે કે, 'અરજદારોનો તેમના પોતાના કાર્યકર્તાઓને નુકસાન પહોંચાડવાનો કોઈ ઈરાદો નહોતો અને આ ઘટનાને બિન-ઈરાદાપૂર્વક હત્યા તરીકે જોઈ શકાય નહીં.' તેમણે પોલીસ પર પર્યાપ્ત સુરક્ષા ન આપવાનો આરોપ લગાવી કહ્યું કે, 'કાર્યક્રમનું સ્થળ અરજદારોએ પસંદ કર્યું ન હતું. જો વેલુસામિપુરમ વાંધાજનક હતું, તો પોલીસે અરજદારોની વિનંતીને ફગાવી દેવી જોઈતી હતી.' રાઘવાચારીએ દાવો કર્યો કે, 'લાઠીચાર્જ થયા બાદ ભીડ બેકાબૂ થઈ હતી. લાઠીચાર્જની જરૂર જ કેમ પડી? અરજદારોએ તમામ નિયમોનું પાલન કર્યું હતું અને રોડ શો યોજવાની મંજૂરી કાર્યક્રમથી ફક્ત એક દિવસ પહેલાં જ અપાઈ હતી. ભીડને નિયંત્રિત કરવાની સંપૂર્ણ જવાબદારી રાજ્ય સરકારની હતી. જ્યાં સુધી પોલીસે હસ્તક્ષેપ ન કર્યો ત્યાં સુધી રેલી સંપૂર્ણપણે વ્યવસ્થિત હતી. ભીડ પર રસાયણો ફેંકવામાં આવ્યા, જેના કારણે લોકો બેહોશ થઈ ગયા. સત્તાવાર આયોજક મથિયાઝગનની પહેલેથી જ ધરપકડ કરવામાં આવી છે અને આનંદ તથા નિર્મલ કુમારની કોઈ જવાબદારી બનતી નથી.' અધિક મુખ્ય સરકારી વકીલ (AAG) જે. રવિંદ્રને આનંદ-નિર્મલના વકીલની દલીલોનો વિરોધ કર્યો છે. તેમણે દલીલ કરી છે કે, 'પાર્ટીએ ટ્વીટ કરીને કહ્યું હતું કે કાર્યક્રમ બપોરે ૧૨ વાગ્યે શરૂ થશે, જ્યારે પોલીસે માત્ર બપોરે ૩ વાગ્યાથી સાંજે ૭ વાગ્યા સુધીની જ મંજૂરી આપી હતી. ટીવીકેની રેલી માટે ૫૫૯ પોલીસ કર્મચારીઓ તૈનાત કરવામાં આવ્યા હતા, જ્યારે થોડા દિવસો પહેલાં તે જ સ્થળે AIADMKના વડા એડપ્પાડી કે. પલાનીસ્વામીના અભિયાન માટે માત્ર ૧૩૭ પોલીસકર્મીઓ જ તૈનાત કરાયા હતા.'

## ન્યુઝ બોક્ષ

### વર્તમાન પડકારો વચ્ચે ભારતનું અર્થતંત્ર મજબૂત અને સ્થિર

**। (એજન્સી) નવી દિલ્હી, તા.૪ ।**

રિઝર્વ બૅન્ક ઑફ ઈન્ડિયાના ગવર્નર સંજય મલ્હોત્રાએ ભારતનું અર્થતંત્ર મજબૂત ગ્રોથ સાથે વિકસી રહ્યું હોવાનું જણાવ્યું છે. તેમણે દેશના વિકસી રહેલા જીડીપી ગ્રોથનો શ્રેય ફુગાવામાં ઘટાડો, મજબૂત ફોરેક્સ રિઝર્વ, રાજકોષીય ખાધમાં ઘટાડો તેમજ બૅન્કો-કોર્પોરેટ્સની મજબૂત બેલેન્સ શીટને ફાળે આપ્યો છે. કૌટિલ્ય ઈકોનોમિક કોન્ક્લેવ ૨૦૨૫માં સંબોધન આપતાં સંજય મલ્હોત્રાએ કહ્યું કે, ભારતના મેક્રોઈકોનોમિક ફંડામેન્ટલ્સ ફેબ્રુઆરીથી મજબૂત ફોરેક્સ રિઝર્વ અને નીચા ફુગાવાથી માંડી ચાલુ ખાતાની ખાધમાં ઘટાડો અને મજબૂત બૅન્ક બેલેન્સ શીટના કારણે મજબૂત બન્યા છે. તમામ પડકારો છતાં અર્થતંત્ર સ્થિતિસ્થાપક ગ્રોથ સાથે ટકાઉ બન્યું છે. સરકારના નીતિ નિર્માતાઓ, નિયમનકારો અને બજારના સહભાગીઓના સંયુક્ત પ્રયાસોનું આ પરિણામ છે. આ એક મોટી ઉપલબ્ધિ છે. આરબીઆઈના આંકડા અનુસાર, સપ્ટેમ્બરના અંત સુધીમાં ભારતની ફોરેક્સ રિઝર્વ વધી ૭૦૦.૨ અબજ ડૉલર થઈ હતી. જે મર્ચેન્ડાઈઝની આયાતના ૧૧ મહિના કરતાં પણ વધુ ખર્ચને આવરી લે તેટલી છે. ફુગાવો સતત આરબીઆઓના લક્ષ્યાંક હેઠળ રહ્યો છે. ઓગસ્ટમાં નજીવો વધી ૨.૦૭ ટકા નોંધાયો હતો. તેમાં પણ જીએસટીમાં સુધારાના કારણે ઘરેલુ વપરાશ વધવાની અપેક્ષા છે. મલ્હોત્રાએ નોંધ્યું હતું કે છેલ્લા બે દાયકામાં, વિશ્વભરમાં કેન્દ્રીય બૅન્કોએ ૨૦૦૮ની નાણાકીય કટોકટી અને યુરોઝોનના દેવામાં ઘટાડાથી માંડી કોવિડ-૧૯, યુક્રેનમાં રશિયાના યુદ્ધ અને આબોહવા સંબંધિત વિક્ષેપો સુધીના અવિરત પડકારો જોયા છે. તેમ છતાં ભારતનું અર્થતંત્ર સ્થિર ગ્રોથના માર્ગે આગળ વધી રહ્યું છે. આપણે પડકારોને નિયંત્રિત કરી શકતા નથી, પરંતુ આ પડકારો વચ્ચે પણ ભારત ચોક્કસપણે પોતાના વિકાસનું જહાજ ચલાવવા સક્ષમ છે.

### અમેરિકન સેનામાં મેદસ્વી અધિકારીઓની છટણી કરાશે

**। (એજન્સી) વોશિંગ્ટન, તા.૪ ।**

અમેરિકાના સંરક્ષણ સચિવ પીટ હેગસેથે હાલમાં જ અમેરિકન સશસ્ત્ર દળોમાં એક નવા યુગની શરુઆતની જાહેરાત કરી. વર્જિનિયાના ક્વોન્ટિકોમાં યોજાયેલી ઉચ્ચ-સ્તરીય સૈન્ય કમાન્ડરોની બેઠકમાં તેમણે જણાવ્યું હતું કે, સૈન્યમાં વધુ વજન ધરાવતા એટલે કે મેદસ્વી, સ્થૂળ જનરલો અને એડમિરલોની હાજરી હવે સંપૂર્ણ રીતે અસ્વીકાર્ય ગણાશે. જે અધિકારીઓ આ નવા નિયમો સાથે સંમત નથી, તેમણે સ્વેચ્છાએ પોતાના પદો છોડી દેવા જોઈએ. સંરક્ષણ સચિવ પીટ હેગસેથે લશ્કરમાં 'જાડિયા જનરલો' અંગે સરકારના વલણને સ્પષ્ટ કરતાં કહ્યું હતું કે, 'અમેરિકાના સેનામાં હવે ફિટનેસ અને વ્યાવસાયિક દેખાવને પ્રાધાન્ય અપાશે. જે અધિકારીઓ નવા નિયમોને ટેકો આપવા નથી માંગતા તેમણે રાજીનામું આપી દેવું જોઈએ. વધુ વજનવાળા સૈનિકોની હાજરી સંપૂર્ણપણે અસ્વીકાર્ય છે.' સંરક્ષણ સચિવે સ્પષ્ટ કર્યું હતું કે, સેનાના તમામ દળમાં સૈનિક પુરુષ હોય કે સ્ત્રી તેમણે એકસમાન ફિટનેસ ધોરણો પાર પાડવા પડશે. આ ફેરફારનો હેતુ સૈન્યની લડાઈ ક્ષમતા વધારવાનો છે. આમ કરવામાં સ્ત્રી સૈનિકોની ક્ષમતા પર શંકા કરવાનો કે તેમની પ્રગતિ અવરોધવાનો ઈરાદો નથી, પરંતુ સ્ત્રી સૈનિકોની શારીરિક ક્ષમતાઓને વધુ ઊંચા સ્તરે લઈ જવાનો પ્રયાસ છે. નવા નિયમો મુજબ હવે વ્યાવસાયિક દેખાવ મહત્ત્વનો રહેશે. દાઢી અને ટાલવાળા દેખાવને હવે અવ્યવસાયિક ગણાશે. સંરક્ષણ સચિવ પીટ હેગસેથે કહ્યું હતું કે, 'અવ્યવસાયિક દેખાવનો યુગ સમાપ્ત થઈ ગયો છે. તાજેતરના વર્ષોમાં અમેરિકાના સૈન્ય દળોને ખોટી દિશામાં લઈ જવામાં આવ્યા છે. હું જાણું છું કે તમારામાંથી મોટા ભાગના લોકો આનાથી વિપરીત વિચારે છે, પણ હવેથી પેન્ટાગોનમાં વધુ વજનવાળા જનરલો અને એડમિરલોને જોવા સંપૂર્ણપણે અસ્વીકાર્ય છે.' આ નવી નીતિને રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પનું પૂર્ણ સમર્થન છે. ક્વોન્ટિકોની બેઠકમાં ટ્રમ્પે પણ ભાષણ આપ્યું હતું. તેમણે કહ્યું હતું કે, 'સૈન્યમાં પદો યોગ્યતાના આધારે જ આપવામાં આવશે, રાજકીય વિચારધારાના આધારે નહીં. અમે કોઈને રાજકીય કારણોસર તમારું સ્થાન લેવાની મંજૂરી આપીશું નહીં.'

### દશેરાના મેળાથી ઘરે જતા સર્જાઈ દુર્ઘટના

# બિહારમાં વંદે ભારત ટ્રેનની અડફેટે ૩ના મોત, ૨ ઈજાગ્રસ્ત

## ઘાયલોને તાત્કાલિક પૂર્ણિયાની સરકારી મેડિકલ કોલેજ હોસ્પિટલમાં સારવાર માટે ખસેડવામાં આવ્યા હતા

**। (એજન્સી) પટના, તા.૪ ।**



બિહારના પૂર્ણિયા જિલ્લામાં શુક્રવારે વહેલી સવારે એક મોટી દુર્ઘટના સર્જાઈ છે. વંદે ભારત એક્સપ્રેસ ટ્રેનની અડફેટે આવવાથી ત્રણ લોકોના ઘટનાસ્થળે જ મૃત્યુ નીપજ્યા છે, જ્યારે અન્ય બે વ્યક્તિ ગંભીર રીતે ઘાયલ થયા છે. ઘાયલોને તાત્કાલિક પૂર્ણિયાની સરકારી મેડિકલ કોલેજ હોસ્પિટલમાં સારવાર માટે ખસેડવામાં આવ્યા હતા. આ દુર્ઘટના કટિહાર-જોગબની રેલખંડ પર આવેલા કસબા જબનપુર નજીક બની હતી. પ્રાથમિક માહિતી મુજબ, જોગબની (અરરિયા)થી દાનાપુર (પટના) તરફ જઈ રહેલી વંદે ભારત ટ્રેનથી કપાઈને મૃત્યુ પામેલા તમામ લોકો દશેરાનો મેળો જોઈને પરત ફરી રહ્યા હતા. રાત્રે મેળો જોઈને પરત ફરતી વખતે તેઓ રેલવે ટ્રેક ઓળંગી રહ્યા હતા કે ઝડપથી આવી રહેલી વંદે ભારતે તેમને અડફેટમાં લીધા હતા. આ ગમખ્વાર અકસ્માત બાદ ઘટનાસ્થળે મોટી સંખ્યામાં લોકો એકઠા થઈ ગયા હતા. ઘટનાની જાણ થતા જ સ્થાનિક પોલીસ અને રેલવે પ્રોટેક્શન ફોર્સ (RPF)ની ટીમ તાત્કાલિક સ્થળ પર પહોંચી અને તપાસ શરૂ કરી છે. મૃતદેહોનો કબજો લઈને પોસ્ટમોર્ટમ માટે મોકલવામાં આવી રહ્યા છે. જોગબની-દાનાપુર વંદે ભારત એક્સપ્રેસ ટ્રેનને વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ ૧૫ સપ્ટેમ્બરે પૂર્ણિયામાં વર્ચ્યુઅલ રીતે લીલી ઝંડી આપીને શરૂ કરી હતી. તેનું નિયમિત સંચાલન ૧૭ સપ્ટેમ્બરથી શરૂ થયું હતું. આ ટ્રેન સીમાંચલ ક્ષેત્રને રાજધાની પટના સાથે જોડનારી પ્રથમ વંદે ભારત છે. આ ટ્રેન જોગબનીથી વહેલી સવારે ૩.૨૫ વાગ્યે રવાના થાય છે. સવારે ૪.૫૦ વાગ્યે પૂર્ણિયા પહોંચ્યા બાદ તે સહરસા, ખગડિયા, સમસ્તીપુર અને મુઝફ્ફરપુર થઈને સવારે ૧૧.૩૦ વાગ્યે પટનાના દાનાપુર પહોંચે છે.


### સેના નિર્દોષો પર અત્યાચાર કરી રહી છે

# PoKમાં બર્બરતા મામલે ભારતે પાકિસ્તાનની ઝાટકણી કાઢી

**। (એજન્સી) નવી દિલ્હી, તા.૪ ।**



પાકિસ્તાન અધિકૃત કાશ્મીર (PoK)માં ચાલી રહેલા હિંસક વિરોધ પ્રદર્શનો અને પાકિસ્તાની સેના દ્વારા નિર્દોષ નાગરિકો પર કરાયેલા બર્બરતાની ઘટનાઓ મામલે ભારતે પાકિસ્તાનની ઝાટકણી કાઢી છે. વિદેશ મંત્રાલયના પ્રવક્તા રણધીર જયસ્વાલએ કહ્યું કે, 'અમારા ધ્યાને આવ્યું છે કે, PoKના અનેક વિસ્તારોમાં વિરોધ પ્રદર્શનો થયા છે. ત્યાં પાકિસ્તાની સેના દ્વારા નિર્દોષ નાગરિકો પર બર્બરતા આચરવામાં આવી રહી છે. અમારું માનવું છે કે, PoKના વિવિધ વિસ્તારોમાં થઈ રહેલા પ્રદર્શનો પાકિસ્તાનની દમનકારી નીતિ અને તેના દ્વારા આ વિસ્તારોના સંસાધનોની વ્યવસ્થિત લૂંટનું સ્વાભાવિક પરિણામ છે. PoK પર પાકિસ્તાનનો ગેરકાયદેસર કબજો છે. પાકિસ્તાનને ભયાનક માનવાધિકાર ઉલ્લંઘન કરવાબદલ જવાબદાર ઠેરવવું જોઈએ.' PoKના સામાન્ય નાગરિકો ૨૯ નવેમ્બરથી શાહબાજ સરકાર વિરુદ્ધ ઉગ્ર વિરોધ-પ્રદર્શનો કરી રહી છે. જેમાં પાકિસ્તાને સેનાએ દેખાવકારો પર ફાયરિંગ કરવાના કારણે અત્યાર સુધીમાં ૧૨ લોકોના મોત થયા છે. રાવલકોટ, મીરપુર, કોટલી સહિતના અનેક વિસ્તારો બંધ અને ચક્કાજામ કરવાનું આહવાહન કરવામાં આવ્યું છે. અત્યાર સુધીમાં પીઓકેમાં સૌથી મોટું વિરોધ-પ્રદર્શન ચાલી રહ્યું છે. અવામી એક્શન કમિટીની આગેવાનીમાં શાહબાજ સરકાર વિરુદ્ધ ભારે દેખાવો થઈ રહ્યા છે. તેઓ મૌલિક અધિકારોના હનન વિરુદ્ધ દેખાવો શરૂ કર્યા હતા, ત્યારબાદ અનેક વિસ્તારોમાં ઈન્ટરનેટ સેવા બંધ કરી દેવાઈ છે અને પોલીસ નિર્દેષ લોકો પર બર્બરતા શરૂ કરી રહી છે. પાકિસ્તાની સેનાના અત્યાચારનો મુદ્દો આંતરરાષ્ટ્રીય સ્તરે પણ પહોંચ્યો છે. PoKના રાજકીય પક્ષોએ સંયુક્ત રાષ્ટ્ર માનવાધિકાર પરિષદ પાસે તાત્કાલિક દખલગીરીની માંગણી કરી છે.



નવી દિલ્હીમાં વિવિધ યુવા-કેન્દ્રિત પહેલોના અનાવરણ સમારોહ દરમિયાન પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી

# 3 બાળકોને ગળે ફાંસો આપી પિતાએ કરી આત્મહત્યા

**। (એજન્સી) ચંદીગઢ, તા.૪ ।**

હરિયાણાના બલ્લભગઢના ગામ નેકપુરમાં ગઈકાલે ગુરૂવારે મોડી રાત્રે એક પિતાએ પોતાના ત્રણ બાળકો સાથે આપઘાત કર્યો છે. જેમાં પિતા અને ૧૨ વર્ષીય પુત્રીનું મોત થયુ છે, જ્યારે એક પુત્ર અને એક પુત્રીની સ્થિતિ ગંભીર છે. જે હાલ હોસ્પિટલના આઈસીયુમાં સારવાર લઈ રહ્યા છે. ઘરકંકાસના કારણે પિતાએ પોતાના ત્રણ બાળકો સાથે આપઘાત કર્યો હોવાનું પ્રારંભિક ધોરણે જાણવા મળ્યું છે. પત્ની સાથે ઘરકંકાસ તેમજ પોલીસ કાર્યવાહીના કારણે પિતા આ અંતિમ પગલું લેવા મજબૂર બન્યો હતો. પોલીસે જણાવ્યા પ્રમાણે, નેકપુરના ૩૦ વર્ષીય કર્મવીરે ગઈકાલે મોડી રાત્રે ત્રણ બાળકો સાથે આપઘાત કરવાનો પ્રયાસ કર્યો હતો. જેમાં પિતા અને ૧૨ વર્ષીય પુત્રીનું મોત થયુ હતું. અન્ય બે બાળકોને ગંભીર સ્થિતિમાં સર્વોદય હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા હતા. કર્મવીર અને તેની પત્ની વચ્ચે લાંબા સમયથી ઝઘડો ચાલી રહ્યો હતો.

પતિ અને પત્ની વચ્ચે રોજ નાની-મોટી વાતે ઝઘડો થતો હોવાથી પત્ની રિસાઈને પિયર જતી રહી હતી. જે છ દિવસ પહેલાં જ પોતાના ઘરે પરત ફરી હતી.

### આરોપી પાસેથી ૨૦૦ કિલોગ્રામ ગાંજો મળી આવ્યો

# આતંકીઓ સામે લડનારો પૂર્વ NSG કમાન્ડો ગાંજાની તસ્કરી કરતો પકડાયો

## આઈજી વિકાસ કુમારે જણાવ્યું હતું કે, બજરંગ સિંહે ૭ વર્ષ સુધી આતંકવાદ વિરોધી કામગીરીમાં ભાગ લીધો હતો અને ૨૦૦૮માં ૨૬/૧૧ના મુંબઈ હુમલા દરમિયાન તાજ હોટેલ ઓપરેશનમાં સામેલ હતો

**। (એજન્સી) ચંદીગઢ, તા.૪ ।**



રાજસ્થાનની એન્ટી ટેરરિસ્ટ સ્ક્વોડ (ATS) અને એન્ટી-નાર્કોટિક્સ ટાસ્ક ફોર્સે (ANTF) એક સંયુક્ત કાર્યવાહીમાં ગાંજાની સ્મગલિંગના માસ્ટરમાઈન્ડ બજરંગ સિંહની ધરપકડ કરી છે. તે પૂર્વ નેશનલ સિક્યોરિટી ગાર્ડ (NSG) કમાન્ડો છે અને ૨૬/૧૧ના હુમલા દરમિયાન મુંબઈની તાજ હોટેલમાં હાથ ધરવામાં આવેલા ઓપરેશનમાં સામેલ હતો. સીકર જિલ્લાના ફતેહપુર શેખાવતીના કરંગા ગામનો રહેવાસી બજરંગ ઓડિશા અને તેલંગાણાથી ગાંજો લાવીને રાજસ્થાનમાં પોતાનું નેટવર્ક ચલાવતો હતો. તેના પર ૨૫,૦૦૦ રૂપિયાનું ઈનામ જાહેર કરવામાં આવ્યું હતું. અહેવાલો અનુસાર, બજરંગ સિંહ એટલો ચાલાક હતો કે તે ભાગ્યે જ પોતાનો મોબાઈલ ફોન વાપરતો, વારંવાર સ્થાન બદલતો અને સ્થાનિક લોકો પર વિશ્વાસ કરતો નહીં. જોકે, મહિનાઓની સખત મહેનત અને દેખરેખ પછી, રાજસ્થાન ATS એ તેને ફિલ્મી ઢબે ધરપકડ કરી. તેની પાસેથી ૨૦૦ કિલોગ્રામ ગાંજો પણ મળી આવી હતી. IG (ઈન્સ્પેક્ટર જનરલ) વિકાસ કુમારે જણાવ્યું હતું કે, બજરંગનો નીડર સ્વભાવ અને ઓડિશા અને તેલંગાણામાં લાંબા સમયથી સંપર્કોએ તેને દાણચોરીમાં મદદ કરી હતી. આરોપી બજરંગ સિંહે અંગે ઈન્સ્પેક્ટર જનરલ વિકાસ કુમારે જણાવ્યું હતું કે, બજરંગ સિંહ નાની ડીલથી ક્વિન્ટલ લેવલની ગાંજાના સ્મગલિંગની તરફ આગળ વધ્યો. તેની ધરપકડથી ડ્રગ્સ વિરોધી અભિયાનમાં એક મોટી સફળતા છે, જે રાજસ્થાનમાં ગાંજાના નેટવર્કને તોડી પાડવામાં મદદ કરશે. બજરંગ સિંહે BSFમાં જોડાવા માટે પોતાનો અભ્યાસ છોડી દીધો અને પહેલવાન જેવા શરીર અને લડાયક ભાવનાને કારણે NSG કમાન્ડો બન્યો.

આઈજી વિકાસ કુમારે જણાવ્યું હતું કે, બજરંગ સિંહે ૭ વર્ષ સુધી આતંકવાદ વિરોધી કામગીરીમાં ભાગ લીધો હતો અને ૨૦૦૮માં ૨૬/૧૧ના મુંબઈ હુમલા દરમિયાન તાજ હોટેલ ઓપરેશનમાં સામેલ હતો. જોકે, ૨૦૨૧માં નિવૃત્ત થયા પછી તે ગુના તરફ વળ્યો. પોતાના ગામમાં પાછા ફરતા તેણે રાજકારણમાં નિષ્ફળ પ્રયાસ કર્યો અને તેની પત્નીને ગામના વડા તરીકે ઊભી કરી પરંતુ સફળતા મળી નહીં.

### ફ્રાન્સના ૨૦૦ થી વધુ શહેરોમાં વિરોધ પ્રદર્શન

# અમેરિકા બાદ હવે ફ્રાન્સમાં પણ શટડાઉન!

**। (એજન્સી) ફ્રાન્સ, તા.૪ ।**

ફ્રાન્સમાં ઉગ્ર આંદોલન અને વિરોધ પ્રદર્શનોએ રાજકીય વાતાવરણ ગરમાવી દીધું છે. સરકારી નીતિઓનો વિરોધ કરવા માટે રાજધાની પેરિસ સહિત ૨૦૦ થી વધુ શહેરો અને નગરોમાં હજારો લોકો રસ્તા પર ઉતરી આવ્યા હતા. આંદોલનકારીઓની મુખ્ય માંગ સામાજિક કલ્યાણ કાર્યક્રમોમાં કાપ મૂકવાને બદલે શ્રીમંતો પર કર વધારવાની હતી. પેરિસમાં આંદોલનકારીઓએ પ્લેસ ધઈટાલી થી કૂચ શરૂ કરી હતી. ભીડમાં કામદારો, નિવૃત્ત લોકો અને મોટી સંખ્યામાં વિદ્યાર્થીઓ જોડાયા હતા. વિરોધ પ્રદર્શન એટલા વ્યાપક હતો કે, પેરિસનો પ્રખ્યાત એફિલ ટાવર પણ પ્રવાસીઓ માટે બંધ કરી દેવામાં આવ્યો હતો. વહીવટીતંત્રે એક નિવેદન બહાર પાડીને કહ્યું કે, હડતાળથી સ્મારકના સંચાલનને અસર થઈ છે. ફ્રાન્સના મુખ્ય યુનિયનો દ્વારા હડતાળનું એલાન આપવામાં આવ્યું હતું. યુનિયનોએ સરકારને પૂર્વ વડા પ્રધાનની બજેટ યોજના છોડી દેવાની સ્પષ્ટ હાકલ કરી હતી, જેમાં સામાજિક કલ્યાણ કાર્યક્રમો પર રોક અને સરકારી ખર્ચમાં મોટા પાયે કાપનો સમાવેશ થતો હતો. તેઓ દલીલ કરે છે કે, આવા પગલાં સામાન્ય જનતાની, ખાસ કરીને નીચલા અને મધ્યમ આવક ધરાવતા જૂથોની આર્થિક સ્થિતિને વધુ ખરાબ કરશે. આ જ કારણ છે કે, તેઓ સતત શ્રીમંતો પર વધુ કરવેરા માંગી રહ્યા છે. ફ્રાન્સના નવા વડા પ્રધાન, સેબેસ્ટિયન લેકોર્નુએ તાજેતરમાં જ પદ સંભાળ્યું છે, પરંતુ તેમણે હજુ સુધી તેમના સંપૂર્ણ મંત્રીમંડળની જાહેરાત કરી નથી અથવા વિગતવાર બજેટ રૂપરેખા રજૂ કરી નથી. એવી અપેક્ષા છે કે, આગામી દિવસોમાં સરકાર રચના પ્રક્રિયા પૂર્ણ થશે, અને વર્ષના અંત સુધીમાં સંસદમાં બજેટ પર ચર્ચા કરવામાં આવશે. હાલમાં, આ વિરોધ પ્રદર્શનોએ લેકોર્નુની નવી સરકાર પર વધારાનું દબાણ બનાવ્યું છે, કારણ કે જનતા અને યુનિયનો ખર્ચમાં કાપ મૂકવા માટે તૈયાર નથી. હાલમાં, આ વિરોધ પ્રદર્શનોએ લેકોર્નુની નવી સરકાર પર વધારાનું દબાણ બનાવ્યું છે, કારણ કે જનતા અને યુનિયનો ખર્ચમાં કાપ મૂકવા માટે તૈયાર નથી.

# તંત્રી લેખ...

## સરવેના પરિણામે ભાજપ-નીતિશનું ટેન્શન વધાર્યું


બિહાર વિધાનસભા ચૂંટણી ૨૦૨૫ને ધ્યાનમાં રાખીને કરાયેલા એક તાજેતરના સર્વેમાં રાષ્ટ્રીય જનતા દળ (ઈલ્ઙ)ના નેતા તેજસ્વી યાદવ સતત સૌથી લોકપ્રિય મુખ્યમંત્રી પદના ઉમેદવાર તરીકે ટોચ પર છે. રિસર્ચ એજન્સી સી-વોટર (ઝ-ફીી) દ્વારા સપ્ટેમ્બર મહિનામાં કરાયેલા સર્વેના તારણો અનુસાર, વર્તમાન મુખ્યમંત્રી નીતિશ કુમાર અને જન સુરાજના નેતા પ્રશાંત કિશોરની લોકપ્રિયતામાં પણ વધારો થયો છે. જોકે, કેન્દ્રીય મંત્રી ચિરાગ પાસવાન અને નાયબ મુખ્યમંત્રી સમ્રાટ ચૌધરીનો ગ્રાફ ગગડ્યો છે. ચૂંટણીના વર્ષને ધ્યાનમાં રાખીને સી-વોટર ફેબ્રુઆરી મહિનાથી બિહારમાં મુખ્યમંત્રી પદના મનપસંદ ઉમેદવારનો સર્વે કરાવી રહી છે. આ સર્વેમાં ફેબ્રુઆરી ૨૦૨૫થી સતત તેજસ્વી યાદવ ટોચના ક્રમાંક પર જળવાઈ રહ્યા છે. જોકે, તેમની રેટિંગ ૪૦ ટકાથી ઘટીને ઓગસ્ટમાં ૩૧.૩ ટકા થઈ ગઈ હતી, પરંતુ સપ્ટેમ્બરમાં તેમની લોકપ્રિયતામાં ફરી ઉછાળો આવ્યો છે. તાજા સર્વેમાં તેમની રેટિંગ વધીને ૩૫.૫ ટકા પર પહોંચી ગઈ છે. મુખ્યમંત્રી નીતિશ કુમારની વાત કરીએ તો, ઓગસ્ટ મહિના સુધી તેમની રેટિંગ ધીમે ધીમે ઘટીને ૧૮ ટકાથી ૧૪ ટકા સુધી પહોંચી ગઈ હતી. જોકે, સપ્ટેમ્બર મહિનામાં તેમની લોકપ્રિયતામાં થોડો વધારો થયો છે. સી-વોટરના સર્વે મુજબ, સપ્ટેમ્બરમાં તેમની રેટિંગ વધીને ૧૬ ટકા થઈ ગઈ છે. જન સુરાજના સૂત્રધાર પ્રશાંત કિશોર (પીકે) લોકપ્રિયતાના મામલે સતત આગળ વધી રહ્યા છે. ફેબ્રુઆરીમાં તેમની રેટિંગ ૧૪.૯ ટકા હતી, જે જૂનમાં વધીને ૧૮.૨ ટકા થઈ ગઈ અને તેમણે નીતિશ કુમારને પછાડીને સર્વેમાં બીજા નંબર પર કબજો જમાવ્યો હતો. ત્યારથી તેઓ સતત આગળ વધી રહ્યા છે. સપ્ટેમ્બર મહિનાના પરિણામોમાં તેમની રેટિંગ વધીને ૨૩.૧ ટકા થઈ ગઈ છે. લક્ષ્મી વિલાસ જનશક્તિ પાર્ટી (ન્ત્રઁ-રામવિલાસ)ના વડા અને કેન્દ્રીય મંત્રી ચિરાગ પાસવાન મનપસંદ સીએમ ઉમેદવારના સર્વેમાં ૯.૫ ટકા રેટિંગ સાથે ચોથા સ્થાને છે. તેમની રેટિંગમાં સતત ઉતાર-ચઢાવ જોવા મળ્યા છે. ફેબ્રુઆરીમાં તેઓ ૩.૭ ટકા લોકોના મનપસંદ ઉમેદવાર હતા, જે મે મહિનામાં વધીને ૧૦.૬ ટકા સુધી પહોંચી ગયા હતા. ત્યારબાદ તેમની રેટિંગ ૯ અને ૧૦ ટકાની વચ્ચે રહી છે. જ્યારે ભાજપના ડેપ્યુટી સીએમ સમ્રાટ ચૌધરીની લોકપ્રિયતા ગગડી છે. આ સરવેના સપ્ટેમ્બર મહિનાના પરિણામમાં સમ્રાટની રેટિંગ ૬.૮ ટકા રહી ગઇ છે જે ગત મહિને ૯.૫ ટકા હતી. જન સુરાજના સૂત્રધાર પ્રશાંત કિશોર (પીકે) લોકપ્રિયતાના મામલે સતત આગળ વધી રહ્યા છે. ફેબ્રુઆરીમાં તેમની રેટિંગ ૧૪.૯ ટકા હતી, જે જૂનમાં વધીને ૧૮.૨ ટકા થઈ ગઈ અને તેમણે નીતિશ કુમારને પછાડીને સર્વેમાં બીજા નંબર પર કબજો જમાવ્યો હતો. ત્યારથી તેઓ સતત આગળ વધી રહ્યા છે. સપ્ટેમ્બર મહિનાના પરિણામોમાં તેમની રેટિંગ વધીને ૨૩.૧ ટકા થઈ ગઈ છે. લક્ષ્મી વિલાસ જનશક્તિ પાર્ટી (ન્ત્રઁ-રામવિલાસ)ના વડા અને કેન્દ્રીય મંત્રી ચિરાગ પાસવાન મનપસંદ સીએમ ઉમેદવારના સર્વેમાં ૯.૫ ટકા રેટિંગ સાથે ચોથા સ્થાને છે. તેમની રેટિંગમાં સતત ઉતાર-ચઢાવ જોવા મળ્યા છે. ફેબ્રુઆરીમાં તેઓ ૩.૭ ટકા લોકોના મનપસંદ ઉમેદવાર હતા, જે મે મહિનામાં વધીને ૧૦.૬ ટકા સુધી પહોંચી ગયા હતા. ત્યારબાદ તેમની રેટિંગ ૯ અને ૧૦ ટકાની વચ્ચે રહી છે. જ્યારે ભાજપના ડેપ્યુટી સીએમ સમ્રાટ ચૌધરીની લોકપ્રિયતા ગગડી છે. આ સરવેના સપ્ટેમ્બર મહિનાના પરિણામમાં સમ્રાટની રેટિંગ ૬.૮ ટકા રહી ગઇ છે જે ગત મહિને ૯.૫ ટકા હતી.

## સાબરમતી થી વટવા સુધી બુલેટ ટ્રેનના સેગમેન્ટ લગાવવા તથા કેડીલા બ્રિજ પર પીલ્લરો લગાવવાની કામગીરી અંતર્ગત વાહન વ્યવહાર ડાયવર્ઝન અંગેનું શહેર પોલીસ કમિશનરશ્રીની જાહેરનામું

અમદાવાદ શહેરમાં ભારત સરકારના બુલેટ ટ્રેન પ્રોજેક્ટનું બાંધકામ સાબરમતી થી વટવા સુધીનું પાયલોટીંગનું કામ તથા સેગમેન્ટ લગાવવાનું કામ દિનેશચંદ્ર આર.અગ્રવાલ ઈન્ફ્રાકોન પ્રા.લી.,કંપની દ્વારા કરવામાં આવી રહેલ છે. આ કામકાજ અંતર્ગત કેડીલા બ્રિજની ઉપરના ભાગે પીલ્લરો ઉપર સેગમેન્ટ લગાવવાની કામગીરી કરવામાં આવનાર છે. આ કામગીરી તા.૬/૪/૨૦૨૫ થી ચાલુમાં છે. પરંતુ કેડીલાબ્રીજ ઉપર ટેકનીકલ કારણોસર તથા રેલ્વેના શીડ્યુલને કારણે સદર કામગીરી સમય-મર્યાદામાં પુર્ણ થઈ શકેલ નથી. જેથી આ કામગીરી વધુ તા.૧૫/૧૧/૨૦૨૫ સુધી ફક્ત રાત્રીના સમયગાળા દરમિયાન કરવામાં આવનાર છે. સદરહું કામકાજ દરમિયાન નીચે મુજબની વિગતે ટ્રાફિક ડાયવર્ઝન કરવામાં આવનાર છે. વાહનોની અવર-જવર માટે પ્રતિબંધિત માર્ગ, કેડીલા બ્રીજ ઉપર આવેલ ત્રણ રસ્તા પૈકી મધ્ય ભાગમાં આવેલા BRTS રોડ ઉપયુકત સમયગાળા માટે બંને છેડાથી આશરે ૬૦૦ મીટર જેટલો બંધ રહેનાર છે, વૈકલ્પિક માર્ગ, ૧. કેડીલા બ્રીજ ઉપરથી અવર-જવર માટે થતી BRTS બસ દિવસ દરમિયાન બાજુમાં આપેલા બંને રોડનો ઉપયોગ કરી શકશે. ૨. સદર કેડીલા બ્રીજ ઉપર રાત્રી દરમિયાન અવર-જવર કરતાં વાહનો બંને બાજુ આવેલા રોડનો વારાફરતી ઉપયોગ કરી શકશે. એટલે કે જે સાઈડનું કામ ચાલુ રહેશે તેની બાજુના રોડ ઉપર વાહન અવર-જવર કરશે. જે અંગેની તમામ નાગરિકોને જાણ કરવામાં આવે છે. અમદાવાદ શહેરમાં ભારત સરકારના બુલેટ ટ્રેન પ્રોજેક્ટનું બાંધકામ સાબરમતી થી વટવા સુધીનું પાયલોટીંગનું કામ તથા સેગમેન્ટ લગાવવાનું કામ દિનેશચંદ્ર આર.અગ્રવાલ ઈન્ફ્રાકોન પ્રા.લી.,કંપની દ્વારા કરવામાં આવી રહેલ છે. આ કામકાજ અંતર્ગત કેડીલા બ્રિજની ઉપરના ભાગે પીલ્લરો ઉપર સેગમેન્ટ લગાવવાની કામગીરી કરવામાં આવનાર છે. આ કામગીરી તા.૬/૪/૨૦૨૫ થી ચાલુમાં છે. પરંતુ કેડીલાબ્રીજ ઉપર ટેકનીકલ કારણોસર તથા રેલ્વેના શીડ્યુલને કારણે સદર કામગીરી સમય-મર્યાદામાં પુર્ણ થઈ શકેલ નથી. જેથી આ કામગીરી વધુ તા.૧૫/૧૧/૨૦૨૫ સુધી ફક્ત રાત્રીના સમયગાળા દરમિયાન કરવામાં આવનાર છે. સદરહું કામકાજ દરમિયાન નીચે મુજબની વિગતે ટ્રાફિક ડાયવર્ઝન કરવામાં આવનાર છે. વાહનોની અવર-જવર માટે પ્રતિબંધિત માર્ગ, કેડીલા બ્રીજ ઉપર આવેલ ત્રણ રસ્તા પૈકી મધ્ય ભાગમાં આવેલા BRTS રોડ ઉપયુકત સમયગાળા માટે બંને છેડાથી આશરે ૬૦૦ મીટર જેટલો બંધ રહેનાર છે, વૈકલ્પિક માર્ગ, ૧. કેડીલા બ્રીજ ઉપરથી અવર-જવર માટે થતી BRTS બસ દિવસ દરમિયાન બાજુમાં આપેલા બંને રોડનો ઉપયોગ કરી શકશે. ૨. સદર કેડીલા બ્રીજ ઉપર રાત્રી દરમિયાન અવર-જવર કરતાં વાહનો બંને બાજુ આવેલા રોડનો વારાફરતી ઉપયોગ કરી શકશે. એટલે કે જે સાઈડનું કામ ચાલુ રહેશે તેની બાજુના રોડ ઉપર વાહન અવર-જવર કરશે.

### દિવાળીનું વેકેશન ૧૫ દિવસ પહેલા પડી જાય. કેટલાય હવે નહીં ખુલે એવી દહેશતમાં તહેવાર કેમ ઉજવે!

# ઓનલાઇનશોપિંગથીઆપણાંનાણાઈન્ટરનેશનલકંપનીઓદ્વારાવિદેશમાંઠલવાયછે.



**સદગુરુ વચનામૃત**
સંકલન ફાલ્ગુની વસાવડા
(ભાવનગર)

**અત્યારે હમણાં જ એમેઝોનનું સુપર ધમાકા સેલ સમાપ્ત થયું અને એમાં બ્રાન્ડેડ ટીવી, ફોન,એસી માઈક્રોવેવ, ઓવન, એસી, ફ્રીઝ, વેક્યુમ ક્લીનર, ગેસ બોટમ, હોટ પ્લેટ, એરિસ્ટોક્રેટ વીઆઇપી કે અમેરિકન ટુરિઝમની બેગ, વોશીંગ મશીન, મિક્ષ્ચર, જ્યુસર અને અન્ય કીચન વેર, ફેશન એસેસરીઝ, તેમજ બ્રાન્ડેડ કપડાં જાતજાતનું, ૧૦% થી શરૂ કરીને ૫૦% ઉપર સેલમાં વેચાયું, અને સૌ આવાં સેલની રાહ જોઈ ખૂબ ખરીદી કરે છે.**

અમારા ઘરમાં મારી નાની દીકરીએ એની માટે દિવાળી શોપિંગ કર્યું તો રોજ કોઈને કોઈ પાર્સલ આવે ! સપ્ટેમ્બરમાં જન્મદિવસ ગયો તો મારી માટે પણ ગીફ્ટ ઓર્ડર કરી! મેં એક દિવસ પુછ્યુ કે આ ઓનલાઈન શોપિંગનાં રુપિયા કોને મળે? એટલે કે ક્યાં દેશને? એણે કહ્યું મમ્મી આ તો બધી ઈન્ટરનેશનલ કંપની માંથી બ્રાન્ડેડ ખરીદી કરી તો! ઓબ્યેશલી આ રુપિયા વિદેશમાં જ જાય ને! મેં કહ્યું તમે બધા યુવાનો આવી ખરીદી ન કરો તો આ કંપનીની કમાણી બંધ થઈ જાય ! અને રુપિયો તૂટે નહીં! એ પણ વિચારતી થઈ! આ તો મારા ઘરનું એક નાનું એવું ઉદાહરણ છે! બાકી સમાજ દર્શનમાં જોઈએ તો આજકાલ દિવાળીને લઈને લોકોમાં સારું એવું એક્સાઈમેન્ટ છે, અને એ અંગેની ખરીદી પણ ધૂમ મચાવી રહી છે, તો બીજી બાજુ ઓછી આવક ધરાવતો સમાજ દિવાળી સુધી તહેવાર માટે કોઈ ખરીદી કરી શકતો નથી. આટલો વિરોધાભાસ શું કામ સર્જાય છે?: દેખીતી રીતે મંદીની અસર સમાજનાં ધનવાનોને એટલી વર્તાતી નથી, તેમજ ઉચ્ચકક્ષાનાં નોકરિયાત મધ્યમ વર્ગને પણ ઓછી વર્તાય છે. કારણ કે તેઓને એમ બે પાંચ રૂપિયાથી એટલો ફેર પડતો નથી, એટલે એ લોકો પોતાની જરૂરિયાતોને આસાનીથી સંતોષી શકે છે, અને તહેવાર અંતર્ગત જે કંઈ ખરીદવું હોય તેનું આયોજન કરીને ખરીદી શકે છે. જ્યારે મધ્યમ વર્ગમાં પણ મધ્યમ શ્રેણી અને શ્રમજીવી લોકોને તહેવારના સમયે રૂપિયાની અછત વર્તાય છે. કારણ કે રોજગારી ઘટી ગઈ હોવાથી, એટલું સારું કામ મળતું નથી, અને આજીવિકા માટે જે કંઈ સાધન સ્વીકાર્યું હોય એમાંથી રોજિંદુ જીવન પણ માંડ નીકળતું હોય છે. અહીં એક વાત ખાસ એ પણ લખવી જરૂરી છે કે આ વર્ગનાં લોકો આયોજન કરીને જીવતાં નથી, અને જે આવ્યું હોય એમાંથી કંઈ બચી શકે એમ છે કે નહીં? એ પણ વિચારતાં નથી, અને વ્યસનમાં વાપરી નાખે છે. કોઈએ બતાવ્યાં હોય તો એ ઓચિંતાની માંદગી, મહેમાન, કે વ્યવહાર આવી જતા વપરાય પણ જતાં હોય છે. એટલે એકંદરે દિવાળી વખતે એમની પાસે રુપિયા ન હોવાથી પોતાની ઈચ્છા પ્રમાણે તહેવાર ઉજવી શકતાં નથી.

અત્યારે હમણાં જ એમેઝોનનું સુપર ધમાકા સેલ સમાપ્ત થયું અને એમાં બ્રાન્ડેડ ટીવી, ફોન,એસી માઈક્રોવેવ, ઓવન, એસી, ફ્રીઝ, વેક્યુમ ક્લીનર, ગેસ બોટમ, હોટ પ્લેટ, એરિસ્ટોક્રેટ વીઆઈપી કે અમેરિકન ટુરિઝમની બેગ, વોશીંગ મશીન, મિક્ષ્ચર, જ્યુસર અને અન્ય કીચન વેર, ફેશન એસેસરીઝ, તેમજ બ્રાન્ડેડ કપડાં જાતજાતનું, ૧૦% થી શરૂ કરીને ૫૦% ઉપર સેલમાં વેચાયું, અને સૌ આવાં સેલની રાહ જોઈ ખૂબ ખરીદી કરે છે. બેરોજગારી સર્વોચ્ચ સપાટીએ હોવાનું એક કારણ આ પણ છે કે, સ્માર્ટ ફોનના આવતા સોશિયલ મીડિયા અતિ પ્રચલિત પ્લેટફોર્મ બન્યું છે, અને ભારત સહિત અન્ય વિદેશી ઓનલાઈન શોપિંગની ભરમાર અહીં શરૂ થઈ છે, અને એ પ્રમાણમાં સસ્તુ તથા ગુણવત્તા ભર્યું પણ હોય છે. કોઈ કોઈ ફેક કંપની પણ હોય, એટલે ઘણી વાર લોકો છેતરાતા પણ હોય છે. પરંતુ ઘરે બેઠા આપણી વસ્તુઓ આરામથી પ્રાપ્ત થાય, અમુક દિવસનો એક્સચેન્જ તેમજ કેન્સલનો ઓપ્શન મળતો હોય, આ ઉપરાંત કિંમત પણ ઓછી હોય, તો કોઈ શું કામ ન ખરીદે!! બસ આ કોન્સેપ્ટ ધીરે ધીરે હવે વ્યાપક બનતો જાય છે, અને જેને કારણે રોજગારી ઘટી રહી છે. દિવાળી સમયે દુકાનોમાં ગ્રામ્ય પ્રજા અને અન્ય શ્રમજીવી પ્રજાના લોકો દ્વારા જે કંઈ ખરીદી થાય, એટલી જ આમદની લોકલ માર્કેટના ધંધાદારીઓને મળે છે. આ ઉપરાંત શોપિંગ મોલ, બીગ બાસ્કેટ તેમજ બ્લીંકીટ થતાં, લોકો નાની નાની દુકાનોમાં ગ્રોસરી લેવા જતાં પણ નથી, એટલે શ્રમજીવી તેમજ ગ્રામ્ય જનતા પાસે આમ પણ એટલી બચત હોતી નથી, એટલે સમાજનાં નોકરિયાત વર્ગ પાસેથી જે આવક થવી જોઈએ, એ આવક બંધ થતા ધંધા રોજગાર ઠપ થતા જાય છે. આજકાલ તો સતત ક્યાંકને ક્યાંક યુદ્ધ જેવી સ્થિતિ હોવાથી હીરામાં પણ વારંવાર મંદી આવે છે, અને કેટલાય કારખાનોમાં દિવાળીનું વેકેશન ૧૫ દિવસ પહેલા પડી જાય. કેટલાય હવે નહીં ખુલે એવી દહેશતમાં તહેવાર કેમ ઉજવે!

આર એસ એસ તો એમેઝોનને ઈસ્ટ ઈન્ડિયા કંપની તરીકે સરખાવે છે, અને કહે છે કે એમેઝોનનું વિસ્તરતું વ્યાપક પ્રમાણ આપણને ફરીથી ગુલામી તરફ દોરી રહ્યું છે, જોકે હવે તો ફલીપકાર્ટ પણ વિદેશી કંપની જ છે. આ ઉપરાંત વિદેશી કંપનીઓ એપલ અને બીજી કંપનીઓ માર્કેટમાં પોતાના દેશ કરતાં પણ વધું રૂપિયા આપણી પાસેથી કમાઈ લે છે, અને એટલે એમનાં આર્થિક તંત્ર મજબૂત બને છે. જોકે હવે ઈન્ડિયન ઓનલાઈન શોપિંગ કંપનીઓ પણ શરૂ થઈ છે, પરંતુ એ બધાં હોય કે વિદેશી હોય, જો ઓનલાઈન શોપિંગનું પ્રમાણ વધતું જશે, તો આવા શ્રમજીવી વર્ગને રોજગાર ક્યાંથી મળશે?? એ પણ એક બહુ ચિંતાજનક વાત છે, અને આ બધાને કારણે આપણા મધ્યમ વર્ગના લોકો બેરોજગારી તેમજ ગરીબીમાં પીસાય છે.

રાષ્ટ્રીય પુરસ્કૃતથી નવાજેલા ખેલાડીઓ તેમજ અન્ય ક્ષેત્રોના અગ્રણી, અભિનેતા તેમજ અભિનેત્રી ઓ આવી કંપનીઓનાં બ્રાન્ડ એમ્બેસેડર બની આજીવન કમાણી કરે છે, અને આમ ધનવાન વર્ગ વધુને વધુ ધનવાન થતો જાય છે, અને એ જ રીતે ગરીબ વધુને વધુ ગરીબ થતો જાય છે. આવું આપણે એટલે ચિંતન કરી રહ્યા છીએ કે, એ આપણા જ ભાઈ બહેનો છે, અને આપણા સમાજની આવી ઓછી આવક ધરાવતી વ્યક્તિઓ વિશે આપણે નહીં વિચારીએ તો બીજું કોણ વિચારશે? વિકાસ એની રીતે બરોબર છે, પરંતુ સમાજનો સર્વાંગી વિકાસ થાય ત્યારે જ તે આલેખનીય છે, અને ગરીબ અને ધનવાન વચ્ચેની ખાઈ તો દિવસે ને દિવસે વધતી જ જાય છે. એટલે સર્વાંગી વિકાસ તો દેખાતો નથી, એ એક જગ જાહેર બાબત છે. રાષ્ટ્રપ્રેમ દેખાડવાનાં ઘણા બધા રસ્તાઓ છે, બોર્ડર પર યુદ્ધ કરનારા તો પોતાનાં જીવની બાજી લગાવે જ છે! પરંતુ આપણે પણ આપણાથી ઓછી આવક ધરાવતા લોકોના ધંધા રોજગાર ચાલતા રહે, એવું કંઈક પગલું ભરવું જરૂરી છે, કમ સે કમ આવાં ફેરિયાઓ પાસેથી દરેક પરિવાર ભાવતોલ કરાવ્યા વગર એક એક વસ્તુ ખરીદે. એમનાં ઘરે પણ દિવાળીના દીવડાવો પ્રગટે એ જવાબદારી આપણી છે, અને એમને બે પાંચ રૂપિયા મળે એવું કંઈક કરવું જોઈએ. આ ઉપરાંત આપણા ઘરે રોજીંદા ઘરકામ માટે આવનારા પ્રત્યે પણ મમતાનું વલણ રાખવું, અને જુનું તો આપવું જ પણ નવું પણ લઈ દેવું, જેથી કરીને એ લોકો પણ દિવાળીનો ઉત્સવ ઉજવી શકે. નાના માણસોને કામ મળશે કે આવી લાગણી અને હુંફ મળશે તો, એ લોકો છેતરપિંડી, ચોરી, લૂંટ, હિંસા, બલાત્કાર, હત્યા જેવા ગુનાઓમાંથી પણ બહાર આવશે, અને એ રીતે પણ સમાજ શાંત બનશે. ધનવાન કરે કે ના કરે! પરંતુ મધ્યમ વર્ગના લોકોએ તો, આપણા જ ભાઈ બહેનોની લાગણીને સમજવી જોઈએ, અને જે રીતે થાય, એ રીતે એમની મદદ કરીને એમનું ગુજરાન ચાલે છે કે નહીં? એ જોવું જોઈએ! તો આ છે આપણા જ સમાજનું એવું દર્શન, કે જેને જાણવા છતાં વિકાસને નામે આપણે વિમુખ થતાં જઈએ છીએ! દેશને ઉપર ઉઠાવવો હશે, તો આપણે આ બધું જ કરવું પડશે, અને તો જ આપણે ભારતીય હોવાનો દાવો કરી શકીશું. માત્ર ચુંટણીકાર્ડને આધારે ભારતીય કહેવડાવવું, એ એટલું યોગ્ય કે પર્યાપ્ત નથી, આ એ જ સમય છે, કે જે હર ઘડી આપણને નવયુગ નિર્માણ માટે પોકારી રહ્યો છે. જય હિન્દ.

### પ્રાચીન બર્હિરાજાને નારદજી સમજાવે છે કે, હવે યજ્ઞ કરવાની જરૂર નથી. યજ્ઞમાં તારું કલ્યાણ થવાનું નથી

# કાળએ તો પરમાત્માનો દૂત છે કાળના પણ કાળ પરમાત્મા ને શરણે ગયા તો પછી કાળ પણ શું કરી શકે?



**વિશેષ**
યશપાલસિંહ ડી. વાઘેલા
(દરબાર ગઢ, થરા)

**પૃથુ સ્તુતિ કરે છે,મને મોક્ષનીપણ ઇચ્છા નથી,જ્યાં તમારી કીર્તિ કથા સાંભળવાનું સુખમળતું નથી. મારી એક જ પ્રાર્થના છે કે, કથા શ્રવણ કરવા મને દસ હજાર કાન મળે કે,જેથી તમારી લીલાની ગુણોની કથા સાંભળતો રહું.પૃથુ એ માગ્યું છેકે,તમારા એક ચરણ ની સેવા લક્ષ્મી કરે,એક ચરણની સેવા હું કરું.**

શક્તિ વાવાઝોડાંની દહેશત વચ્ચે આજે આપણે ભગવદ્ ગીતા જ્ઞાનમાં જોઈએ તો ભગવાનના ભક્તોને મૃત્યુનો ડર રહેતો નથી જે ઈશ્વરને શરણાઈ ગયા તે જ નિશ્ચિત બને છે તે જ નિર્ભય બને છે કાળ એ તો પરમાત્માનો દૂત છે કાળના પણ કાળ પરમાત્માને શરણે ગયા તો પછી કાળ પણ શું કરી શકે હું રામજીનો રામજી મારા આટલું અભિમાન ભક્તોએ રાખ્યું છે. ધ્રુવ ભગવાનને શરણે ગયા. ભગવાને દર્શન આપ્યાં, રાજ્ય આપ્યુંઅને અંતે વૈકુંઠલોક આપ્યો આ છે અનન્ય શરણાગતિનું ફળ ધ્રુવનું દ્દષ્ટાંત બતાવે છેકે,દઢ નિશ્ચય બળથી ગમે તેટલું મુશ્કેલ કાર્ય પણ સિદ્ધ થાય છે. પણ તે નિશ્ચય કેવો હોવો જોઈએ? દેહ પાડીશ કે કાર્ય સાધીશ.કાં આ પાર,કાં પેલે પાર જેવો!આ દ્દષ્ટાંત વધુમાંએ પણ બતાવેછે કે,બાલ્યા વસ્થાથી જ જે ભગવાનને ભજે છે તેને ભગવાન મળે છે. વૃદ્ધાવસ્થામાં ભગવાનને ભજે તેનો આવતો જન્મ સુધરે,પરંતુ આ જન્મમાં જ ભગવાનને મેળવવા હોય તો બાલ્યાવસ્થાથી જ ભગવાનને ભજવા જોઈએ. બાલ્યાવસ્થામાં જે સારા સંસ્કાર પડે તે કદી જતા નથી. સુનીતિની જેમ તમારાં બાળકોમાં ધર્મના સંસ્કારો નાનપણથી જ સિંચો.

પછી મૈત્રેયજી વિદુરજીને અને શુકદેવજી પરીક્ષિત રાજાને પ્રચેતાઓની કથા સંભળાવે છે. ધ્રુવજીના વંશમાં આ પ્રચેતાઓ થયેલા છે.

ધ્રુવજીના વંશમાં અંગ રાજા થયો અંગને ત્યાં વેન થયો છે.અંગ સદાચારી,વેન દુરાચારી થયો છે. વેનના રાજ્યમાં પ્રજા બહુ દુઃખી થઈછે.વેનના રાજ્યમાં અધર્મ વધ્યો. બ્રાહ્મણોએ વેનને શ્રાપ આપીને તેનો વિનાશ કર્યો. રાજા વગર પ્રજા દુઃખી થઈ. વેનના શરીરનું મંથન કરવામાં આવ્યું. પ્રથમ એક કાળે પુરુષ પ્રગટ થયો.શરીરના નીચેના ભાગ માં પાપ હોવાથી તેનું મંથન કરી પ્રથમ પાપ બધું બહાર કાઢ્યું ઘૂંટીથી નીચેનોભાગએ ઉત્તમનથી દૂંટીથી ઉપરનોભાગ ઉત્તમગણાય છે.તે પછી ઉપરના પવિત્રભાગમાં બાહુનું મંથન વેદમંત્રો દ્વારા કરવા માં આવ્યું છે,તેથી પૃથુ મહારાજ નું પ્રાગટ્ય થયું અર્ચન ભક્તિમાં પૃથુ શ્રેષ્ઠ છે.તેઓ નિત્ય મહાભિષેક કરે છે. પૃથુમહારાજના રાજ્યમાં પ્રજા સુખી થઈ.પૃથુ રાજાએ અશ્વમેઘ યજ્ઞ કર્યો.આ યજ્ઞમાં ઘોડો છૂટો મૂકવામાં આવે છે.ઘોડો કોઈ ઠેકાણે ન બંધાય તો તેનું બલિદાન અશ્વમેઘ યજ્ઞમાં કરવામાં આવે છે અશ્વએ વાસના નું સ્વરૂપ છે અનેતે કોઈ વિષયમાં ન બંધાય તો આત્મા સ્વરૂપમાં લીન થાય. વાસના કોઈ વિષયમાં બંધાય તો વિવેકથી યુદ્ધ કરી તેને શુદ્ધ કરવાની છે.આ યજ્ઞમાં ઈન્દ્રે વિઘ્ન કર્યું. તે ઘોડાને લઈ જાય છે.તે યજ્ઞમાં અત્રિ મહારાજ બેઠા હતા.પૃથુનો પુત્ર ઘોડો લઈને આવે છે.ભગવાન ત્યાં પ્રગટ થયા છે.



પૃથુ સ્તુતિ કરે છે,મને મોક્ષનીપણ ઈચ્છા નથી,જ્યાં તમારી કીર્તિ કથા સાંભળવાનું સુખમળતું નથી.મારી એક જ પ્રાર્થના છે કે, કથા શ્રવણ કરવા મને દસ હજાર કાન મળે કે,જેથી તમારી લીલાની ગુણોની કથા સાંભળતો રહું.પૃથુ એ માગ્યું છેકે,તમારા એક ચરણ ની સેવા લક્ષ્મી કરે,એક ચરણની સેવા હું કરું.

પૃથુરાજાએ ધર્મથી પ્રજાનું પાલન કરી પૃથ્વીમાં રહેલા અનેક પ્રકાર ના રસોનું યુક્તિથી દોહન કરેલું. પૃથુમહારાજની પ્રજાધર્મની મર્યાદાઓનું પાલન કરે છે.

પૃથુ મહારાજ ગાય તથા બ્રાહ્મણોનું પાલન કરતા હતા.ગાય આરોગે ઘાસ અને આપે દૂધ.બ્રાહ્મણ સાધારણ ભિક્ષાથી નિર્વાહ કરીને સર્વને જ્ઞાનદાન કરે છે. ગાય અને બ્રાહ્મણ સંતોષ પામે એટલેપ્રજાને શક્તિ અને જ્ઞાન મળે,તેથી પ્રજા સુખી થાય.જ્યારે સંપત્તિ કરતાં પણ સારા સંસ્કાર તથા ધર્મની જરૂર સમજાશે ત્યારે દેશ સુખી થશે.

પૃથુમહારાજ એકવાર અર્ચિરાણી સાથે બેઠા હતા,ત્યાં સનતકુમારો આવ્યા અને સત્સંગથી તેમને વૈરાગ્ય થયો. સનતકુમારના ઉપદેશથી પૃથુરાજાએ વનનો આશ્રમ કર્યો.પ્રાચીન કાળમાં રાજાઓ પણ રાજ્ય છોડી વનમાં જઈ પ્રભુનું ભજન કરતા હતા, પરંતુ અર્થપ્રધાન અને ભોગપ્રધાન આ કાળમાં કોઈને વનમાં જવાની જરૂર લાગતી નથી. એટલે સુખ શાંતિ ક્યાંથી મળે?

પૃથુ પછી તેમના પુત્ર વિજિતાશ્વ રાજા થયા.તેને ત્રણ ભાઈઓ હતાઃ હર્યક્ષ, ધૂમ્રકેશ અને વૃક. તે પછી અંતર્ધાનને ત્યાં હવિર્ધાન અને હવિર્ધાનને ત્યાં પ્રાચીન બર્હિરાજા થયો.પ્રાચીન બર્હિ રાજાને ત્યાં પ્રચેતાઓ થયા છે. પ્રચેતાઓ નારાયણ સરોવરને કિનારે આવે છે.નારદજી તેમને રુદ્રગીતાનો ઉપદેશ કહે છે. કહે છે,તમો તપ કરો.તપ વગર સિદ્ધિ મળતી નથી.તપ ન કરે તેનું પતન થાય છે.પૃથુ પછી તેમના પુત્ર વિજિતાશ્વ રાજા થયા. તેને ત્રણ ભાઈઓ હતાઃ હર્યક્ષ, ધૂમ્રકેશ અને વૃક. તે પછી અંતર્ધાનને ત્યાં હવિર્ધાન અને હવિર્ધાનને ત્યાં પ્રાચીન બર્હિરાજા થયો.પ્રાચીન બર્હિ રાજાને ત્યાં પ્રચેતાઓ થયા છે. પ્રચેતાઓ નારાયણ સરોવરને કિનારે આવે છે.નારદજી તેમને રુદ્રગીતાનો ઉપદેશ કહે છે. કહે છે,તમો તપ કરો.તપ વગર સિદ્ધિ મળતી નથી.તપ ન કરે તેનું પતન થાય છે.

નારદજી પ્રાચીન બર્હિરાજાને પ્રશ્ન કરે છે કે,તમે અનેક યજ્ઞો કર્યા છે, તમને શાંતિ મળી કે નહીં?રાજા એ કહ્યું,મને શાંતિ મળી નથીપણ યજ્ઞો દ્વારા બ્રાહ્મણોની સેવા કરું છું યજ્ઞ દ્વારા સમાજ સેવામાં સંપત્તિનો સદુપયોગ કરું છું.

પ્રાચીન બર્હિરાજાને નારદજી સમજાવે છે કે, હવે યજ્ઞ કરવાની જરૂર નથી. યજ્ઞમાં તારું કલ્યાણ થવાનું નથી. એ ચિત્તશુદ્ધિ માટે છે ચિત્તશુદ્ધિ થયા પછી એકાંતમાં બેસી ધ્યાન કરવાની જરૂર છે. કેવળ યજ્ઞ કરવાથી ઈશ્વરનો સાક્ષાત્કાર થતો નથી,માટે શાંતિ થી બેસી તું આત્મસ્વરૂપનું ચિંતન કર. જે પોતાના સ્વરુપને ઓળખી શકતો નથીતે ઈશ્વરને કેવી રીતે ઓળખી શકવાનો. તે માટે તને એક કથા કહું છું તે સાંભળ.

પ્રાચીનકાળમાં પુરંજન નામે એક રાજા થયો હતો.રાજાનો એકમિત્ર હતો.તેનું નામ અવિજ્ઞાત. અવિજ્ઞાત પુરંજનને સુખી કરવા સારું સતત પ્રયત્નશીલ રહેતો, છતાં પુરંજનને આ વાતની ખબર ન પડે એવી કાળજી રાખતો હતો. અવિજ્ઞાત તે ઈશ્વર છે. અજ્ઞાતરૂપે ઈશ્વર જીવને મદદ કરે છે. તે પુરંજન જીવાત્માને સુખી કરવા માટે વરસાદ વરસાવે, અનાજ ઉત્પન્ન કરે તેમ છતાં આ પુરંજનને હું સઘળું કરું છું તેમ ખબર પડવા દે નહીં. પુરંજન પણ હું કોને લીધે સુખી છું તેનો વિચાર કરતો નથી.પરમાત્માની આ અવિજ્ઞાત લીલા છે.ત્યાં બુદ્ધિકામ કરતી નથી.ભગવાન કહે છે, ખાવાનું કામ તારું, પચાવવાનું કામ મારું છે. જીવ જમે છે, પરમાત્મા પચાવે છે.અંદર ઠાકોર જી અગ્નિરૂપે બિરાજે છે.ખાધા પછી ભગવાન કહે છે,હવે સૂવાનું કામ તારું, જાગવાનું કામ મારું. શરીર તે ગાડી,જીવાત્મા તે મુસાફર અને ગાડીને ચલાવનાર તે પરમાત્મા.ભગવાન સૂઈ જાય તો અચ્યુતમ્ કેશવમ્ થઈ જાય. રેલવે એન્જિનનો ડ્રાઈવર સૂઈ જાય તો ગાડી અટકી જાય! મુસાફર સૂઈ જાય તો પણ ઈશ્વર સૂત્રધાર સૂતો નથી, છતાં જીવ વિચાર કરતો નથી કે, મને કોણ સુખ આપે છે?

### કંતારા ચેપ્ટર ૧ વર્લ્ડ વાઇડ ૧૦૦ કરોડે પહોંચી

# કંતારાએ પહેલા દિવસે સૈયારા-બાહુબલી ફિલ્મને પછાડ્યા

**રિષભ શેટ્ટી દ્વારા લખાયેલી અને ડિરેક્ટ થયેલી પહેલી કંતારાની સફળતાની કોઇએ કલ્પના કરી નહોતી**

કંતારા ચેપ્ટર ૧ રિલીઝ થઈ ગઈ છે અને વર્લ્ડ વાઈડ બોક્સ ઓફિસ પર આ ફિલ્મે કલ્પના કરતાં પણ સારી કમાણી કરી છે. આ ૨૦૨૨માં આવેલી આ ફિલ્મની પ્રિક્વલે બહુ સારી શરૂઆત કરી છે અને વિદેશમાં પણ દર્શકોને પ્રભાવિત કર્યા છે. આ ફિલ્મે પહેલાં જ દિવસે સૌથી વધુ કમાણી કરતી ફિલ્મોની યાદીમાં સ્થાન બનાવી લીધું છે.કંતારા ચેપ્ટર ૧ ફિલ્મે પહેલા દિવસે ભારતમાં લગભગ ૭૨ કરોડની કમાણી કરી છે, સાઉથના થિએટરમાં આ ફિલ્મની ૭૦ ટકાથી વધુ ટિકિટ વેચાઈ ગઈ હતી, કન્નડા, તમિલ, તેલુગુ અને મલયાલમમાં આ ફિલ્મે સૌથી વધુ કમાણી કરી છે. દેશમાં હિન્દીમાં ડબ થયેલા વર્ઝને પણ ૨૦ કરોડ જેટલી કમાણી કરી છે.ફિલ્મ ટ્રેડના નિષ્ણાતો માને છે કે કંતારા ચેપ્ટર ૧ વિદેશોમાં પણ સારી ચાલી રહી છે. જેમાં ભારત બહારથી લગભગ ૨ મિલિયન ડોલરની કમાણી થઈ છે. જે મળીને ફિલ્મે પહેલા જ દિવસે લગભગ ૯૦ કરોડની કમાણી કરી લીધી છે. જો પહેલા દિવસની કમાણીની વાત કરીએ તો, યશની કેજીએફ ચેપ્ટર ૨એ પહેલા દિવસે માત્ર આ ફિલ્મથી વધુ ૧૫૯ કરોડની કમાણી કરી હતી. કંતારા ચેપ્ટર ૧ પહેલા જ દિવસે ૯૦ કરોડની કમાણી સાથે છેલ્લાં કેટલાક સમયની પહેલા દિવસે વધુ કમાણી કરનારી ફિલ્મોની યાદીમાં ટોચ પર આવી ગઈ છે. આ કમાણી સાથે આ ફિલ્મે સ્ત્રી ૨ની ૭૯.૬૦ કરોડ, બાહુબલી ૧ની ૭૩.૪૦ કરોડ, બ્રહ્માસ્ત્ર પાર્ટ ૧ ૬૮.૮૦ કરોડની કમાણી કરી ચુકેલી ફિલ્મને પ૦છળ છોડી દેશે. જો છેલ્લાં કેટલાંક સમયમાં બોલિવૂડની સૌથી વધુ કમાણી કરનારી ફિલ્મોમાં કોઈ ફિલ્મ આ ફિલ્મથી નજીક પણ રહી શકી નથી. ૨૦૨૫માં બોલિવૂડની સૌથી વધુ કમાણી કરનાર ફિલ્મ છાવાએ પણ પહેલા દિવસે માત્ર ૩૭.૨૫ કરોડની કમાણી કરી હતી.



### રિયાલિટી શોમાં અહાના કુમારે ખોલી પોલ

# ધનશ્રી ચહલનું નામ લઈને વિક્ટિમ કાર્ડ રમે છે?

એક્ટ્રેસ આહાના કુમરા રિયાલિટી શો 'રાઈઝ એન્ડ ફોલ'માંથી બહાર થઈ ગઈ છે. આ શોમાં તેની સૌથી વધુ વાતચીત ક્રિકેટર યુઝવેન્દ્ર ચહલની પૂર્વ પત્ની ધનશ્રી વર્મા સાથે થતી હતી. એક ઈન્ટરવ્યૂમાં આહાનાએ ધનશ્રી અને ચહલના છૂટાછેડા અંગે પ્રતિક્રિયા આપી છે. આહાનાએ કહ્યું કે શોમાં ધનશ્રી પીડિત બનવાનો નાટક કરી રહી છે. 'રાઈઝ એન્ડ ફોલ' શો માં ધનશ્રીને હંમેશા ચહલ સાથેના સંબંધો અને છૂટાછેડાને લઈને વાતચીત કરતા જોવા મળી છે. હવે શોમાંથી બહાર થયા બાદ આહાના કુમરાએ ધનશ્રીના સંબંધો વિશે વાત કરી છે. એક ઈન્ટરવ્યૂમાં જ્યારે આહાનાને ધનશ્રી વિશે પૂછવામાં આવ્યું તો પહેલા આહાનાએ જણાવ્યું કે તેણે કોઈની ખાનગી જીવનમાં દખલ દેવાનો શોખ નથી. આહાનાએ સ્પષ્ટ કર્યુ શોમાં તેણે ધનશ્રીને તેના લગ્ન વિશે ભાગ્યે જ કોઈ પ્રશ્ન પૂછયો હશે. તેણે કહ્યું કે.'ધનશ્રીના લગ્ન કોની સાથે થયા, કેમ થયા.. મે આ બાબતે ક્યારે નથી પૂછયું, પણ ધનશ્રીએ મને બધુ જણાવી દીધું. તેનાથી અંદાજો આવે છે કે તે આ શોમાં શું કામ આવી છે અને શું રમી રહી છે'. આહાનાએ કહ્યું કે, 'ધનશ્રીએ આ શો માં પોતાના અંગત જીવન વિશે ઘણી વાતચીત કરી છે. મને પહેલા એવું નહોતું લાગતું એક મહિલા હોવાના કારણે તે પોતાની વાત શેર કરી રહી છે. પણ સમય વીતી ગયો છતાં પણ એકની એક વાત કરતી હોવાથી આ મુદ્દે મારુ મન ભરાઈ ગયું. મને બિલકુલ પસંદ નથી કે કોઇ શો માં પોતાની અંગતવાત કરી પીડિત બનવાનું નાટક કરે. અમે બધાએ ધનશ્રીની વાત સાંભળી છે. પણ હવે તેને આગળ વધવું જોઈએ'.



### આર્ટિફિશિયલ ઇન્ટેલિજન્સની મદદથી પણ, તેમના નામ અને છબીનો ઉપયોગ કરવામાં આવશે નહીં

# વ્યક્તિત્વ અધિકાર કેસમાં આશા ભોંસલેને હાઇકોર્ટનું રક્ષણ



**પરવાનગી વિના સેલિબ્રિટીના અવાજની નકલ કરવા માટે એઆઈ ટૂલ્સનો ઉપયોગ તેમના ઓળખ અધિકારોનું ઉલ્લંઘન : કોર્ટ**

બોમ્બે હાઈકોર્ટે વ્યક્તિત્વ અધિકાર કેસમાં સુપ્રસિદ્ધ પ્લેબેક ગાયિકા આશા ભોંસલેની તરફેણમાં ચુકાદો આપ્યો છે. બોમ્બે હાઈકોર્ટે તેમના વ્યક્તિત્વ અધિકારોનું રક્ષણ કરતો આદેશ જારી કર્યો. કોર્ટે વિવિધ સંગઠનોને ગાયિકાના વ્યક્તિગત અધિકારો, જેમ કે તેમના નામ અને છબીઓનો દુરુપયોગ કરવાથી પ્રતિબંધ મૂક્યો હતો. આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સની મદદથી પણ, તેમના નામ અને છબીનો ઉપયોગ કરવામાં આવશે નહીં.કોર્ટે જણાવ્યું હતું કે પરવાનગી વિના સેલિબ્રિટીના અવાજની નકલ કરવા માટે એઆઈ ટૂલ્સનો ઉપયોગ તેમના ઓળખ અધિકારોનું ઉલ્લંઘન કરે છે. ન્યાયાધીશ આરિફ એસ. ડોક્ટરે જણાવ્યું હતું કે, કોઈ સેલિબ્રિટીની પરવાનગી વિના તેનું અનુકરણ કરવા માટે એઆઈ ટૂલ્સ પૂરા પાડવાથી તે સેલિબ્રિટીના વ્યક્તિત્વ અધિકારોનું ઉલ્લંઘન થશે. આવા ટૂલ્સ સેલિબ્રિટીના અવાજના અનધિકૃત ઉપયોગ અને હેરફેરને પ્રોત્સાહન આપે છે, જે તેમની વ્યક્તિગત ઓળખ અને જાહેર વ્યક્તિત્વનો મુખ્ય ઘટક છે.આશા ભોંસલેએ મેક ઈન્ક. સહિત અનેક પ્રતિવાદીઓ સામે કોર્ટનો સંપર્ક કર્યો હતો, જે એક એઆઈ કંપની છે જે કથિત રીતે તેમના અવાજના ક્લોન કરેલા સંસ્કરણો ઓફર કરી રહી હતી. વ્યક્તિગત અધિકારો વ્યક્તિના તેમની ઓળખના વ્યાપારી અને પ્રકાશિત ઉપયોગને નિયંત્રિત કરવાના કાનૂની અધિકારનો સંદર્ભ આપે છે.

# ૫ વર્ષ બાદ રિયા ચક્રવર્તીને NCBએ જપ્ત કરેલો પાસપોર્ટ પાછો મળ્યો

**સુશાંત સિંહ રાજપૂતની આત્મહત્યા બાદ તેના ડ્રગ્સ કનેક્શનની તપાસ કરતી NCBએ રિયાનો પાસપોર્ટ જપ્ત કર્યો હતો**

વર્ષ ૨૦૨૦માં સુશાંત સિંહ રાજપૂતની આત્મહત્યાના સમાચારે સૌને ચોંકાવી દીધા હતા. આ આત્મહત્યાને લઈને તેની ગર્લફ્રેન્ડ અને અભિનેત્રી રિયા ચક્રવર્તી પર શંકાની સોય આવીને અટકી હતી. જેને લઈને રિયા ચક્રવર્તીને જેલમાં જવાની પણ નોબત આવી હતી. સાથોસાથ તેનો પાસપોર્ટ પણ જપ્ત કરવામાં આવ્યો છે. જોકે, હવે આ કેસના પાંચ વર્ષ બાદ રિયા ચક્રવર્તી માટે સારા સમાચાર આવ્યા છે.સુશાંત સિંહ રાજપૂતની આત્મહત્યા બાદ તેના ડ્રગ્સ કનેક્શનની તપાસ કરતી નાર્કોટિક્સ કંટ્રોલ બ્યુરો(દ્રઝ્રમ્)એ રિયા ચક્રવર્તીનો પાસપોર્ટ જપ્ત કર્યો હતો. જેથી તેના વિદેશ પ્રવાસો પણ અટકી ગયા હતા. જેથી તે કોઈ ફિલ્મ પણ કરી શકતી ન હતી. જેને લઈને રિયા ચક્રવર્તીએ દ્રઝ્રમ્ પાસેથી પાસપોર્ટ પાછો મેળવવા માટે બોમ્બે હાઈ કોર્ટમાં અરજી કરી હતી. આ અરજીને લઈને બોમ્બે હાઈ કોર્ટે રિયા ચક્રવર્તીને રાહત આપી હતી.તાજેતરમાં રિયા ચક્રવર્તીની અરજી પર થયેલી સુનાવણીમાં તેના વકીલે દલીલ કરી હતી કે, રિયાએ તેની જામીનની તમામ શરતોનું પાલન કર્યું છે. તેણે ક્યારેય કોર્ટના આદેશનું ઉલ્લંઘન કર્યુ નથી. તેને અવારનવાર શૂટિંગ, ઓડિશન અને મીટિંગ્સ માટે હવાઈ યાત્રા કરવાની જરૂર પડે છે. વકીલની આ દલીલને ધ્યાનમાં રાખીને બોમ્બે હાઈ કોર્ટે પોતાની સુનાવણીમાં દ્રઝ્રમ્ને તેનો પાસપોર્ટ પાછો આપવાનો આદેશ કર્યો હતો.પોતાનો પાસપોર્ટ પાછો મેળવીને રિયા ચક્રવર્તીએ પોતાની લાગણી વ્યક્ત કરી હતી. રિયા ચક્રવર્તીએ ઈન્સ્ટાગ્રામ પર પોતાના પાસપોર્ટનો ફોટો શેર કરીને લખ્યું હતું કે, ''છેલ્લા ૫ વર્ષનું ધીરજ મારો આ પાસપોર્ટ હતો. અગણિત લડત, અનંત આશા. આજે, મારી પાસે ફરી મારો પાસપોર્ટ આવી ગયો છે. હું મારા બીજા અધ્યાય માટે તૈયાર છું. સત્યમેવ જયતે.''ઉલ્લેખનીય છે કે, રિયા ચક્રવર્તીએ ઈન્સ્ટાગ્રામ પર કરેલી પોસ્ટને લઈને ફાતિમા સના શેખ, શિવાની દાંડેકરે તેને શુભેચ્છાઓ પાઠવી છે. તેમણે કોમેન્ટમાં લખ્યું કે, હવે તે નિઃસંકોચ ફોરેન ટ્રીપ પર જઈ શકશે. અગણિત લડત, અનંત આશા. આજે, મારી પાસે ફરી મારો પાસપોર્ટ આવી ગયો છે. હું મારા બીજા અધ્યાય માટે તૈયાર છું. સત્યમેવ જયતે.''ઉલ્લેખનીય છે કે, રિયા ચક્રવર્તીએ ઈન્સ્ટાગ્રામ પર કરેલી પોસ્ટને લઈને ફાતિમા સના શેખ, શિવાની દાંડેકરે તેને શુભેચ્છાઓ પાઠવી છે. તેમણે કોમેન્ટમાં લખ્યું કે, હવે તે નિઃસંકોચ ફોરેન ટ્રીપ પર જઈ શકશે.




### રિતિકને બહુપ્રતિભાશાળી સ્ટોરી ટેલર બનવાનું સપનું

# રિતિક બનશે પ્રોડ્યુસર, પ્રાઇમ વીડિયો માટે બિગ બજેટ વેબ સિરીઝ બનાવશે


**રિતિક છેલ્લા ત્રણ વર્ષથી એક કોન્સેપ્ટ પર કામ કરી રહ્યો છે અને તે પોતે આ શોનું પ્રોડક્શન અને તેની પ્રક્રિયા પર નજર રાખશે**

બોલિવૂડમાં ગ્રીક ગોડ તરીકે જાણીતો રિતિક રોશન હવે પ્રોડ્યુસર તરીકે ડેબ્યુ કરીને પોતાની કેરિઅરની યશકલગીમાં વધુ એક પીંછું ઉમેરવા જઈ રહ્યો છે. દાયકાઓ સુધી પોતાની એક્ટિંગથી બોક્સ ઓફિસ પર રાજ કર્યા પછી હવે રિતિક પોતાના એચઆરએક્સ ફિલ્મ્સ બેનર હેઠળ સક્રિય રીતે પ્રોડ્યુસર તરીકે કામ કરવાનું શરૂ કરી રહ્યો છે. એવા અહેવાલો છે કે તેનું પ્રોડક્શન હાઉસ એમેઝોન પ્રાઈમ વીડિયો માટે એક મોટા બજેટની વેબ સિરીઝ બનાવી રહ્યું છે. અગાઉ રિતિક સુપર ૩૦માં સાઈલન્ટ પ્રોડ્યુસર તરીકે ૨૦૧૯માં કામ કરી ચુક્ય છે, ત્યારે હવે મોટા પ્રોજેક્ટમાં તે પહેલી વખત પ્રોડ્યુસર તરીકે સક્રિયપણે પોતાની સફર શરૂ કરશે. રિતિક છેલ્લા ત્રણ વર્ષથી એક કોન્સેપ્ટ પર કામ કરી રહ્યો છે અને તે પોતે આ શોનું પ્રોડક્શન અને તેની પ્રક્રિયા પર નજર રાખશે.જોકે, હજુ આ સિરીઝના કાસ્ટિંગ કે તેની વાર્તા અંગે દરેક બાબત ગુપ્ત રખાઈ છે, પરંતુ એવી ચર્ચા છે કે આ એક જકડી રાખે એવી સોશિયલ થ્રિલર સિરીઝ હશે. આ સિરીઝમાં અનેક વળાંકો, અનેક આવરણોવાળા જટીલ પાત્રો અને ગંભીર વાર્તા હશે, આ સિરીઝનું શૂટિંગ આ વર્ષના અંત સુધીમાં શરૂ થઈ જશે એવી અપેક્ષા છે.રિતિક માટે પ્રોડક્શન હાઉસ શરૂ કરવું એટલે માત્ર કોઈ કન્ટેન્ટને આર્થિક સહકાર આપવા પૂરતું નથી, પરંતુ તે મૂળમાંથી કોઈ પ્રોજેક્ટ પર કામ કરવા માગે છે. હવે એચઆરએક્સ ફિલ્મ્સ હેઠળ, તે એક એવું પ્લેટફર્મ ખડું કરવા માગે છે કે, જેનાથી તેનું કેરિઅર વિસ્તારવાની સાથે નવા જમાનાની સ્ટોરી ઓટીટીના ઓડિયન્સ સુધી લઇ જવા માગે છે. રિતિકનું આવનારું વર્ષ કામથી ભરચક રહેવાનું છે.



### આગામી સુનાવણી ૧૫ જાન્યુઆરીએ થશે

# અભિષેક બચ્ચન અને ઐશ્વર્યા રાયે ગૂગલ અને યુટ્યુબ વિરુદ્ધ દાવો માંડ્યો



**બચ્ચન પરિવારે યુટ્યુબ પર સામગ્રીની દેખરેખ અને થર્ડ પાર્ટી ટ્રેનિંગ પોલિસી પર ચિંતા વ્યક્ત કરી**

અભિષેક બચ્ચન અને ઐશ્વર્યા રાય બચ્ચને ગૂગલ અને યુટ્યુબ સામે કાયદેસરના પગલા લેવાનું નક્કી કર્યુ છે, જેમાં છૈં-જનરેટેડ ડીપફેક્સ દ્વારા તેમનાં ફોટો અને વિડિયોના કથિત દુરુપયોગ બદલ ૪ કરોડ રૂપિયાનો દાવો માંડ્યો છે. ઐશ્વર્યા અને અભિષેકે અગાઉ તેમનાં વ્યક્તિત્વના અધિકારોની સુરક્ષા માટે પણ દાવો કર્યો હતો, તેમણે વિવિધ પ્લેટફોર્મ પર અનુમતિ વિના નકારાત્મક રીતે એડીટ કરેલી સામગ્રીને અનિયંત્રિત રીતે ફેલાવવા દેવાનો આરોપ લગાવ્યો હતો.કેટલાક અહેવાલ મુજબ, બચ્ચન પરિવારે યુટ્યુબ પર સામગ્રીની દેખરેખ અને થર્ડ પાર્ટી ટ્રેનિંગ પોલિસી પર ચિંતા વ્યક્ત કરી છે. તેમણે દાવો કર્યો છે કે તેઓ આ રીતે તસવીરો અને વીડિયોના દુરુપયોગ માટે જગ્યા પુરૂ પાડે છે. તેમના કોર્ટ ફાઈલિંગમાં જણાવાયું છે કે, ''એઆઈ મોડેલ્સને તાલીમ આપવા માટે ઉપયોગમાં લેવાતી આવી સામગ્રી કોઈ પણની ગુપ્તતાનું ઉલ્લંઘન કરતી સામગ્રીના ઉપયોગના પ્રમાણને વધારી શકે છે – કારણ કે આ પ્રકારની સામગ્રી પહેલા યુટ્યુબ પર અપલોડ કરવામાં આવે છે અને લોકો દ્વારા જોવામાં આવે છે, અને પછી લોકોને આ અંગે તાલીમ આપવા માટે પણ ઉપયોગમાં લેવાય છે.''તેમણે નોંધાવેલી ફરિયાદમાં તેમણે આ બાબતને ભયંકર અને જાતીય રીતે સ્પષ્ટ ડીપફેક વિડિયો ઓનલાઈન પ્રસારિત કરવામાં આવ્યા હોવાનો દાવો કર્યો છે. આવી એક ચેનલ, એઆઈ બોલિવૂડ ઈશ્ક પર સેલિબ્રિટીઝના ચહેરાનો ઉપયોગ કરીને દર્શાવતી ૨૫૦થી વધુ નકલી એડિટ કરેલી ક્લિપ્સ દર્શાવે છે, જેમાં ઘણા વિડિયોઝને લાખો વ્યૂઝ મળ્યા છે. તેમાં કથિત રીતે ઐશ્વર્યા રાય બચ્ચનને પૂલમાં સલમાન ખાન સાથે અને અભિષેક બચ્ચનને બનાવટી સિક્વન્સમાં દર્શાવતી નકલી ક્લિપ્સ સામેલ છે જ્યાં તે અચાનક કોઈ અભિનેત્રીને ચુંબન કરે છે અથવા એડિટ કરીને મુકેલા સીન પર ગુસ્સે થાય છે. ગયા મહિને, દિલ્હી હાઈકોર્ટે ગૂગલના વકીલને વિગતવાર લેખિત જવાબ સબમિટ કરવાનો નિર્દેશ આપ્યો હતો. આ મુદ્દે આગામી સુનાવણી ૧૫ જાન્યુઆરીએ થવાની છે.

# બે વર્ષથી કોઇ ફિલ્મ આવી નથી છતાં વાર્ષિક ૩,૧૯૦ કરોડની કમાણી

**જુહી ચાવલા અને તેના પરિવારની કમાણીમાં ગયા વર્ષની સરખામણીમાં ૬૯ ટકાનો ઉછાળો જોવા મળ્યો**



૯૦ના દાયકામાં, રવિના ટંડન, કરિશ્મા કપૂર, કાજોલ અને જુહી ચાવલા જેવી અભિનેત્રીઓએ બોક્સ ઓફિસ પર રાજ કર્યું હતું. પરંતુ જ્યારે સૌથી ધનિક અભિનેત્રીઓની વાત આવે છે, ત્યારે જુહી ચાવલાનું નામ સૌથી પહેલા આવે છે. ભલે તે બે વર્ષથી કોઈ ફિલ્મમાં દેખાઈ નથી, પરંતુ તેણીએ ચોક્કસપણે તેના સાહસો, રિયલ એસ્ટેટ અને રોકાણો દ્વારા ૭,૭૯૦ કરોડનું સામ્રાજ્ય બનાવ્યું છે. હુરુન ઈન્ડિયા રિચ લિસ્ટ ૨૦૨૫ અનુસાર, જુહી ચાવલા અને તેના પરિવારની કમાણીમાં ગયા વર્ષની સરખામણીમાં ૬૯ ટકાનો ઉછાળો જોવા મળ્યો છે.અહેવાલ મુજબ, જુહી ચાવલાની મોટાભાગની કમાણી નાઈટ રાઈડર્સ સ્પોર્ટ્સમાંથી આવે છે, જેના કારણે તે સિનેમામાં સૌથી વધુ નેટ-વર્થ ધરાવતી અભિનેત્રી બની છે. જોકે, અભિનેતાઓમાં, તે શાહરૂખ ખાનથી પાછળ છે, જેની કમાણી ૧૨,૪૯૦ કરોડ છે. જોકે, જુહી ચાવલાએ ૨,૧૬૦ કરોડ સાથે ઋતિક રોશન, ૧,૮૮૦ કરોડ સાથે કરણ જોહર અને ૧,૬૩૦ કરોડ સાથે અમિતાભ બચ્ચનને પાછળ છોડી દીધા છે.જુહીની સંપત્તિનો નોંધપાત્ર હિસ્સો આઈપીએલની સૌથી મૂલ્યવાન ફ્રેન્ચાઈઝીઓમાંની એક, કોલકાતા નાઈટ રાઈડર્સમાં તેના હિસ્સામાંથી આવે છે. તે તેના લાંબા સમયના મિત્ર અને સહ-કલાકાર શાહરૂખ ખાન અને તેના પતિ જય મહેતા સાથે તેમની સંબંધિત કંપનીઓ, રેડ ચિલીઝ એન્ટરટેઈનમેન્ટ અને મહેતા ગ્રુપ દ્વારા કેકેઆરની સહ-માલિકી ધરાવે છે.વધુમાં, આઈપીએલ ૨૦૨૪ નો ખિતાબ જીત્યા પછી કેકેઆરની બ્રાન્ડ વેલ્યુમાં નોંધપાત્ર વધારો થયો છે. હૌલિહાન લોકીના આઈપીએલ બ્રાન્ડ વેલ્યુએશન સ્ટડી અનુસાર, લીગનું કુલ મૂલ્ય વધીને ૧.૪૫ લાખ કરોડ થયું છે, જેમાં એકલા કેકેઆર નું મૂલ્ય ૧,૯૧૫ કરોડ હતું. ગયા વર્ષ સુધીમાં, જુહી ચાવલાની કુલ નેટવર્થ ૪,૬૦૦ કરોડ હતી. જુહીએ એક જ વર્ષમાં આ રકમમાં ૩,૧૯૦ કરોડનો ઉમેરો કર્યો છે. રિચ લિસ્ટ ૨૦૨૫માં ટોચની ૧૦ સ્વ-નિર્મિત મહિલાઓમાં તે છઠ્ઠા ક્રમે છે. હૌલિહાન લોકીના આઈપીએલ બ્રાન્ડ વેલ્યુએશન સ્ટડી અનુસાર, લીગનું કુલ મૂલ્ય વધીને ૧.૪૫ લાખ કરોડ થયું છે, જેમાં એકલા કેકેઆર નું મૂલ્ય ૧,૯૧૫ કરોડ હતું. ગયા વર્ષ સુધીમાં, જુહી ચાવલાની કુલ નેટવર્થ ૪,૬૦૦ કરોડ હતી. જુહીએ એક જ વર્ષમાં આ રકમમાં ૩,૧૯૦ કરોડનો ઉમેરો કર્યો છે. રિચ લિસ્ટ ૨૦૨૫માં ટોચની ૧૦ સ્વ-નિર્મિત મહિલાઓમાં તે છઠ્ઠા ક્રમે છે.

# મુખ્યમંત્રી ગૌમાતા પોષણ યોજના-૨૦૨૫

## ગૌશાળાઓ તથા પાંજરાપોળના સંચાલકો મુખ્યમંત્રી ગૌમાતા પોષણ યોજનાનો લાભ લેવા આઈ- ખેડૂત પોર્ટલ-૨.૦ પર અરજી કરી શકશે

। (માહિતી) નડિયાદ, તા.૪ ।

જિલ્લાની ગૌશાળાઓ તથા પાંજરાપોળના સંચાલકોને નાયબ પશુપાલન નિયામકશ્રી ખેડા -નડિયાદ દ્વારા જણાવવામાં આવ્યું છે કે, રાજ્યની પબ્લિક ટ્રસ્ટ એક્ટ હેઠળ નોંધાયેલ ગૌશાળા તથા પાંજરાપોળ ખાતે રાખવામાં આવતા ગાય અને ભેંસ વર્ગના પશુઓ માટે નિભાવ સહાયની મુખ્યમંત્રી ગૌમાતા પોષણ યોજના નાણાકીય વર્ષ ૨૦૨૫-૨૬ માટે આઈ-ખેડૂત પોર્ટલ-૨.૦ પર મૂકવામાં આવેલ છે. આ યોજનાના ઠરાવ તેમજ શરતો અને બોલીઓની વિગતો **Website: http:// gauseva.guja®a.gov.in** પર ઉપલબ્ધ છે. જુલાઈ-૨૦૨૫ થી સપ્ટેમ્બર-૨૦૨૫ના તબક્કાની સહાય માટે તારીખ ૧૫-૧૦-૨૦૨૫ સુધી આઈ-ખેડૂત પોર્ટલ પર અરજીઓ સ્વીકૃત કરવામાં આવશે. આ સમયગાળા દરમિયાન આઈ-ખેડૂત પોર્ટલ-૨.૦ પર અરજી કરી લેવાની રહેશે. ઓનલાઈન અરજી ન કરેલ લાભાર્થી સંસ્થાને તે તબક્કાની સહાય મળવાપાત્ર રહેશે નહીં. ઓનલાઈન કરેલ અરજીની પ્રિન્ટ આઉટ સાથે બિડાણમાં રાખવાના જરૂરી સાધનિક કાગળો બિડાણ કરી અચૂકપણે અરજી કર્યાના દિન-૨૧માં નાયબ પશુપાલન નિયામકશ્રી, જિલ્લા પંચાયત કચેરી, ખેડા ને રજૂ કરવાના રહેશે. ઓનલાઈન કરેલ અરજી તથા અરજીમાં બીડાણમાં જણાવેલ સાધનિક કાગળો સાથે જો લાભાર્થી દ્વારા નાયબ પશુપાલન નિયામકશ્રી, જિલ્લા પંચાયત ખાતે દિન-૨૧માં રજૂ ન કરે તો તે અરજી રદ કરવા પાત્ર રહેશે.

# પ્રેમ સંબંધમાં નડતરરૂપ 3 વર્ષીય પુત્રની હત્યા કરનારી માતા, પ્રેમીને આજીવન કેદ

। (માહિતી) અમદાવાદ, તા.૪ ।

પ્રેમ સંબંધમાં નડતરરૂપ ત્રણ વર્ષના પુત્રની હત્યા કરનારી માતા અને તેના પ્રેમીને પ્રિન્સિપલ જજ હેમાંગ આર. રાવલે ગુનેગાર ઠરાવીને આજીવન કેદની સજા ફટકારી છે. આ સાથે જ કોર્ટે નોંધ્યુ હતું કે, દૂધમાં બિસ્કિટ સાથે ક્લોરપાયરીફોર્સ નામના ઓર્ગેનોફોસ્ફરસ પ્રકારનું રાસાયણિક ઝેર મિલાવી બાળકને પીવડાવીને મોત નિપજાવ્યાનું પુરવાર થયું છે. હાલમાં દિન-પ્રતિદિન સાપરાધ મનુષ્યવધના બનાવોમાં વધારો થયો છે. પ્રસ્તુત કેસ રેરેસ્ટ ઓફ રેરના વ્યાપમાં આવતો ન હોય આરોપીઓને આજીવન કેદની સજા કરવામાં આવે છે. નરોડા શ્રીજી ટોલનાકાની સામે રતિલાલની ચાલીમાં રહેતા અજય પરમારના લગ્ન જ્યોતિબેન સાથે થયા હતા અને તેમને એક ત્રણ વર્ષનો દીકરો યુવી હતો. જ્યોતિ પરમારને પાલનપુરમાં રહેતા ભૂપેન્દ્ર ઉર્ફે ભરત પરમાર સાથે પ્રેમ સંબંધ હતો. જેની જાણ અજયને થતા સમાજના આગેવાનો સાથે રાખીને સમાધાન કર્યું હતું. ૬ ઓગસ્ટ ૨૦૨૧ના રોજ જ્યોતિ તેના દીકરા યુવીને તાવ આવતો હોય સિવિલ બતાવવા જવું છે તેમ કહીને ગઈ હતી. ચાર વાગ્યાની આસપાસ દીકરા યુવીને લઈને જ્યોતિ ઘરે આવી હતી તે વખતે યુવી કંઈ બોલતો નહોતો. જેથી તાકીદે શારદાબેન હોસ્પિટલમાં લઈ ગયા હતા. જ્યાં યુવીને આઈસીયુમાં બેભાન આવસ્થામાં હતો અને ૮ ઓગસ્ટ ૨૦૨૧ના રોજ મૃત્યુ પામ્યો હતો. ડોક્ટરોએ કહ્યું કે, બાળકનું મોત ઝેરના લીધે થયું છે. આ પછી ઘરના સભ્યોએ જ્યોતિને વિશ્વાસમાં લઈને પૂછપરછ કરતા તેણીએ જણાવ્યું હતું કે, ૬ ઓગસ્ટે ભરત પરમારનો ફોન આવતા યુવીને લઈને સિવિલ ગઈ હતી. જ્યાં નજીકમાં નાગેશ્વર ગેસ્ટ હાઉસમાં રોકયા હતા. તે વખતે ભરત પરમારે યુવી કાંટાની જેમ ખુચતો હોય એક ગ્લાસમાં દૂધ અને બિસ્કિટ લઈ આવી તેમાં ઝેર મીલાવી યુવીને પીડવાડી દીધું હતું. અજય પરમારે નરોડા પોલીસ મથકમાં ફરિયાદ કરતા પોલીસે ભરત ઉર્ફે ભૂપેન્દ્ર પરમાર અને જ્યોતિની ધરપકડ કરીને કોર્ટમાં કેસ મૂકયો હતો. આ કેસ ચાલતા અધિક સરકારી વકીલ ભાવેશ એસ. પટેલે પૂરતા સાક્ષી તપાસી અને દસ્તાવેજી પુરાવા રજૂ કરી કોર્ટને જણાવ્યું હતું કે, આરોપીઓએ હત્યા કરી હોવાના કેસને સમર્થન મળે છે, કેસ નિઃશંકપણે પુરવાર થાય છે ત્યારે સમાજમાં દાખલો બેસાડવા માટે મહત્તમ સજા કરવી જરૂરી છે.

# ઝાલોદ ૧૧૨ની સરાહનીય કામગીરી : ગુમ થયેલ યુવકને તેના પરિવારને સોપ્યો



તસ્વીર : પંકજ પંડિત, ઝાલોદ

। (પ્રતિનિધી) ઝાલોદ, તા.૪ ।

ગુજરાત સરકારની નવી પહેલ સમસ્યા અનેક પણ નિરાકરણ માટે નંબર ૧૧૨ ની જનસુવીધા જાહેર જનતા માટે ચાલુ કરવામાં આવી છે. આ સેવાનો લાભ ગુજરાતમાં લાખો લોકો રોજેરોજ લઈ રહેલ છે. ૧૧૨ ની એક ઉત્તમ અને સરાહનીય કામગીરી ઝાલોદમા જોવા મળી હતી. ઝાલોદ બિયામાળીના પ્રીતેશભાઈને એક અજાણ્યો વ્યક્તિ જેની ઉમર આસરે ૬૫ વર્ષ હતી તે બિયામાળી ખાતે બેઠા જોવા મળેલ હતા અજાણ્યા વ્યક્તિને જોઈ તેઓ દ્વારા ૧૧૨ મા કોલ કરેલ હતો ફરિયાદી પ્રીતેશભાઈની ફરિયાદના આધારે ૧૧૨ દ્વારા અજાણ્યા વ્યક્તિ સાથે વાતો કરી કયા ગામના છે તે વિશે માહિતી મેળવી હતી. વાતચીત કરતાં અજાણ્યા વ્યક્તિએ પોતાનું નામ સુરતાન ગવ્યા વસૈયા (હીરોલા, સંજેલી) હોવાનું જણાવેલ હતું. ૧૧૨ દ્વારા સુરતાનભાઈ જોડે થયેલ વાતચીતના આધારે તપાસ આદરી હતી અને તેઓ હીરોલા ( સંજેલી ) ના જ છે તે ખરાઈ થયેલ હતું. ભૂલે પડી ગયેલ સુરતાનભાઈને તેમના ભાઈ મગનભાઈને ૧૧૨ ની ટીમ દ્વારા સોપવામાં આવેલ હતો. આ ગુમ થયેલ વ્યક્તિ ૦૩-૧૦-૨૦૨૫ ના રોજ રાત્રીના ૧:૪૫ વાગે મગન ગવ્યા વસૈયાને (હીરોલા, સંજેલી) ૧૧૨ ની ટીમ દ્વારા ગણતરીના કલાકોમાં સોપવામા આવેલ હતો. ૧૧૨ ટીમની ઝડપી કામગીરી થી પરિવારજનો દ્વારા ૧૧૨ ની ટીમનો આભાર માનવામાં આવેલ હતો. આમ ગુમ થયેલ યુવક ઝાલોદના બીયામાળી માંથી મળતા ૧૧૨ દ્વારા ગુમ થઈ યુવકને હિરોલા ગામે તેના પરિવારને સોંપવાની સરાહનીય કામગીરી જોવા મળેલ હતી.

# ગુજરાત રાજ્ય ભાજપના પ્રદેશ પ્રમુખ જગદીશ પંચાલ બનતા ઝાલોદ પંચાલ સમાજ દ્વારા ફટાકડાની આતશબાજી કરી ભાજપના નિર્ણયને આવકાર્યો



તસ્વીર : પંકજ પંડિત, ઝાલોદ

। (પ્રતિનિધી) ઝાલોદ, તા.૪ ।

ગુજરાત ભાજપના પ્રદેશ પ્રમુખ તરીકે અમદાવાદ નિકોલના ૫૨ વર્ષીય ધારાસભ્ય અને રાજ્યકક્ષાના મંત્રી જગદીશ વિશ્વકર્માની વરણી કરવામાં આવેલ છે. ઓલસી સમાજ માંથી આવતા પંચાલ સમાજના કદાવર નેતા જગદીશ વિશ્વકર્માને ભાજપ પ્રદેશ પ્રમુખનો તાજ આપવામાં આવતા ઝાલોદ પંચાલ સમાજમાં ખુશી વ્યાપી ગયેલ જોવા મળેલ હતી. જગદીશ વિશ્વકર્મા પાસે બહોળો રાજકીય અનુભવ સાથે મજબૂત તેમજ પ્રતિભાશાળી ભાજપના નેતા તરીકે તેઓની ગણના થાય છે. રાજકીય કારકિર્દી રીતે તેઓ સંગઠન સાથે લાંબા સમયથી કાર્યરત છે તેથી તેમની પકડ સંગઠનમાં મજબૂત છે. તેઓ એક શિક્ષિત અને સંગઠાત્મક રીતે સરકારમાં બહોળા અનુભવ સાથેના પરિપક્વ નેતા તરીકેની ગણના થાય છે. ઝાલોદ પંચાલ સમાજ દ્વારા ગુજરાત રાજ્ય ભાજપ પ્રમુખ તરીકે જગદીશ વિશ્વકર્માની વરણી થતાં વિશ્વકર્મા મંદિર ખાતે પૂજા આરતી કરી ભાજપના નિર્ણયને આવકાર્યો હતો. પ્રથમ વખત ભાજપના પ્રમુખ તરીકે ઓબીસી સમાજ માથી આવતા પંચાલ સમાજના નેતાની વરણી કરવામાં આવતા વિશ્વકર્મા મંદિર ખાતે સમાજના આગેવાનો દ્વારા ભવ્યાતિભવ્ય આતશબાજી કરવામાં આવી હતી. તેમજ વિશ્વકર્મા ભગવાનની જય જયકાર કરી ભગવાન વિશ્વકર્માના આશીર્વાદ બની રહી ભાજપ પાર્ટીને વધુ મજબૂત બનાવી આગળ લઈ જાય તેવી શુભકામનાઓ સાથે ભાજપની નવી જવાબદારી માટે ઉપસ્થિત પંચાલ સમાજના આગેવાનો દ્વારા શુભેચ્છાઓ પાઠવવામાં આવી હતી.

# આઈ.ટી.આઈ.કઠલાલ ખાતે "કૌશલ્ય દિક્ષાંત સમારોહ યોજાયો

। (માહિતી) નડિયાદ, તા.૪ ।

આઈ.ટી.આઈ.કઠલાલ ખાતે "કૌશલ્ય દિક્ષાંત સમારોહ"નું આયોજન કરવામાં આવ્યું હતુ. જેમાં દરેક ટ્રેડના ઉત્તીર્ણ તાલીમાર્થીઓના પ્રથમ,દ્વિતીય અને તૃતિય સ્થાન પ્રાપ્ત કરનાર તાલીમાર્થીઓને પ્રમાણપત્ર અને મેડલ એનાયત કરવામાં આવ્યા હતા. મુખ્ય અતિથિ તરીકે **Jayco Engg.** ના શ્રી આકાશ પ્રજાપતિ તેમજ **Aeromatic Engg. Pvt.Ltd.** નાં શ્રી નીતીશ ભટ્ટીએ હાજરીએ તાલીમાર્થીઓના ઉત્સાહમાં વધારો કર્યો હતો.તેમના પ્રેરક વક્તવ્યથી તાલીમાર્થીઓને ઔ-દ્યોગિક ક્ષેત્ર બાબતે ઊંડાણપૂર્વકનું માર્ગદર્શન મળ્યું હતુ. આઈ.ટી.આઈ.ની ઉપલબ્ધિ તેમજ વિશિષ્ટતાઓ વિશે આચાયશ્રી પૂનમ રાઠોડ દ્વારા સમજૂતી આપવામાં આવી હતી. ભૂતપૂર્વ તાલીમાર્થીઓ જેઓ હાલ અલગ અલગ કંપનીમાં નોકરી કરીને રોજગાર મેળવી રહ્યા છે. તેઓએ પણ પોતાના અનુભવો વર્ણવ્યા હતા. જે ખરેખર ખૂબ પ્રેરણાદાયક રહ્યું હતુ.. આ કાર્યક્રમમાં દરેક તાલીમાર્થીઓએ ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો.

# જીએસએફસીના કર્મચારીઓનું આંદોલન જારી : પોલીસનો જાપ્તો

## બેકારી વધારવાના ઇરાદે એકાએક પગાર બંધ કરી દીધો છે આ અંગે રોજે રોજ નીત નવા વાયદા કરવામાં આવે છે

। (પ્રતિનિધી) વડોદરા, તા.૪ ।

જી.એસ.એફ.સીમાં કોન્ટ્રાક્ટ બેઝ પર નોકરી કરતા મહિલાઓ સહિત ૧૦૦થી વધુ કર્મીઓ છેલ્લા આઠ મહિનાથી પગારથી વંચિત રહ્યા છે. જેથી તમામ કોન્ટ્રાક્ટ કર્મીઓ જીએસએફસી બહાર છેલ્લા ૧૬ દિવસથી ધરણા સૂત્રોચારનો કાર્યક્રમ યોજી રહ્યા છે. જોકે કર્મીઓ પાસે કોર્ટનો હુકમ પણ છે કે તેમને આડકતરી રીતે છુટા કરવા નહીં અને પગાર પણ બંધ કરવો નહીં છતાં પણ મેનેજમેન્ટ એક તરફી નિર્ણય લઈને અન્યાય કર્યો છે. ઉલ્લેખનીય છે કે શહેરના ઉત્તર છેવાડે આવેલી જીએસએફસી કંપની બહાર કોન્ટ્રાક્ટના કર્મીઓ પગારની માગણી અંગે છેલ્લા ૧૬ દિવસથી ધારણા સુત્રોચારનું કાર્યક્રમ યોજી રહ્યા છે. ઘરમાં નાના બાળકોને એકલા મૂકીને મહિલા કર્મીઓ પણ આ ધરણા-સૂત્રોચાર કાર્યક્રમમાં જોડાયા છે. ગાંધી ચિંધ્યા માર્ગે ધરણા સૂત્રોચાર કાર્યક્રમ યોજી રહેલા ગરમીના અગ્રણીએ જણાવ્યું હતું કે અમે ઈન્ડિયન એક્ટિવિટી કરતા હોવાથી અમને પગારથી વંચિત કરી દેવામાં આવ્યા છે. છેલ્લા આઠ મહિનાથી અમને પગાર આપવામાં આવ્યો નથી. અમે નોકરી કરવા પણ તૈયાર છે પરંતુ કંપની મેનેજમેન્ટ દ્વારા કહેવાય છે કે અમે ધરણા કરનારને કોઈને ઓળખતા નથી. કોન્ટ્રાક્ટર દ્વારા એકાએક પગાર બંધ કરી દેવાથી કર્મીઓના ઘરના બજેટ ખોવાઈ ગયા છે. બેકારી વધારવાના ઈરાદે એકાએક પગાર બંધ કરી દીધો છે. આ અંગે રોજે રોજ નીત નવા વાયદા કરવામાં આવે છે.

# સુરતમાં ગણેશ પંડાલમાં તસ્કરોએ કરી લૂંટ, ગણેશોત્સવ તહેવારમાં તસ્કરોનો તરખાટ

। (માહિતી) સુરત, તા.૪ ।

સુરતમાં તસ્કરો બેફામ બન્યા છે. રાજ્યભરમાં ગણેશોત્સવની ધામધૂમથી ઉજવણી થઈ રહી છે. ત્યારે ડાયમંડ સીટી સુરત શહેરમાં તસ્કરો તહેવારનો લાભ લઈ તરખાટ મચાવી રહ્યા છે. તસ્કરોએ શહેરમાં અનેક વિસ્તારોમાં ગણેશ પંડાલમાં લૂંટ ચલાવી. મહિધરપુરામાં તસ્કરોએ ૮ પંડાલોમાં કરી ચોરી. ગણેશ પંડાલમાં ફક્ત ચોરીથી ના અટકતા તસ્કરોએ મૂર્તિઓ પણ ખંડિત કરી. ભગવાનની મૂર્તિઓ ખંડિત થતા અને પંડાલોમાં ચોરીની ઘટના બનતા સ્થાનિકોમાં ભારે રોષ જોવા મળ્યો. ઘટનાની પોલીસને જાણ કરાઈ.

પોલીસે મહિધરપુરામાં તસ્કરોએ ૮ પંડાલોમાં થયેલ ચોરીને લઈને કડક તપાસ હાથ ધરી. ગણેશ પંડાલમાં ચોરી થયાનું સામે આવતા ક્રાઈમ બ્રાન્ચ સહિત સ્થાનિક પોલીસો તત્કાલ ઘટનાસ્થળે પહોંચ્યા હતા. પોલીસે પંડાલ અને આસપાસના **CCTV** ફૂટેજના આધારે તપાસ હાથ ધરી હતી. અને ગણતરીના કલાકોમાં પંડાલમાં કરાયેલ ચોરીનો ભેદ ઉકેલાયો. પોલીસે બે ઈસમોની ધરપકડ કરી. પોલીસે ગણેશ પંડાલની ચોરીમાં તત્કાલ એકશનમાં આવતા શંકાસ્પદ વિસ્તારોમાં ચેકિંગ હાથ ધર્યુહતું. **CCTV** ફૂટેજના આધારે ચોરી કરનાર ઈસમોની ઓળખ કરી. દરમિયાન સ્ટેશન વિસ્તારમાંથી આરોપીઓ મળી આવ્યા. પોલીસે આરોપીઓને ઝડપી ચોરીનો મુદા માલ કબ્જે કરવાની કાર્યવાહી શરૂ કરી. મહત્વનું છે કે સુરત સહિત રાજ્યભરમાં ગણેશોત્સવની ધામધૂમથી ઉજવણી થઈ રહી છે. શહેરમાં અલગ-અલગ થીમ પર પંડાલો બનાવવામાં આવ્યા છે. શહેરભરમાં ૧ લાખથી વધુ પ્રતિમાઓ સ્થાપિત કરવામાં આવી છે. શહેરમાં પ્રતિષ્ઠિત ગણેશ પંડાલો દ્વારા ૧૦૦ કરોડથી લઈને ૬૫ લાખ સુધીનો વીમો પણ ઉતરાવવામાં આવ્યો છે. ડાયમંડ સીટી સુરતમાં ગણેશોત્સવ તહેવારને લઈને આ વર્ષે જુદી-જુદી થીમ પર ગણેશ પંડાલ બનાવવામાં આવ્યા. કયાંક ગંભીરા બ્રિજ અકસ્માતની થીમ પર ગણેશ પંડાલ બનાવવામાં આવ્યો તો મોટા વરાછાનો પંડાલ દેશભક્તિથી રંગાયો. વરાછાના એક પંડાલમાં આતંકવાદ વિરુદ્ધ ભારતીય સેનાની જીત "ઓપરેશન સિંધુર" થીમ પર પંડાલ બનાવવામાં આવ્યો. તો શહેરમાં એક એવો પણ અનોખો પંડાલ છે જે "શ્રીફળવાળો ગણેશજી" તરીકે જાણીતો છે. આ પંડાલને લઈને માન્યતા છે કે અંહી પોતાની ઈચ્છા ગણેશજીને કહેવામાં આવે છે અને મનોકામના પૂર્ણ થતા નાળિયેર ચઢાવવાની પરંપરા છે. ડાયમંડ સીટી સુરતમાં ગણેશોત્સવ તહેવારને લઈને આ વર્ષે જુદી-જુદી થીમ પર ગણેશ પંડાલ બનાવવામાં આવ્યા. કયાંક ગંભીરા બ્રિજ અકસ્માતની થીમ પર ગણેશ પંડાલ બનાવવામાં આવ્યો તો મોટા વરાછાનો પંડાલ દેશભક્તિથી રંગાયો. વરાછાના એક પંડાલમાં આતંકવાદ વિરુદ્ધ ભારતીય સેનાની જીત "ઓપરેશન સિંધુર" થીમ પર પંડાલ બનાવવામાં આવ્યો. તો શહેરમાં એક એવો પણ અનોખો પંડાલ છે જે "શ્રીફળવાળો ગણેશજી" તરીકે જાણીતો છે. આ પંડાલને લઈને માન્યતા છે કે અંહી પોતાની ઈચ્છા ગણેશજીને કહેવામાં આવે છે અને મનોકામના પૂર્ણ થતા નાળિયેર ચઢાવવાની પરંપરા છે.

# પ્રાકૃતિક કૃષિ અભિયાન-૨૦૨૫ પ્રાકૃતિક કૃષિમાં નુકસાનકારક જીવાતનું નિયંત્રણ અને મિત્ર કીટકની સંખ્યા વધારવા માટે અગ્નિઅસ્ત્ર રામબાણ ઈલાજ

। (માહિતી) રાજપીપળા, તા.૪ ।

રાજયપાલશ્રી આચાર્ય દેવવ્રતજી એ જડ અને ચેતન બંનેની રક્ષા કરવા જણાવ્યું છે. પ્રકૃતિના મૂળભૂત તત્વો જડ તથા માતા-પિતા ચેતન છે. બંનેનું જતન કરવાની જવાબદારી નાગરિકોની છે. પ્રાકૃતિક કૃષિ અભિયાનને વધારેમાં વધારે વેગ મળે તે માટે પ્રાકૃતિક કૃષિમાં ખેડુતોની અવેરનેસ વધે તે માટે સરકર વિવિધ પ્રયાસો કરી રહી છે. સ્વસ્થ પ્રાકૃતિક કૃષિ થાય તે માટે વિવિધ પ્રકારે પ્રચાર અને પ્રસાર વધે તે માટેના સ્ઘન પ્રયત્નો કરવામાં આવી રહ્યા છે ત્યારે આજે આપણે જાણીએ કે પ્રાકૃતિક કૃષિમાં નુકસાનકારક જીવાતનું નિયંત્રણ અને મિત્ર કીટકની સંખ્યા વધારવા માટે રામબાણ ઈલાજ અગ્નિઅસ્ત્ર વિશે. પ્રાકૃતિક ખેતીમાં અગ્નિઅસ્ત્ર એક અસરકારક જંતુનાશક અને ઈયળોના નિયંત્રણ માટેનું અર્ક છે. તે ખાસ કરીને પાકના થડ, ડાળીઓ, ફળો અને શીંગોમાં રહેતી ઈયળો, પાન કોરિયા અને અન્ય મોટી જીવાતો માટે ઉપયોગી છે. અગ્નિઅસ્ત્ર બનાવવાની રીત- અગ્નિઅસ્ત્ર બનાવવા માટે જરૂરી સામગ્રી (અંદાજિત માપ) -૨૦ લિટર દેશી ગાયનું ગૌમૂત્ર, કડવા લીમડાના પાનની ચટણી (પેસ્ટ) , ૨ કિલોગ્રામ (અથવા ૧ લીમડાના પાન) , ૫૦૦ ગ્રામ તીખા લીલા મરચાંની ચટણી (પેસ્ટ), ૨૫૦ ગ્રામ દેશી લસણની ચટણી (પેસ્ટ) , ૫૦૦ ગ્રામ તમાકુ ઉકળવાની પ્રક્રિયાઃ આ મિશ્રણને બે થી ત્રણ વખત ઉફાણો આવે (એટલે કે ઉકળી જાય) ત્યાં સુધી ગરમ કરો. ધ્યાનમાં રાખો કે મિશ્રણ ઉભરાઈને બહાર ન આવે. ઠંડુ કરવું અને આરામ આપવોઃ ઉકળી ગયા પછી, વાસણને નીચે ઉતારી લો અને તેને ૨૪ કલાકથી ૪૮ કલાક સુધી કપડાથી ઢાંકીને ઠંડી જગ્યાએ (છાંયડામાં) મૂકી રાખો. આ સમય દરમિયાન મિશ્રણ ઠંડુ થશે અને તેમાં રહેલા ગુણધર્મો સારી રીતે ભળી જશે. તેને ગાળી લેવાની રીતઃ ૪૮ કલાક પછી, તૈયાર થયેલા અગ્નિઅસ્ત્રને પાતળા સુતરાઉ કપડાની મદદથી ગાળી લો. ગાળી લીધેલા અર્કને હવાચુસ્ત (દૃૈૅક્ષિરં) પ્લાસ્ટિકના કે માટીના વાસણમાં ભરીને છાંયડામાં સંગ્રહ કરો. અગ્નિઅસ્ત્રનો ઉપયોગ ડોઝઃ સામાન્ય રીતે, ૧૦૦ લિટર પાણીમાં ૨ થી ૬ લિટર તૈયાર અગ્નિઅસ્ત્ર ભેળવીને પાક પર છંટકાવ કરવામાં આવે છે. પાક અને જીવાતના પ્રમાણ મુજબ ડોઝ બદલાઈ શકે છે.

# આજનું રાશિ ભવિષ્ય.....

### મેષ (અ,લ,ઇ) :

આજના દિવસે તમારું આરોગ્ય સ્વસ્થ રહેવા ની અપેક્ષા છે. તમારા પોતાના સારા સ્વાસ્થ્ય ના લીધે આજે મિત્રો સાથે રમતગમત ની યોજના બનાવી શકો છો? પોતાના માટે પૈસા બચવાનો તમારો ખ્યાલ આજે પૂરો થયી શકે છે. આજે તમે સારી બચત કરવા માટે સમર્થ હશો. તમારા પરિવારને યોગ્ય સમય આપો. તેમને એ અનુભૂતિ થવા દો કે તમને તેમની પરવા છે.

### વૃષભ (બ,વ,ઉ) :

આજે ખૂલ્લામાં રાખેલું ખાણું ખાતી વખતે ખાસ કરીને તકેદારી રાખવી. પણ બિનજરૂરી તાણ ન લેતા કેમ કે તેનાથી તમારા ટૅન્શનમાં હજી પણ વધારો થશે. અન્યોને પ્રભાવિત કરવા વધુ પડતો ખર્ચ ન કરી નાખતા. સાંજે મિત્રો સાથે બહાર જાવ-કેમ કે તે તમારી માટે કશુંક સારૂં કરશે. આજે પ્રેમ જીવન ખૂબ જ સુંદર રીતે ખીલશે. બિઝનેસમેન્સ માટે સારો દિવસ.

### મિથુન (ક,છ,ઘ) :

આજે તમારૂં મગજ સારી બાબતોને સ્વીકારશે. તમારા માતૃપક્ષ થી આજ તમને ધન લાભ થવા ની પુરી શક્યતા છે. શક્ય છે કે તમારા સગા તમારી આર્થિક મદદ કરે. બાળકો તમને ઘરના કામમાં મદદ કરશે. તમારી બારીમાં ફૂલો મૂકી તમારો પ્રેમ દર્શાવો. તમે જો વગદાર લોકો સાથે રહેશો તો તમે તમારી કારકિર્દીમાં હરણફાળ ભરી શકશો.

### કર્ક (ડ,હ) :

આજે હાલની ઘટનાઓને કારણે તમારૂં મગજ ને ઠેસ પહોંચી છે. આધ્યાત્મિક તથા શારીરિક લાભ માટે ધ્યાન તથા યોગ લાભકારક સાબિત થશે. સટ્ટા અથવા અણધાર્યા લાભ દ્વારા તમારી આર્થિક હાલત સુધરશે. તમારા સંતાનો માટે યોજનાઓ ઘડવા માટે અદભુત દિવસ. તમે એક જગ્યાએ ઊભા હશો અને પ્રેમ તમને બીજા જ વિશ્વમાં ખેંચી જશે.

### સિંહ (મ,ટ) :

આજના દિવસે મિત્રો તમારો પરિચય કોઈક ખાસ વ્યક્તિ સાથે કરાવશે જે તમારા વિચારો પર નોંધપાત્ર અસર છોડશે. આજે તમને ધન સંબંધી કોઈ સમસ્યા આવી શકે છે જે ને ઉકેલવા માટે તમે પોતાના પિતા અથવા પિતાતુલ્ય માણસ થી સલાહ લઈ શકો છો તમારો જિદ્દી સ્વભાવ તમારા માતા-પિતાની શાંતિને નુકસાન પહોંચાડી શકે છે.

### કન્યા (પ,ઠ,ણ) :

આજે માનસિક ભય તમને હતોત્સાહ કરી શકે છે. હકારાત્મક રીતે વિચારવું તથા ઉજળી બાજુ તરફ જોવું એ આ ભયને કિનારે રાખશે. તમે જો રૂઢિગત રીતે રોકાણ કરશો તો તમે સારૂં એવું ધન કમાઈ શકશો. તમારી વધારાની ઊર્જા તથા અસાધારણ ઉત્સાહ તમારી તરફેણમાં પરિણામો લાવશે તથા ઘરના મોરચે રહેલું ટૅન્શન હળવું કરશે.

### તુલા (ર,ત) :

આજના દિવસે તમારી ઈચ્છાઓ પૂરી કરવા માટે અંગત સંબંધોનો દુરૂપયોગ તમારી પત્નીને ગુસ્સો અપાવશે. જીવન ના ખરાબ તબક્કા માં પૈસા તમારા કામ આવશે તેથી આજ થીજ પોતાના પૈસા બચત કરવા ના વિષે વિચારો નહિ તો તમને તકલીફો આવી શકે છે. તમારી વધારાની ઊર્જા તથા અસાધારણ ઉત્સાહ તમારી તરફેણમાં પરિણામો લાવશે.

### વૃશ્ચિક (ન,ય) :

આજના દિવસે ઑફિસમાંથી વહેલા નીકળવાનો પ્રયાસ કરજો અને તમને ખરેખર આનંદ આપતી પ્રવૃત્તિઓ કરો. આજે તમારી સામે રજૂ કરવામાં આવતી રોકાણ યોજનાઓ તરફ તમારે બેવાર જોઈ લેવું. બાળકોને લઈને કેટલીક નિરાશાઓ થશે, કેમ કે તેઓ પોતાની કારકિર્દી પર ધ્યાન આપવાને બદલે અન્ય પ્રવૃત્તિઓ પાછળ વધુ સમય વેડફી રહ્યા છે.

### ધન (ભ,ધ,ફ) :

આજે કેટલાક લોકો માનશે કે કશુંક નવું શીખવા માટે તમે ઉંમરમાં વધુ છો-પણ એ બાબત સત્યથી સદંતર વેગળી છે-તમારા તીવ્ર અને સક્રિય મગજને કારણે તમે નવી બાબત ઝડપથી શીખી લેશો. તામ્ર પૈસા ત્યારેજ તમારા કામ માં આવશે જયારે તમે તેને સંચિત કરો આ વાત તમે જેટલી સારી રીતે સમજી લો તે વધારે સારું નહીંતર પાછળ થી તમે પછતાશો?

### મકર (ખ,જ) :

આજે વધુ આશાવાદી બનવા માટે તમારી જાતને પ્રોત્સાહિત કરો. તે તમારો આત્મવિશ્વાસ તથા લવચિકપણું વધારશે પણ તેની સાથે જ ભય, નફરત, ઈર્ષા અને બદલો જેવી નકારાત્મક ભાવનાઓ છોડવા તૈયાર કરો. જે લોકો ની અત્યાર સુધી પગાર નથી આવી તે લોકો પૈસા માટે પરેશાન રહી શકે છે અને પોતાના મિત્રોથી ઉધાર માંગી શકે છે.

### કુંભ (ગ,શ,સ) :

આજે તબિયતના પગલે જરાક દરકારની જરૂર છે. જે લોકોએ કોઈ અજાણ્યા વ્યક્તિ ના સૂચન પર નિવેશ કર્યું હતુ તે લોકો ને આજે તે નિવેશ થી લાભ થવા ની પુરી શક્યતા છે. ઘરના મોરચે મુશ્કેલીઓનો ચરૂ ઉકળી રહ્યો છે આથી તમે જે બોલો છો તે અંગે સાવચેતી રાખજો. પ્રવાસને કારણે રૉમેન્ટિક સંબંધોને વંગ મળશે. તમારા એક સારા કામને કારણે, કામના સ્થળે તમારા શત્રુઓ આજે તમારા મિત્ર બની શકે છે.

### મીન (દ,ચ,ઝ,થ) :

આજે તમે પરિસ્થિતિને સંભાળશો એટલે તમારી બેચેની દૂર થઈ જશે.તમને એ સમજાવાની શક્યતા છે કે બધું સાબુના પરપોટા જેવું જ છે. હિંમત સાથેના પ્રથમ સંપર્કથી જ ગાયબ થઈ જાય છે. વિવિધ સ્થળેથી આર્થિક લાભ મળી રહેશે. તમારા મિત્રો તથા સંબંધીઓને તમારી આર્થિક બાબતોનું સંચાલન ન સોંપતા, નહીંતર તમારૂં બજૅટ વેરવિખેર થઈ જશે.





ગુજરાતના ગાંધીનગરમાં, નવનિયુક્ત ગુજરાત ભાજપ પ્રમુખ જગદીશ વિશ્વકર્માનો ચાર્જ સંભાળતી વખતે તેમને માળા પહેરાવવામાં આવી રહી છે, બિહારના તમામ ૧૨ માન્ય રાજકીય પક્ષો સાથેની બેઠક દરમિયાન ચૂંટણી કમિશનર સુખબીર સિંહ સંધુ અને વિવેક જોશી સાથે મુખ્ય ચૂંટણી કમિશનર જ્ઞાનેશ કુમાર.

**ન્યૂઝ બ્રિફ**

## ટ્રમ્પે ડેમોક્રેટ્સ શાસિત રાજ્યોને ફન્ડિંગ રદ કર્યુ

। (એજન્સી) મુંબઈ, તા.૪ ।

અમેરિકન પ્રમુખ ટ્રમ્પે શટડાઉનનો ઉપયોગ રાજકીય કિન્નાખોરીની ટોચ કોને કહેવાય તે બતાવવા કરવા માંડયો છે. તેણે ડેમોક્રેટ્સ શાસિત રાજ્યોમાં મંજૂર પ્રોજેક્ટ્સને ભંડોળ ફાળવણી ધડાધડ રદ કરવા માંડી છે. તેમા ન્યૂયોર્કમાં રેલ્વે ટનલનો ૧૮ અબજ ડોલરનો પ્રોજેક્ટ છે અને ડેમોક્રેટ્સ શાસિત રાજ્યોમાં ૮ અબજ ડોલરના ગ્રીન એનર્જી પ્રોજેક્ટસને મળતું ફંડિંગ છે.ટ્રમ્પના આ પગલાંના કારણે ડેમોક્રેટ્સે દેકારો મચાવી મૂક્યો છે. વિપક્ષના નેતા ચક શુમરે જણાવ્યું હતું કે ન્યૂયોર્ક શહેરમાં અત્યંત મહત્ત્વની એવી રેલ્વે ટનલના પ્રોજેક્ટને અટકાવવો તે રીતસરની મૂર્ખામી છે. આ પ્રોજેક્ટ હજારો નોકરીઓનું સર્જન કરે છે અને તેની સાથે પ્રાદેશિક અને દેશની ઈકોનોમી માટે આ પ્રોજેક્ટ ઘણો મહત્ત્વનો છે. આટલેથી જ ન અટકતા ડેમોક્રેટ્સ શાસિત રાજ્યોમાં ટ્રમ્પે આઠ અબજ ડોલરના ગ્રીન પ્રોજેક્ટ અટકાવી દીધા છે. આના લીધે ક્લાઈમેટ ચેન્જને પહોંચી વળવાન અમેરિકાના પ્રયત્નોને ફટકો પડે તેમ છે. આમ ટ્રમ્પ વહીવટીતંત્ર સરકારના નાણાકીય સ્રોત પર તેમના અંકુશનો ઉપયોગ ડેમોક્રેટ્સ પર શટડાઉન ખોલવા માટે દબાણ લાવવા કરી રહી છે.અમેરિકામાં હડસન નદીની નીચે આકાર લેનારી રેલ્વે ટનલનું બાંધકામ હંમેશા રાજકારણ અને ફંડિંગની મુશ્કેલીનો ભોગ બનતું રહ્યું છે. આ ટનલના લીધે ન્યૂયોર્ક અને ન્યૂજર્સીને જોડતી ૧૧૦ વર્ષ જૂની ટનલ પરનું ભારણ ઓછું થશે. નવી ટનલ બનાવવામાં જેટલો વિલંબ થશે તેટલું જ નવી ટનલ પર ભારણ વધતું જશે. શટડાઉનને લઈને રિપબ્લિકન અને ડેમોક્રેટ્સ બંને પક્ષોએ એકબીજા પર આક્ષેપ પ્રતિ આક્ષેપનો દોર ચાલુ રાખ્યો હતો. ટ્રમ્પ તંત્રનો આક્ષેપ હતો કે ડેમોક્રેટ્સ દેશમાં ગેરકાયદેસર રીતે પ્રવેશેલાઓને પણ ઓબામા કેર વડે મફત આરોગ્ય સેવા ચાલુ રાખવા માંગે છે. જ્યારે ટોચના ડેમોક્રેટ્સે આ વાતનો પ્રતિકાર કરતાં જણાવ્યું હતુ કે એફોર્ડેબલ કેર એક્ટ હેઠળ ફક્ત સબસિડી રીન્યુ જ કરવાની છે, જેથી આખા દેશમાં પથરાયેલા અમેરિકન કુટુંબોના વીમા પ્રીમિયમમાં વધારો ન થાય. રિપબ્લિકનોએ તો જણાવ્યું હતુ કે શટડાઉનના કારણે અમારે છટણી કરે તો તે જવાબદારી ડેમોક્રેટ્સની રહેશે. અમેરિકન પ્રમુખ ટ્રમ્પ ટેરિફ નાખીને જે કમાયા તે શટડાઉનમાં ગુમાવે તેવો ઘાટ સર્જાઈ રહ્યો છે. શટડાઉનના કારણ અમેરિકન અર્થતંત્રને રોજનું ૪૦ કરોડ ડોલરનું નુકસાન થઈ રહ્યું છે. તેથી શટડાઉન પૂરુ થવાની સાથે ટ્રમ્પે સહાય પેકેજ જાહેર કરવા પડે તેવી પૂરેપૂરી સંભાવના છે. અમેરિકન પ્રમુખ ટ્રમ્પ માટે શટડાઉન વધુ કપરા દિવસો લાવી શકે છે.

### સરકારની ગંભીર બેદરકારી

# કફ સિરપથી ૧૧ બાળકોના મોત, ૪૦ સેમ્પલ ફેઈલ છતાં વેચાણ ચાલુ

### મધ્યપ્રદેશ-રાજસ્થાનમાં મોતનો આંકડો વધી રહ્યો છે

। (એજન્સી) નવી દિલ્હી, તા.૪ ।

મધ્યપ્રદેશ અને રાજસ્થાનમાં બાળકોના મોતનો આંકડો સતત વધી રહ્યો છે. બંને રાજ્યમાં છેલ્લા ૧૫ દિવસમાં કુલ ૧૧ બાળકોના મોત થયા છે. આ મોત પાછળનું કારણ એક કફ સિરપ હોવાનું જાણવા મળ્યું છે. મધ્યપ્રદેશના છિંદવાડામાં ૯ અને રાજસ્થાનમાં બે બાળકોના મોત બાદ સરકારની નોડલ એજન્સીએ આ મામલે વધુ તપાસ હાથ ધરી છે. મધ્યપ્રદેશ અને રાજસ્થાનના આરોગ્ય અધિકારીઓએ આશંકા વ્યક્ત કરી હતી કે, બંને રાજ્યમાં છેલ્લા કેટલાક દિવસથી થઈ રહેલા બાળકોના મોત પાછળનું કારણ કફ સિરપના કારણે બાળકોની કિડની ફેઈલ થવાનું છે. આ બાળકોને સામાન્ય વાઈરલ તાવમાં એક સરખી જ કફ સિરપ આપવામાં આવી હતી. એક ઓક્ટોબરના રોજ છિંદવાડામાં છ બાળકોના મોત થયા હતા. બાદમાં આજે વધુ ત્રણ બાળકોના મોત થયા હતા. આ દુર્ઘટના બાદ ડેક્સ્ટ્રોમેથોર્ફન હાઈડ્રોબ્રોમાઈડ સિરપનું તાત્કાલિક ધોરણે ટેસ્ટિંગ હાથ ધરાયું છે. હાલ આ બંને રાજ્યોમાં ૧૪૨૦ બાળકો તાવ, શરદી-ખાંસી જેવા વાઈરલ ફ્લુનો ભોગ બનેલા છે. બે દિવસથી વધુ સમય સુધી બીમાર બાળકને સિવિલ હૉસ્પિટલમાં છ કલાક સુધી દેખરેખ હેઠળ





રાખવામાં આવ્યા છે. જો બાળકની સ્થિતિ કથળે તો તેને જિલ્લા હૉસ્પિટલમાં શિફ્ટ કરવામાં આવે છે. ઘરે પણ આશા કાર્યકરો દ્વારા દેખરેખ રાખવામાં આવી રહી છે. રાજસ્થાનના ભરતપુર અને સિકરમાં બે બાળકોના મોત બાદ રાજસ્થાન સરકારે કફ સિરપ પર પ્રતિબંધ મૂક્યો છે. બંને જિલ્લામાં બીમાર બાળકોમાં કફ સિરપના કારણે વોમિટિંગ, બેચેની, બેભાન જેવા લક્ષણો જોવા મળ્યા હતા. સ્ટેટ ડ્રગ ટેસ્ટિંગ લેબોરેટરીએ આ સિરપની ગુણવત્તા ચકાસવા માટે નમૂના એકત્ર કર્યા છે. છેલ્લા બે વર્ષમાં ગુણવત્તાની ચકાણીમાં આ સિરપ ૪૦ વખત જુદા-જુદા ટેસ્ટિંગમાં ફેઈલ રહી હતી. ૨૦૨૦માં ભિલવાડામાં, સિકરમાં ચાર વખત, ભરતપુરમાં બે વખત, અજમેરમાં સાત વખત, ઉદયપુરમાં ૧૭, જયપુર અને વાંસવાડામાં બે-બે વખત ફેઈલ રહી હતી. કંપનીની આ પ્રોડક્ટ બ્લેકલિસ્ટમાં સામેલ હોવા છતાં કંપનીને ટેન્ડર પ્રક્રિયામાં ભાગ લેવા મંજૂરી મળી હતી. ઉલ્લેખનીય છે, સરકાર પાસે પોતાની ટેસ્ટિંગ લેબ ન હોવાથી આરએમએસસીએલ ખાનગી લેબ્સ પર નિર્ભર છે. જેમાં એક ખાનગી લેબે સિરપને પાસ કરી હતી, તો એક એ ફેઈલ. તેમ છતાં તેને સપ્લાય કરવા કોન્ટ્રાક્ટ મળ્યો હતો. મીડિયા રિપોર્ટ અનુસાર, છેલ્લા પાંચ વર્ષમાં તેના ૧૦૦થી વધુ સેમ્પલ ફેઈલ થયા હતા. ૨૦૨૪માં ૧૦૧ સેમ્પલ ફેઈલ થયા હતા, જ્યારે ૨૦૨૫માં જ ૮૧ સેમ્પલ ફેઈલ સાબિત થયા. જાન્યુઆરી ૨૦૧૯થી અત્યારસુધીમાં ૯૧૫થી વધુ ડ્રગ સેમ્પલ લેવામાં આવ્યા હતા. આ સિરપ સરકારના મફત દવા વિત્તરણ યોજનામાં સામેલ છે. જે સરકાર દ્વારા લોકોના સ્વાસ્થ્ય સાથે ચેડાં થઈ રહ્યા હોવાનો સંકેત આપે છે.

### મુંબઈના બોરીવલીમાં એક ચોંકાવનારી ઘટના

# મસાજ કરાવવાના બહાને એક વ્યક્તિનો ટુવાલ કાઢી નખાયો

### મસાજ દરમિયાન વકીલનો નગ્ન વીડિયો બનાવ્યો અને તેમની પાસેથી ૫૦,૦૦૦ રૂપિયા પડાવી લીધા હતા

। મુંબઈ, તા.૪ ।

જો તમને મસાજ કરાવવાનો શોખ હોય અને તમે વારંવાર સ્પા સેન્ટરમાં જઈ રહ્યા છો, તો તમારે કેટલીક બાબતો ધ્યાનમાં લેવાની જરૂર છે. જો તમે સ્પા સેન્ટરમાં જાઓ છો, તો તમારે ક્યારેય તમારા શરીર પરથી ટુવાલ કાઢવાની ભૂલ ન કરવી જોઈએ. જો તમે આમ કરો છો, તો તમે એવી ઝપેટમાં પડી શકો છો કે પછીથી તમારી પાસે તમારો ચહેરો છુપાવવાની જગ્યા પણ નહીં રહે. મુંબઈના બોરીવલી વિસ્તારમાં એક ચોંકાવનારી ઘટના સામે આવી છે. બે માલિશ કરનારાઓએ ૬૩ વર્ષીય વકીલને નિશાન બનાવ્યો હતો. તેમણે મસાજ દરમિયાન વકીલનો નગ્ન વીડિયો બનાવ્યો અને તેમની પાસેથી ૫૦,૦૦૦ રૂપિયા પડાવી લીધા અને બાદમાં બીજા ૬ લાખ રૂપિયાની માંગણી કરી. જોકે, પોલીસે બંને આરોપીઓની ધરપકડ કરી છે અને આ કેસમાં તપાસ ચાલી રહી છે. બોરીવલી પોલીસના જણાવ્યા અનુસાર, ૬૩ વર્ષીય વકીલે તાજેતરમાં બોરીવલી ખાતે એક ફ્લેટ ખરીદ્યો હતો, જે ખાલી પડ્યો હતો. વકીલને શરીરમાં દુખાવો થતો હતો, તેથી તેણે ડિજિટલ યલો પેજ પ્લેટફોર્મ પર માલિશ કરનારનો સંપર્ક કર્યો હતો. જુલાઈ ૨૦૨૫માં, તેને એક માલિશ કરનારનો ફોન આવ્યો જેણે તેનું નામ કન્હૈયા રાખ્યું. ૧૧ જુલાઈના રોજ કન્હૈયા વકીલના ખાલી ફ્લેટમાં પહોંચ્યો અને તેને એક કલાક સુધી મસાજ કરાવ્યો. તેણે તેના માટે ૭,૦૦૦ રૂપિયા લીધા. વકીલ તેની સેવાથી સંતુષ્ટ હતો, તેથી તેમણે ફરિયાદ કરી નહીં. એક મીડિયા રિપોર્ટ મુજબ, ૭ સપ્ટેમ્બરના રોજ, વકીલે ફરીથી કન્હૈયાને મસાજ માટે બોલાવ્યો. પરંતુ કન્હૈયાએ કહ્યું કે તે હાલ ફ્રી નથી અને તેના એક સાથીને મોકલ્યો. તેણે પોતાનું નામ મુન્ના જણાવ્યું. ફ્રૈંઈ મુજબ, મુન્ના વકીલના ફ્લેટમાં પહોંચ્યો અને તેને મસાજ માટે તેના કપડાં કાઢવા કહ્યું. આ વખતે મુન્નાએ ગુપ્ત રીતે વકીલનો નગ્ન વીડિયો બનાવ્યો, જેના વિશે વકીલને કોઈ જાણકારી નહોતી. જ્યારે વકીલને ખબર પડી કે મુન્નાએ શું કર્યું છે, ત્યારે તેણે તરત જ પોતાના કપડાં પહેરી લીધા અને તેને ત્યાંથી ચાલ્યા જવા કહ્યું. પરંતુ તે પછી, મામલો વધુ વણસી ગયો હતો. વીડિયો ઘટના પછી, વકીલે કન્હૈયાને ફોન કર્યો અને મુન્ના વિશે ફરિયાદ કરી. પરંતુ પછી કન્હૈયા અને મુન્ના બંને વકીલના ફ્લેટ પર પહોંચ્યા. એવો આરોપ છે કે બંનેએ સાથે મળીને વકીલને માર માર્યો અને ધમકી આપી કે જો તે ૫૦,૦૦૦ રૂપિયા નહીં આપે તો તેનો વીડિયો ફેસબુક પર પોસ્ટ કરવામાં આવશે. ડરના કારણે વકીલે તેમને ૫૦,૦૦૦ રૂપિયા આપ્યા. ત્યારબાદ, બંને ત્યાંથી ચાલ્યા ગયા હતા. ત્યારબાદ, ૨૧ સપ્ટેમ્બરના રોજ, વકીલને વોટ્સએપ પર મેસેજ અને ફોન કોલ્સ આવ્યા, જેમાં બીજા ૬ લાખ રૂપિયાની માંગ કરવામાં આવી હતી. વકીલે કહ્યું કે, તેની પાસે આટલી મોટી રકમ નથી. જવાબમાં, બ્લેકમેલર્સે તેના મિત્રો અને પરિવારના ફેસબુક પ્રોફાઈલના સ્ક્રીનશોટ મોકલ્યા અને ધમકી આપી કે તેનો વીડિયો વાયરલ કરવામાં આવશે. ડરી ગયેલા વકીલે આખરે બોરીવલી પોલીસમાં ફરિયાદ નોંધાવી. ફરિયાદ મળતાં બોરીવલી પોલીસે તાત્કાલિક કાર્યવાહી શરૂ કરી. ડીસીપી સંદીપ જાધવની દેખરેખ ટીમે ખેરવાડી અને અંધેરીમાંથી બે વ્યક્તિઓની ધરપકડ કરી. તેમની ઓળખ સમીર અલી (૨૧ વર્ષ) અને ભૂપેન્દ્ર સિંહ (૨૫ વર્ષ) તરીકે થઈ છે. પોલીસે આ કેસમાં કડક કાર્યવાહી શરૂ કરી છે અને બંને આરોપીઓ સામે બ્લેકમેલ, હુમલો અને ગેરકાયદેસર કૃત્યો માટે કેસ નોંધવામાં આવ્યો છે. તપાસ હજુ ચાલુ છે અને પોલીસ એ શોધી રહી છે કે, શું આ આરોપીઓ પહેલા આવી ઘટનાઓમાં સામેલ હતા.

### અપૂરતા પાણી અને ઘાસચારાથી ગાયના મોત થયાનો આક્ષેપ

## મહેસાણાના કડીમાં પાંજરા પોળમાં વધુ ૭ ગાયના મોત થયા

। (એજન્સી) મહેસાણા, તા.૪ ।

કડીના થોળમાં આવેલી રાધાકૃષ્ણ પાંજરાળોમાં વધુ ૭ ગાયના મોત થયા છે, પાંજરા પોળમાં અપૂરતુ પાણી અને ઘાસચારો ગાયોને મળતો નથી અને મોત થયા હોવાનો આક્ષેપ કરવામાં આવ્યો છે, અગાઉ એટલે કે બે દિવસ પહેલા ૨૦ ગાયના મોત થયા હતા. સુરજ ફેક્ટરીની પાછળ આવેલી આ ખાનગી પાંજરાપોળમાં મહેસાણા મહાનગરપાલિકા દ્વારા પકડાયેલી ગાયોને રાખવામાં આવતી હતી. પાંજરાપોળમાં એક ફૂટ જેટલો કાદવ-કીચડ અને ગંદકી જોવા મળી હતી. કડીના થોળમાં પાંજરાપોળમાં ૨૦થી વધુ ગાયના મોત થયાની ઘટના સામે આવી હતી. પાંજરોપોળમાં પાણી અને ઘાસચારાની અપૂરતી વ્યવસ્થાના આક્ષેપ કરવામાં આવ્યો છે. કાદવ કીચડમાં ગાયને રખાતી હોવાનો આક્ષેપ કરવામાં આવ્યો છે. ૨૦થી વધુ ગાયના મોત થતા ગૌરક્ષકોમાં ભારે રોષ જોવા મળ્યો છે. અન્ય ૩૦૦થી વધુ ગાયને અન્ય સ્થળે ખસેડવામાં આવી છે. ગાયના મોત થતા DYSP, પ્રાંત અધિકારી દોડી આવ્યા છે. જવાબદારો સામે કાર્યવાહી કરવામાં આવે તેવી માગ કરવામાં આવી છે. પાંજરાપોળમાંથી અન્ય ૩૦૦ થી વધુ ગાયોને અન્ય સ્થળે ખસેડવામાં આવી છે. જવાબદારો સામે કાર્યવાહી કરવામાં આવે તેવી ગૌરક્ષકો અને સ્થાનિકોની માગ કરવામાં આવી છે.

### મીરાબાઈ ચાનુએ કુલ ૧૯૯ કિલોગ્રામ વજન ઉપાડયું

# વર્લ્ડ ચેમ્પિયનશિપમાં મીરાબાઈ ચાનુએ જીત્યો સિલ્વર મેડલ

। (એજન્સી) નવી દિલ્હી, તા.૪ ।

ભારતની સ્ટાર મહિલા વેઈટલિફ્ટર મીરાબાઈ ચાનુએ ધમાકેદાર પ્રદર્શન કરતા વર્લ્ડ ચેમ્પિયનશિપ ૨૦૨૫માં સિલ્વર મેડલ જીત્યો છે. તેણે વેઈટલિફ્ટર ચેમ્પિયનશિપમાં ૪૮ કિલોગ્રામ વજનની કેટેગરીમાં ભાગ લીધો હતો અને ત્રણ વર્ષ બાદ આ ટુર્નામેન્ટમાં રજત પદક જીતી લીધું છે. જણાવી દઈએ આ ચેમ્પિયનશિપમાં કુલ ત્રણ મેડલ હોય છે. મીરાબાઈ ચાનુએ પેરિસ ઓલંપિક ૨૦૨૪માં કોઈ મેડલ જીતી શકી નહોતી અને તે ચોથા સ્થાને રહી હતી. ત્યાર બાદ તેની પર વર્લ્ડ ચેમ્પિયનશિપમાં સારુ પ્રદર્શન



કરવાનું દબાણ હતું. ત્યારબાદ તેણે સારુ પ્રદર્શન કરી બીજા નંબરનું સ્થાન પ્રાપ્ત કર્યું. મીરાબાઈએ સ્નેચ શ્રેણીમાં કુલ ૮૪ કિલોગ્રામ વજન ઉપાડયું હતું. ત્યારબાદ તેણે ક્લિન એન્ડ જર્ક કેટેગરીમાં ૧૧૫ કિલોગ્રામનું વજન ઉપાડ્યું હતું. આ રીતે તેણે કુલ ૧૯૯ કિલોગ્રામનું વજન ઉપાડી સિલ્વર મેડલ જીતી લીધો હતો. મીરાબાઈ ચાનુએ વર્લ્ડ ચેમ્પિયનશિપમાં સ્નેચ શ્રેણીમાં પહેલા જ પ્રયાસમાં ૮૪ કિલોગ્રામનું વજન ઉપાડી દમદાર શરૂઆત કરી હતી. કોરિયાની સોંગ-ગમે ગોલ્ડ મેડલ જીતી લીધો છે, જેણે કુલ ૨૧૩ કિલોગ્રામ (૯૧ કિગ્રા + ૧૨૨ કિગ્રા)નું વજન ઉઠાવ્યું. તે સિવાય તેણે ક્લીન એન્ડ જર્કમાં ૧૨૨ કિગ્રાનો નવો વર્લ્ડ રેકોર્ડ બનાવ્યો હતો. થાઈલેન્ડની થાન્યાથોન સુકચારોએને ૧૯૮ કિલોગ્રામ (૮૮ કિગ્રા + ૧૧૦ કિગ્રા)નું વજન ઉપાડી બ્રોન્ઝ મેડલ પોતાના નામે કર્યું હતુ. વર્લ્ડ ચેમ્પિયનશિપમાં વેઈટલિફ્ટિંગમાં મીરાબાઈ ચાનુનો આ ત્રીજો મેડલ છે. તેણે અગાઉ ૨૦૧૭ વર્લ્ડ ચેમ્પિયનશિપમાં ગોલ્ડ મેડલ અને ૨૦૨૨માં સિલ્વર મેડલ જીત્યો હતો.

## બનાસકાંઠાના થરાદમાં હિટ એન્ડ રનની ઘટનામાં બેના દર્દનાક મોત

। (એજન્સી) બનાસકાંઠા, તા.૪ ।

બનાસકાંઠાના થરાદ તાલુકામાં હિટ એન્ડ રનની એક દર્દનાક ઘટનામાં બે લોકોના મોત થયા છે. થરાદના માણકા-ભાલચી રોડ પર આ ઘટના બની હતી, જ્યાં એક બેફામ કાર ચાલકે રોડની સાઈડમાં ઉભેલા લોકોને જોરદાર ટક્કર મારી હતી. અકસ્માત બાદ કાર ચાલક ઘટનાસ્થળેથી ફરાર થઈ ગયો હતો. પ્રાપ્ત માહિતી અનુસાર, થરાદ તાલુકાના માણકા ગામ નજીક ભાલચી રોડ પર માણજી અસલ અને રાણાભાઈ ગણેશા નામના બે યુવકો રસ્તાની બાજુમાં ઉભા હતા. તે સમયે પૂરપાટ ઝડપે આવી રહેલી એક કારના ચાલકે તેમને ટક્કર મારી હતી. ટક્કર એટલી જોરદાર હતી કે બંને યુવકોને ગંભીર ઈજાઓ થઈ અને ઘટનાસ્થળે જ તેમનું મોત થયું હતું.

**વિશેષ** | "A Hands-on Approach to Wellbeing & Sustainability" વિષય પર ફેકલ્ટી ડેવલોપમેન્ટ પ્રોગ્રામ યોજાશે

# સરકારી પોલીટેકનિક અમદાવાદ દ્વારા 'સુખાકારી અને સ્થિરતા' વિષય પર બે દિવસીય ફેકલ્ટી ડેવલોપમેન્ટ પ્રોગ્રામનું આયોજન

। (માહિતી) ગાંધીનગર ।

સરકારી પોલીટેકનિક અમદાવાદ દ્વારા ફેકલ્ટી સભ્યોના વ્યાવસાયિક અને વ્યક્તિગત વિકાસ માટે "A Hands-on Approach to Wellbeing Sustainability" શીર્ષક હેઠળ બે દિવસીય ફેકલ્ટી ડેવલોપમેન્ટ પ્રોગ્રામનું આયોજન કરવામાં આવ્યું છે.

આ કાર્યક્રમ બેંગ્લોર સ્થિત ગાંધીવાદી સંસ્થા બ્રિજ૪ચેન્જ ફાઉન્ડેશન (Bridge4Change Foundation), જે કલ્યાણ (Wellbeing) અને સ્થિરતા (Sustainability)ના આંતરછેદ પર વિશેષજ્ઞતા ધરાવે છે, તેના સહયોગથી યોજાશે. આ ફેકલ્ટી ડેવલોપમેન્ટ પ્રોગ્રામ માટેનું ભંડોળ ગુજરાત ટેકનિકલ એજ્યુકેશન એન્ડ રિસર્ચ સોસાયટી (GTERS), CTE ગાંધીનગર દ્વારા પૂરું પાડવામાં આવ્યું છે.

આ ફેકલ્ટી ડેવલોપમેન્ટ પ્રોગ્રામ બે જૂથોમાં યોજાશે, જેમાં કુલ ૬૦ ફેકલ્ટી સભ્યો જોડાશે (દરેક જૂથમાં ૩૦ સભ્યો): પ્રથમ જૂથ ૬ઠ્ઠી અને ૭મી ઓક્ટોબર, ૨૦૨૫ દરમિયાન પ્રોગ્રામમાં સહભાગી થશે, જ્યારે બીજું જૂથ ૮મી અને ૯મી ઓક્ટોબર, ૨૦૨૫ દરમિયાન ફેકલ્ટી ડેવલોપમેન્ટ પ્રોગ્રામમાં સહભાગી થશે.

સર્વગ્રાહી શિક્ષણ અને સ્થિર જીવનશૈલી પર ભાર મૂકાશે

આધુનિક યુગમાં વ્યક્તિગત સુખાકારી અને પર્યાવરણીય સ્વાસ્થ્ય એકબીજા સાથે ઊંડાણપૂર્વક જોડાયેલા હોવા છતાં, સામાજિક દબાણના કારણે આંતરિક શાંતિનું સમાધાન થાય છે, જે અસ્થાયી વપરાશ અને સંસાધનોના બગાડ તરફ દોરી જાય છે.

ભારતની રાષ્ટ્રીય શિક્ષણ નીતિ ૨૦૨૦ (NEP 2020) આ પરિસ્થિતિને સુધારવા માટે ભાવનાત્મક, નૈતિક અને પારિસ્થિતિક શિક્ષણને એકીકૃત કરતા સર્વગ્રાહી શિક્ષણને પ્રોત્સાહન આપે છે, જેમાં મૂલ્ય-આધારિત વિકાસ અને પર્યાવરણીય જાગૃતિ પર ભાર મૂકવામાં આવ્યો છે.

આ પહેલને પૂરક બનાવવા માટે, મિશન LiFE દૈનિક ધોરણે સ્થિર જીવનશૈલી તરફની ક્રિયાઓનું સમર્થન કરે છે.

આ ફેકલ્ટી ડેવલોપમેન્ટ પ્રોગ્રામનો હેતુ ફેકલ્ટી સભ્યોને પ્રતિબિંબીત, અનુભવ આધારીત અને ડેટા-આધારિત સાધનોથી સજ્જ કરવાનો છે, જેથી તેઓ આ દ્રષ્ટિકોણને ઈન્ટરેક્ટિવ રીતે રજૂ કરી શકે. એ રિસ્પોન્સિબલ સિટિઝન (ARC) ફાઉન્ડેશન અને બ્રિજ૪ચેન્જ ફાઉન્ડેશન દ્વારા આયોજિત આ પરિવર્તનકારી પહેલ યુવાનો અને પ્રોફેશનલ્સને વધુ સભાન (mindful), સ્થિર (sustainable) અને સામાજિક રીતે સચેત જીવનશૈલી જીવવા માટેના સાધનો પૂરા પાડે છે. આ કાર્યક્રમ રાષ્ટ્રીય શિક્ષણ નીતિ ૨૦૨૦, સંયુક્ત રાષ્ટ્ર સ્થાયી વિકાસ લક્ષ્યો (UNSDGs), અને મિશન LiFE સાથે સુસંગત છે. રાષ્ટ્રીય શિક્ષણ નીતિ ૨૦૨૦ના સિદ્ધાંતોને એકીકૃત કરતો આ બે દિવસીય કાર્યક્રમ ફિલ્ડ વિઝિટ ઘટક સાથે, ફેકલ્ટી સભ્યોને ત્રણ પ્રાથમિક ઓફરિંગ્સ પર ધ્યાન કેન્દ્રિત કરશે: Tiny Actions, Gigantic Ripples (નાની ક્રિયાઓ, વિશાળ તરંગો): આ ડેટા-આધારિત વર્કશોપ સભાન વપરાશને વ્યક્તિગત સુખાકારી વધારવા અને જળવાયુ પરિવર્તનમાં યોગદાન આપવાના એક ગહન સાધન તરીકે રજૂ કરશે.

Social Enterprise Experience (સામાજિક સાહસ અનુભવ): આ અનુભવ ગાંધી આશ્રમ સ્થિત એક વાસ્તવિક સામાજિક સાહસ પર આધારિત છે, જે કચરા વ્યવસ્થાપન અને મહિલા સશક્તિકરણ ક્ષેત્રમાં હકારાત્મક પરિવર્તન લાવી રહ્યો છે.


**પશ્ચિમ રેલવે - ભાવનગર મંડળ**

ભાવનગર વિભાગમાં એટીએમના વિવિધ સ્થળોનો કરાર.

હરાજી કેટલોગ નં.ATM-2025-08

| | સ્ટેશન | વિગતો | સમયગાળો |
|---|---|---|---|
| | વસ્ત્રાપુર (VTP) | એટીએમ | ૦૫ વર્ષ |
| | પોરબંદર (PBR) | એટીએમ | ૦૫ વર્ષ |
| | ધંધુકા (ડીસીકે) | એટીએમ | ૦૫ વર્ષ |
| | જેતલસર (JLR) | એટીએમ | ૦૫ વર્ષ |
| | ધોળકા (DOK) | એટીએમ | ૦૫ વર્ષ |
| | સરખેજ (SEJ) | એટીએમ | ૦૫ વર્ષ |

બિડર/ટેન્ડરરએ IREPS/ઈ-ઓક્શન સાઈટની મુલાકાત લેવાની રહેશે અથવા વધુ પૂછપરછ માટે ડિવિઝનલ ઓફિસ ભાવનગરની મુલાકાત લઈ શકાય છે અથવા ટેલિફોન (વાણિજ્યિક નિરીક્ષક (NFR), ભાવનગર ડિવિઝન 7227989486) કરી શકાય છે.

હરાજી શરૂ થવાનો સમય અને તારીખ: ૧૮.૧૦.૨૦૨૫ થી ૧૧:૦૦ કલાકે ઓનલાઈન વેબસાઈટ www.ireps.gov.in

હરાજી બંધ થવાનો સમય અને તારીખ: ૧૮.૧૦.૨૦૨૫ ના રોજ ૧૨:૨૦ કલાકે ઓનલાઈન વેબસાઈટ www.ireps.gov.in દ્વારા

BVP 152

અમને લાઈક કરો: facebook.com/WesternRly • અમને ફોલો કરો: twitter.com/WesternRly

### કેશુભાઈ પટેલ અને શંકરસિંહ વાઘેલાને કર્યા યાદ

# ગુજરાત પ્રદેશ ભાજપ પ્રમુખ બન્યા જગદીશ વિશ્વકર્મા

। (એજન્સી) ગાંધીનગર, તા.૪ ।

કમલમમાં નવા પ્રદેશ પ્રમુખ જગદીશ વિશ્વકર્માનું ભવ્ય સ્વાગત કરાયું છે. દિગ્ગજ નેતાઓની હાજરીમાં સત્તાવાર રીતે જગદીશ વિશ્વકર્માએ સંભાળી ગુજરાત ભાજપની કમાન સંભાળી છે. ત્યારે અનેક નેતાઓએ તેમને શુભકામના પાઠવી.

જગદીશ વિશ્વકર્માએ વિધિવત રીતે પદભાર સંભાળ્યો છે. ભાજપના દિગ્ગજ નેતાઓ અને કાર્યકર્તાઓની હાજરીમાં જગદીશ વિશ્વકર્માએ ગુજરાત ભાજપની બાગડોર સંભાળી. નિવાસસ્થાનેથી રેલી સ્વરૂપે કાર્યકર્તાઓના સમર્થન સાથે જગદીશ વિશ્વકર્મા પ્રદેશ કાર્યાલય પહોંચ્યા હતા. હવે સંગઠન અને સરકાર બંનેમાં અમદાવાદનું પ્રભુત્વ જોવા મળશે. રાજ્યના મુખ્યમંત્રી પણ અમદાવાદના અને ભાજપના પ્રદેશ અધ્યક્ષ પણ અમદાવાદના બન્યા છે. સંગઠન અને સરકારનો અનુભવ ધરાવતા વિશ્વકર્માને ગુજરાત ભાજપની કમાન મળી.

જગદીશ વિશ્વકર્માના પ્રદેશ અધ્યક્ષ બનવાની સત્તાવાર જાહેરાત ભુપેન્દ્ર યાદવે કરી હતી. તેમણે આ પ્રસંગે કહ્યું કે, સંગઠનની દૃષ્ટિએ ગુજરાત સમગ્ર દેશમાં સૌથી અવ્વલ છે. છેલ્લાં ત્રણ દાયકાઓથી ગુજરાતમાં ભાજપની સતા છે. રાષ્ટ્રીય પરિષદ માટે ૩૯ નામો નક્કી કરાયા છે. પ્રદેશ અધ્યક્ષ માટે ફોર્મ ભરવા માટેનો કાલે સમય હતો. એક જ પ્રદેશ અધ્યક્ષ માટેનું ફોર્મ આવ્યું હતું. જેથી જગદીશ વિશ્વકર્મા ને પ્રદેશ અધ્યક્ષ તરીકે નિયુક્ત કરવામાં આવે છે.

જગદીશ વિશ્વકર્માને પ્રમાણપત્ર અર્પિત કરાયા હતા. પ્રમુખ પદ માટે શ્રીફળ અને સાકર મુખ્યમંત્રી દ્વારા વિશ્વકર્માને અપાયું હતું. તો સી આર પાટીલે ભાજપનો ધ્વજ નવા પ્રમુખ જગદીશ વિશ્વકર્માને અર્પણ કર્યો. સી આર પાટીલે એમની જગ્યા પર જગદીશ વિશ્વકર્માને બેસાડીને નવા પ્રદેશ પ્રમુખનું સ્વાગત કર્યું હતું.

આ પ્રસંગે સીઆર પાટીલે કહ્યું હતું કે, સવા પાંચ વર્ષ પહેલા પ્રધાનમંત્રી અને ગૃહમંત્રીએ મને જવાબદારી સોંપી હતી. મને શંકા હતી કે આ જવાબદારી માટે હું સક્ષમ છું કે શું. જે જવાબદારી મળે તે નિભાવવવા માટે પ્રયાસ કરવો જોઈએ. સવા પાંચ વર્ષના સમય દરમિયાન અનેક પડકારો સફળતાપૂર્વક પાર પાડ્યા. વર્ષ ૨૦૨૨ માં ૧૮૨ સીટ જીતવા માટે આગળ વધ્યા હતા. ૧૫૬ સીટો આપણે જીત્યા હતા. લોકસભામાં પણ ૨૬ માંથી ૨૫ સીટ જીત્યા. ૨૦૨૨ મા ૨૬ સીટો આપણે હાર્યા હતા, એ લીડ ૫૦૦૦ હજાર કરતા પણ ઓછી લીડથી હાર્યા હતા. ૨૬ સીટ હાર્યા એ કમનસીબી છે. મારી જવાબદારીમાં કઈક કમી રહી હશે જેના કારણે આપડે ૨૬ સીટ વિધાનસભા ગુમાવવી પડી. આઝાદી બાદ ૬ સીટો તો આપડે ક્યારેય જીત્યા ન હતા.

ગુજરાત ભાજપના નવા પ્રદેશ પ્રમુખ તરીકે જગદીશ વિશ્વકર્માની સત્તાવાર વરણી કરવામાં આવી છે. આ પ્રસંગે આયોજિત સમારોહમાં મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે તેમને શ્રીફળ અર્પણ કર્યું હતું, જ્યારે પૂર્વ પ્રમુખ સી.આર. પાટીલે જગદીશ વિશ્વકર્માને ભાજપનો ઝંડો સુપરત કર્યો હતો. નવનિયુક્ત પ્રદેશ પ્રમુખનું ફૂલહાર પહેરાવીને સ્વાગત કરવામાં આવ્યું હતું. મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે જગદીશ વિશ્વકર્માને શુભેચ્છાઓ પાઠવતા જણાવ્યું હતું કે ભાજપ હંમેશા સરકાર અને સંગઠનના તાલમેલથી આગળ વધે છે, અને દરેકને સાથે લઈને ચાલવું એ જ વડાપ્રધાન નરેન્દ્ર મોદીનો મંત્ર છે.

ગુજરાત પ્રદેશ ભાજપના નવનિયુક્ત અધ્યક્ષ જગદીશ વિશ્વકર્માએ તેમના પ્રથમ સંબોધનમાં પોતે એક બૂથ કાર્યકર હોવાનો ઉલ્લેખ કરીને શિર્ષસ્થ પદ પર પહોંચવા બદલ પક્ષનો આભાર વ્યક્ત કર્યો હતો. તેમણે ભારપૂર્વક જણાવ્યું કે તેમની સાચી ઓળખ ભારતીય જનતા પાર્ટીના કાર્યકરો છે અને આ જવાબદારી માત્ર તેમની એકલાની નહીં, પરંતુ ભાજપના સૌ કાર્યકરની છે.

તેમણે કહ્યું કે તેમના માટે બૂથ પ્રમુખ કે જિલ્લા પ્રમુખ બંને એક સમાન છે અને પાર્ટીની સાચી મૂડી એ પક્ષના કાર્યકરો છે. તેમણે કાર્યકરોને મહાન કવિ બોટાદકરની પંક્તિ "નિશાન ચૂક માફ, નહીં માફ નીચું નિશાન" યાદ કરાવી હતી. વિશ્વકર્માએ લાગણી સાથે કહ્યું કે, "હું અહીં છું તે આપ કાર્યકરોના કારણે છું. જો હું ગળામાંથી ખેસ કાઢીને બજારમાં નીકળું તો કોઈ મને બોલાવે નહીં." પૂર્વ અધ્યક્ષોને યાદ કરતાં તેમણે કેશુભાઈ પટેલ અને શંકરસિંહ વાઘેલાના નામનો ઉલ્લેખ કર્યો હતો. અંતમાં, તેમણે સ્પષ્ટતા કરી કે ટીમ ગુજરાત બનીને ગુજરાતની જનતાની તનતોડ સેવા કરવાની છે અને જનતાએ વર્ષોથી ભાજપ પર મૂકેલો ભરોસો જાળવી રાખવાનો છે. જગદીશ વિશ્વકર્મા (પંચાલ) બીજેપીના કદાવર નેતા છે. હાલમાં જેઓ વર્તમાનમાં રાજ્ય સરકારમાં રાજ્યકક્ષાના મંત્રી તરીકે સેવા આપી રહ્યા છે.

## ન્યુઝ બોક્ષ

### રોડ ક્રોસ કરી રહેલા ભાઈ-બહેન પર ડમ્પર ફરી વળ્યું

। (એજન્સી) રાજકોટ, તા.૪ ।

કથિત નશામાં ધુત ટ્રક ચાલક દ્વારા શુક્રવારના રોજ રોડ ક્રોસ કરી રહેલા બે કૌટુંબિક ભાઈ બહેન સહિત કાર, ટ્રક તેમજ ટુ વ્હીલર સહિતના ચાલકોને અડફેટે લીધા હોવાનું સામે આવ્યું છે. શુક્રવારે રાત્રિના ૮ વાગ્યાના અરસામાં ભિક્ષાવૃત્તિ સાથે સંકળાયેલ ૧૫ વર્ષીય વિજય વાઘેલાનુ રોડ અકસ્માતમાં મૃત્યુ નિપજાવ્યું હોવાની ઘટના સામે આવી છે. સમગ્ર ઘટના રાજકોટ મોરબી હાઈવે પર જકાતનાકા નજીક આવેલ પેટ્રોલ પંપ પાસે બની હોવાનું સામે આવ્યુ છે. મળતી વિગત અનુસાર વિજય વાઘેલા પોતાની કૌટુંબિક બહેન કુંજલ વાઘેલા સાથે રોડ ક્રોસ કરી રહ્યો હતો. તે દરમિયાન બંને કૌટુંબિક ભાઈ બહેન ડિવાઈડર પર ઉભા હતા. ત્યારે માતેલા સાંઢ માફક ટ્રક ચાલકે બંને ભાઈ બહેનને અડફેટે લીધા હતા. જે ઘટનામાં વિજય વાઘેલાનું ઘટના સ્થળ પર જ મૃત્યુ થયું હતું. જ્યારે કે કુંજલ વાઘેલાને સામાન્ય ઈજા પહોંચી હોવાનું સામે આવ્યું છે.

### આણંદ જિલ્લામાં 3 વર્ષમાં ૫૨,૬૯૭ લોકોને શ્વાન કરડયા

। (એજન્સી) આણંદ, તા.૪ ।

વિશ્વનો સૌથી ઘાતક અને ચેપી રોગ હડકવા વિશે જાગૃતિ લાવવા અને તેના નિવારણ, નિયંત્રણના પ્રયાસોને વધારવા માટે કામગીરી શરૂ કરવામાં આવી છે.હડકવા એટલે લિસા વાયરસ કૂતરા, બિલાડી અને વાંદરાઓ જેવા પ્રાણી કરડવાથી માણસોના શરીરમાં પ્રવેશી મગજની બળતરાનું કારણ બને છે. દર વર્ષે વિશ્વભરમાં હડકવાના કારણે અંદાજે ૫૫,૦૦૦થી ૬૦,૦૦૦ માનવ મૃત્યુ થાય છે. હડકવાથી થતા મૃત્યુના આંકડાઓ પર વિચાર કરીએ તો ભારતમાં દર વર્ષે લગભગ ૨૦,૦૦૦ લોકો આ કારણોસર જીવ ગુમાવે છે. જ્યારે અન્ય દક્ષિણ પૂર્વ એશિયાના દેશોમાં આ આંકડો ૬૫ ટકા સુધી છે. આણંદ જિલ્લામાં ૨૦૨૩થી ૨૦૨૫ સુધી કૂતરા કરડવાના ૫૨,૬૯૭ કેસ અને અન્ય પ્રાણી કરડવાના ૧૭૨૩ કેસ નોંધાયા છે. તેમ જિલ્લા પંચાયતના આરોગ્ય વિભાગ દ્વારા જણાવવામાં આવ્યું છે. ત્યારે ૨૦૨૩ની સરખામણીએ ૨૦૨૪માં શ્વાન કરડવાના કેસમાં ૭,૧૯૮નો અને અન્ય પ્રાણી કરડવાના કેસમાં ૧૮૭નો વધારો થયો હતો.એકવાર આ વાયરસની અસર મગજમાં પહોંચી જાય તો તેની સારવાર શક્ય નથી.

### યજ્ઞ પૂર્ણ થતાં શાંતિથી પરત ફર્યા

## જૂનાગઢના પાદરિયા પાસે ખોડિયાર માતાના યજ્ઞમાં ત્રણ સિંહોની હાજરી

### જૂનાગઢના પાદરીયા ગામ પાસે આવેલા મંદિરના યજ્ઞનો વીડિયો સોશિયલ મીડિયા પર ઘણો વાયરલ થઈ રહ્યો છે

। જૂનાગઢ, તા.૪ ।

વિજયાદશમીના પાવન અવસરે જૂનાગઢ નજીક પાદરિયા ગામ પાસે ખોડિયાર માતાના મંદિરમાં યોજાયેલા એક યજ્ઞમાં અસામાન્ય દૃશ્ય જોવા મળ્યું હતુ. ગિરનાર જંગલ નજીક આવેલા આ મંદિરમાં જ્યારે સંતો અને બ્રાહ્મણો મંત્રોચ્ચાર કરી રહ્યા હતા, ત્યારે અચાનક ત્રણ સિંહો યજ્ઞસ્થળ પર આવી પહોંચ્યા હતા. આ વનરાજાઓએ કોઈ આક્રમકતા દર્શાવ્યા વિના યજ્ઞકુંડથી થોડા અંતરે શાંતિથી બેસી ગયા હતા. સંતો અને બ્રાહ્મણોએ પણ ડર્યા વિના મંત્રોચ્ચાર ચાલુ રાખ્યા અને યજ્ઞ વિધિ નિર્ભયતાથી પૂર્ણ કરી હતી. આશ્ચર્યની વાત એ હતી કે, સિંહોએ પણ સમગ્ર વિધિ દરમિયાન કોઈ ખલેલ પહોંચાડી નહોતી અને યજ્ઞની પૂર્ણાહુતિ થતાં જ તેઓ શાંતિપૂર્વક જંગલ તરફ પરત ફર્યા હતા. જૂનાગઢના પાદરીયા ગામ પાસે આવેલા આ મંદિરના યજ્ઞનો આ વીડિયો સોશિયલ મીડિયા પર ઘણો વાયરલ થઈ રહ્યો છે. આ દૃશ્યને કારણે લોકોમાં ધાર્મિક આસ્થા અને આશ્ચર્યની લાગણી ફેલાઈ છે. ભક્તોએ જણાવ્યું કે, સિંહોની હાજરી છતાં કોઈ ભયનો અનુભવ નહોતો થયો અને જાણે કે તેઓ પણ માતાજીની આરાધનામાં ભાગ લેવા આવ્યા હોય તેવું લાગી રહ્યું હતું. ગિરનાર વન વિભાગના ડેપ્યુટી કન્ઝર્વેટર ફોરેસ્ટ ડૉ. અક્ષય જોશીએ આ અંગે જણાવ્યું હતું કે, આ વિસ્તાર ગાઢ જંગલની નજીક હોવાથી સિંહોની અવર-જવર સામાન્ય છે. જોકે, વન્યજીવ અને માનવ સભ્યતા વચ્ચે આટલી શાંતિપૂર્ણ સુમેળ જોવા મળે તે અસામાન્ય છે.

### બુલેટ લઇને ટીપટોપ થઇ ફરે છે કહી યુવક પર ગુપ્તીથી હુમલો

। (એજન્સી) અમદાવાદ, તા.૪ ।

મેઘાણીનગર વિસ્તારમાં વહેલી પરોઢે બુલેટ પર પસાર થઈ રહેલા યુવકને ત્રણ લુખ્ખાઓએ અટકાવ્યો હતો અને તું તારી બુલેટ પર ટીપ ટોપ થઈને ફરે છે કહી યુવક પર ગુપ્તીથી હુમલો કરી લોહીલુહાણ કરી નાખ્યો હતો. આ મામલે મેઘાણીનગર પોલીસે ત્રણ સામે ફરિયાદ નોંધી તપાસ આદરી છે. શહેરના મેઘાણીનગર વિસ્તારમાં ૨૧ વર્ષિય રવિન્દ્ર કામેશ્વર યાદવ પરિવાર સાથે રહે છે અને કોલેજના પ્રથમ વર્ષમાં અભ્યાસ કરે છે. ૨ ઓક્ટોબરના રોજ સવારે ચાર વાગ્યે રવિન્દ્ર અને તેનો મિત્ર આકાશ તેનું બુલેટ લઈ રામેશ્વર બ્રિજ પાસે ઊભા હતા. ત્યારે ત્યાં સંદિપ ઉર્ફે બંદરા સીકરવાર, વિવેક ઉર્ફે કાલિયા ચૌહાણ અને સુર્યા રાજપૂત આવ્યા હતા. ત્રણેએ રવિન્દ્ર પાસે જઈ કહ્યું હતું કે, તું તારી બુલેટ લઈને બહુ ટીપટોપ થઈને વિસ્તારમાં ફરે છે. ત્યારબાદ તેઓ ઉશ્કેરાઈ ગયા હતા અને ગાળો બોલાવા લાગ્યા હતા. આ સમયે રવિન્દ્રએ ઝઘડો ન કરી ગાળો ન બોલવા જણાવ્યું હતું. જો કે, તેઓ રવિન્દ્રને માર મારવા લાગ્યા હતા. આ સમયે સંદિપે પોતાની પાસે રહેલી ગુપ્તી કાઢી હતી.

### ઇજાગ્રસ્ત કેદીને સારવાર માટે સિવિલ હોસ્પિટલમાં ખસેડાયો

## જેલમાં માથાભારે કેદીનો સાથી કેદી પર ખીલા વડે હુમલો

### રાણીપ પોલીસે કાંધલની ફરિયાદ લઇ જેલમાં અનિલ આતંક પાસે ખીલો કેવી રીતે આવ્યો તેની તપાસ શરૂ કરી

। અમદાવાદ, તા.૪ ।

અમદાવાદની સાબરમતી જેલમાં કેદીઓ માટે આવતા ટિફિન પણ ચેક કરવામાં આવે છે. જેલમાં ટાંકણી પણ જઈ શકતી નથી ત્યારે માથાભારે કેદી અનિલ આતંકે લોખંડના ખીલા વડે અન્ય કેદીને જીવલેણ હુમલો કરી ઈજા પહોંચાડી હતી. ઈજાગ્રસ્ત કેદીને સારવાર માટે સિવિલ હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યો છે. રાણીપ પોલીસે બનાવ સંદર્ભે વધુ તપાસ હાથ ધરી છે.સાબરમતી જેલમાં કાચા કામના કેદી તરીકે સાત વર્ષથી રહેતા કાંધલ હાજાભાઈ કડછાને બે દિવસ પહેલા તેની જ બેરેકમાં રહેતા અનિલ આતંક નામના કેદી સાથે બોલાચાલી થઈ હતી. બેરેકમાં અનિલ આતંકના સાથીદારો સુનિલ ટીનટીન અને અંકિત તથા અન્ય પણ છે.આ બબાલ બાદ ગુરુવારે સવારે જ્યારે કાંધલ બેરેકમાં હાજર હતો ત્યારે અનિલ આતંક તેની પાસે આવ્યો હતો અને ઝઘડાના મુદ્દે માફી માગી તેને બેરેક બહાર શંકર ભગવાનના મંદિર પાસે લઈ ગયો હતો. ત્યાં ગયા બાદ માફીની વાત મૂકીને તેણે કાંધલને ગાળો બોલી માર માર્યો હતો. અનિલ આતંકના સાથીદારોએ કાંધલને પકડી રાખ્યો અને અનિલે પોતાની પાસેના ખીલા વડે કાંધલના છાતીના ભાગે અને ગાલના ભાગે ઘા મારી ગંભીર ઈજાઓ પહોંચાડી હતી. જોકે કાંધલે બૂમો મારતાં તેઓ ભાગી ગયા હતા અને સિપાહીએ તેને સારવાર માટે જેલની હોસ્પિટલમાં ખસેડ્યો હતો.

### સહકારી જીન રોડ પરની બે ઓફિસ સીલ કરાઈ

## હિંમતનગરમાં પોન્ઝી સ્કીમ કૌભાંડ રૂ.3.૪૨ કરોડથી વધુની ઠગાઈની રાવ

### કન્સલ્ટન્સીના ત્રણ સંચાલકો સામે ફરિયાદ નોંધાતાં હિંમતનગર એ ડિવિઝન પોલીસે ગુનો નોંધી તપાસ હાથ ધરી

। (એજન્સી) હિંમતનગર, તા.૪ ।

હિંમતનગરના સહકારી જીન રોડ પર આવેલા એક કોમ્પ્લેક્સમાં એ.આર. કેપિટલના નામની બોગસ ઓફિસ ખોલીને પોન્ઝી સ્કીમમાં રોકાણ કરાવનાર વ્યકિતઓ દ્વારા રોકાણકર્તાઓ પાસેથી કરોડો રૂપિયાની ડિપોઝીટ રકમ ઉઘરાવીને છેતરપિંડી કરનાર ત્રણ જણા સામે હિંમતનગર એ ડિવિઝન પોલીસ મથકમાં ફરિયાદ નોંધાઈ છે. પોલીસે પોન્ઝી સ્કીમના સંચાલકોને ઝડપી લેવા માટે SITની રચના કરી તપાસ હાથ ધરી છે.પોલીસ સૂત્રો મુજબ, વર્ષ ૨૦૨૨માં અજયસિંહ મકવાણાએ બી.ઝેડમાંથી નોકરી છોડી એ.આર કન્સલ્ટન્સી તથા એ.આર કેપીટલના નામે પોન્ઝી સ્કીમ ચલાવવા માટે અલગથી ઓફિસ શરૂ કરી હતી. તે વખતે તેમની ઓફિસમાં અજયસિંહ મકવાણા તેમના ભાગીદાર તથા પિતા રજુસિંહ લાલસિંહ મકવાણા અને જૂના બળવંતપુરાના વનરાજસિંહ દિલીપસિંહ ઝાલા સાથે બેસતા હતા. તે સમયગાળા દરમિયાન એ.આર કન્સલ્ટન્સીના ઉદઘાટનમાં પુષ્પરાજસિંહ તથા તેમના ભાઈ રાજવીરસિંહ અને તેમના મિત્ર તથા મહાદેવપુરા ગામના ભૂપેન્દ્રસિંહ અમરસિંહ ચૌહાણ, કેવનના સુરજસિંહ વિક્રમસિંહ રાઠોડ સહિત અન્ય પરિચિતોને ઉદઘાટનમાં બોલાવ્યા હતા. તે વખતે ઉપસ્થિત લોકોને એવું કહેવાયું હતું કે, રોકાણકારોના નાણાં બિટકોઈનમાં રોકવામાં આવશે અને યુ.એસ. ડી.ટીમાં બાયસેલ કરીએ છીએ તેમ કહી રોકાણ કરનારને રાષ્ટ્રીયકૃત બેન્કો કરતાં વધુ વ્યાજ આપવાની લોભામણી લાલચો આપવાનું શરૂ કરવામાં આવ્યું હતું.આ પોન્ઝી સ્કીમોમાં રોકાણકારોને આકર્ષવા માટે સોશિયલ મીડિયા તથા અન્ય માધ્યમો થકી પ્રસાર-પ્રચાર કરવામાં આવતો હતો. જેના લીધે વર્ષ ૨૦૨૨થી ૨૦૨૪ના સમયગાળા દરમિયાન કેટલાક લોકોને લોભામણી લાલચો આપી અંદાજે રૂ. ૩.૪૨ કરોડથી વધુનું રોકાણ કરાવ્યું હતું.સમગ્ર કૌભાંડનો પરપોટો ફૂટી ગયો હતો. જે અંગે પુષ્પરાજસિંહ ભરતસિંહ મકવાણાએ પોન્ઝી સ્કીમ ચલાવતા એ.આર. કન્સલ્ટન્સીના ત્રણ સંચાલકો સામે ફરિયાદ નોંધાવતાં હિંમતનગર એ ડિવિઝન પોલીસે ગુનો નોંધી તપાસ હાથ ધરી છે.

### અઠવાડિયા અગાઉથી ઘારીના મોટા ઓર્ડરોને પહોંચી વળવા ઘારી માટે મોટી સંખ્યામાં વેપારી લાગી ગયા છે

## 30 કરોડની ઘારી અને ભૂંસુ ઝાપટી જશે સુરતીઓ

। (એજન્સી) સુરત, તા.૪ ।

જુની કહેવત "સુરતનું જમણ અને કાશીનું મરણ" મુજબ સુરત તેની ખાણી-પીણી માટે વખણાય છે. એવામાં તહેવાર ચંદી પડવા પર સુરતના સુરતી ૩૦ કરોડથી વધુની ઘારી ઝાપટી જશે. સુરતીઓનો ખાણી-પીણી સાથે સંકળાયેલો સ્પેશ્યલ તહેવાર ચંદી પડવા પર ઘારી અને ભૂસુ જેટલા પીરસાય તેટલા ઓછા પડે તેમ છે. છેલ્લાં ત્રણ વર્ષના ઘારીના વેચાણના આંકડાની વાત કરીએ તો ૧૦૦ ટનથી વધુ ઘારીનું વેચાણ રહેવા પામ્યું છે. તૈયારી વેપારીઓ દ્વારા છેલ્લા બે દિવસથી શરુ કરી દેવામાં આવી છે અને આગામી ૪ દિવસ ચાલશે.

અઠવાડિયા અગાઉથી ઘારીના મોટા ઓર્ડરોને પહોંચી વળવા ઘારી માટે મોટી સંખ્યામાં વેપારી લાગી ગયા છે. ત્યારે એક વેપારીને ત્યાં ૧૦૦ કરતા વધુ માણસો કામ કરી રહ્યા છે. ખાસ કરીને આ મીઠાઈ બનાવવા માટે અલગ અલગ પ્રોસેસિંગ કરવું પડતું હોય છે. જોકે સતત એક અઠવાડિયાની મહેનત બાદ બજારમાં આવેલી ઘારી માત્ર એક દિવસમાં વેચાણ થઈ જાય છે અને જેટલો સ્ટોક બનાવીએ છીએ તે દર વર્ષે ઘટે છે.

ઘારી કિલોદીઠ ભાવ ૯૦૦ રૂપિયાથી લઈને ૧૨૦૦ સુધી વેચાણ થઈ રહી છે. જોકે ઘારીની માગ માત્ર સુરતમાં નહીં પણ ગુજરાતભરમાં અને ગુજરાત બહાર પણ છે. તેની સાથે વિદેશમાં પણ ચંદી પડવાને દિવસે ખાસ ઓર્ડર આપીને મંગાવતા હોય છે. માવા ઘારીના ૯૯૦ થી ૧૦૦૦ રૂપિયા જ્યારે કેસર અને બદામ પિસ્તા ઘારીના ૧૦૦૦ થી ૧૧૦૦ રૂપિયે કિલો ભાવ પહોંચી ગયા છે. જ્યારે ડ્રાયફ્રુટ તેમજ લેસ-ઘીની ઘારીની પણ માર્કેટમાં બોલબાલા છે. જેના ભાવ ૧૧૦૦ થી ૧૨૦૦ રૂપિયે કિલો સુધી પહોંચી ગયા છે. જોકે આ તહેવારમાં ઘારી સાથે ચેવડાની પણ એટલી માગ હોય છે ત્યારે સુરતના સુરતી અંદાજિત ૩૦ કરોડની ઘારી અને ચેવડો માત્ર એક જ દિવસમાં ઝાપટી જતા હોય છે. માવા ઘારીના ૯૯૦ થી ૧૦૦૦ રૂપિયા જ્યારે કેસર અને બદામ પિસ્તા ઘારીના ૧૦૦૦ થી ૧૧૦૦ રૂપિયે કિલો ભાવ પહોંચી ગયા છે. જ્યારે ડ્રાયફ્રુટ તેમજ લેસ-ઘીની ઘારીની પણ માર્કેટમાં બોલબાલા છે. જેના ભાવ ૧૧૦૦ થી ૧૨૦૦ રૂપિયે કિલો સુધી પહોંચી ગયા છે. જોકે આ તહેવારમાં ઘારી સાથે ચેવડાની પણ એટલી માગ હોય છે ત્યારે સુરતના સુરતી અંદાજિત ૩૦ કરોડની ઘારી અને ચેવડો માત્ર એક જ દિવસમાં ઝાપટી જતા હોય છે.

જોકે ૧૦૦ કરતા વધુ કર્મચારી કામ કરે છે અને આ તહેવારને લઈને જેટલી ઘારી બનાવીએ છીએ તે પૂરી થઈ જાય છે. અમારા સાથે સુરતના અનેક વેપારી આ ઘારી બનાવે છે. અંદાજિત ૧૦૦ ટન ઘારી માત્ર ચંદી પડવાને દિવસે વેચાય છે. અંદાજિત ૩૦ કરોડનો માત્ર એક દિવસનો વેપાર છે. સુરત સાથે ઘારીનો જૂનો ઈતિહાસ પણ જોડાઈ ગયો છે. તાત્યા ટોપે સુરત આવ્યા હતા ત્યારે તેમને મીઠાઈમાં ઘારી ખવડાવી હતી.

### કચ્છની ખાનગી કંપનીના બોઈલરમાં બ્લાસ્ટ થયો

। (એજન્સી) કચ્છ, તા.૪ ।

કચ્છના ગાંધીધામ નજીકના પડાણા વિસ્તારમાં આવેલી ખાનગી કંપનીમાં શનિવારે (ચોથી ઓક્ટોબર) બોઈલરમાં બ્લાસ્ટ થયો હતો. આ દુર્ઘટનામાં બે શ્રમિકનાં ઘટનાસ્થળે જ મોત નિપજ્યાં હતા. ઘટનાની જાણ થતા સ્થાનિક પોલીસ તાત્કાલિક સ્થળ પર પહોંચીને રાહત અને બચાવ કામગીરી હાથ ધરી હતી. પ્રાથમિક વિગતો મુજબ, કંપનીમાં વેલ્ડિંગની કામગીરી ચાલી રહી હતી તે દરમિયાન અચાનક બોઈલર બ્લાસ્ટ થતા આ દુર્ઘટના સર્જાઈ હતી. આ બ્લાસ્ટ એટલો પ્રચંડ હતો કે તેમાં પ્રણવ અને ચંદન નામના બે શ્રમિકનાં ઘટનાસ્થળે જ મોત નિપજ્યાં હતા. પોલીસે હાલ મૃતદેહોનો કબજો મેળવીને પોસ્ટમોર્ટમ માટે હોસ્પિટલે ખસેડ્યા છે અને આ દુર્ઘટનાના મૂળ સુધી પહોંચવા માટે આગળની કાર્યવાહી હાથ ધરી છે. ઘટનાની જાણ થતાં જ સ્થાનિક પોલીસ તાત્કાલિક સ્થળ પર પહોંચી ગઈ હતી અને રાહત તથા બચાવ કામગીરી હાથ ધરી હતી. આ દુર્ઘટના પાછળ કંપનીમાં સુરક્ષાના નિયમોનું પૂરતું પાલન ન થતું હોવાની આશંકા વ્યક્ત કરવામાં આવી રહી છે.

### ગેસ લાઈન તોડી નાખતા ૪૦૦૦ ઘરોમાં ગેસ પુરવઠો ખોરવાયો

## વડોદરામાં પાણીની લાઈનની કામગીરીમાં શ્રીહરી કોન્ટ્રાક્ટરની ભારે નિષ્કાળજી

### આના કારણે ચાર દરવાજા વિસ્તારમાં અંદાજે ૪૦૦૦ જેટલા ઘરોમાં સવારના સમયે રસોઈ બનાવવામાં અગવડ સર્જાઇ હતી

। વડોદરા, તા.૪ ।

વડોદરા ગાજરાવાડી પાણીની ટાંકી પાસે શ્રી હરિ કોન્ટ્રાક્ટર દ્વારા થઈ રહેલી પાણીની કામગીરી વેળાએ ગેસ લાઈન તોડી નખાતા ગેસની મુખ્ય લાઈન ક્ષતિગ્રસ્ત થઈ હતી. જેથી ગેસ પુરવઠો ખોવાયો હતો. આના કારણે ચાર દરવાજા વિસ્તારમાં અંદાજે ૪૦૦૦ જેટલા ઘરોમાં સવારના સમયે રસોઈ બનાવવામાં અગવડ સર્જાઈ હતી.

ગાજરાવાડી પાણીની ટાંકી પાસે આજે સવારે પાણીની લાઈન નાખવા માટેનું કામ ઈજારદાર દ્વારા ચાલી રહ્યું હતું. આ દરમિયાન ખોદકામ ટાણે ગાજરાવાડીથી શહેરના ચાર દરવાજા વિસ્તારમાં જતી મુખ્ય ૨૨૫ સ્સ્ની ગેસ લાઈન ક્ષતિગ્રસ્ત થઈ હતી. ગેસ લાઈન તૂટતા ગેસના ફુવારા ઉડ્યા હતા. આના કારણે ચાર દરવાજા સુધી જતો ગેસનો પુરવઠો ખોવાયો હતો. બનાવ અંગેની જાણ ગેસ વિભાગને કરવામાં આવતા અધિકારીઓ અને કર્મચારીઓનો સ્ટાફ તાત્કાલિક ઘટના સ્થળે પહોંચ્યો હતો અને સમારકામ હાથ ધર્યું હતું. જાણવા મળ્યા મુજબ આજે બપોરે અંદાજે અઢી વાગ્યા સુધી કામગીરી પૂર્ણ કરી ગેસ પુરવઠો પૂર્વવત કરવાનું આયોજન ચાલી રહ્યું છે. ઈજારદારની ભૂલના કારણે હજારો લોકોએ આજે રસોઈ બનાવવામાં અગવડ સર્જાઈ હતી. ગેસ વિભાગના સૂત્રોએ જણાવ્યું હતું કે, ઈજારદારને નોટિસ આપવાની કામગીરી કરવામાં આવશે.

## ઓફિસમાં કામ કરતી યુવતી પર દુષ્કર્મ અને સૃષ્ટિ વિરુદ્ધનું કૃત્ય ગુજારનાર વકીલની ધરપકડ

। (એજન્સી) વડોદરા, તા.૪ ।

વડોદરાના સુભાનપુરા વિસ્તારમાં ઓફિસ ધરાવતા વકીલે થોડા સમય પહેલા જ તેને ત્યાં નોકરીએ રાખેલી યુવતી પર દુષ્કર્મ ગુજારી ધાકધમકી આપતા યુવતીએ પોતાના પરિવારજનોને જાણ કર્યા બાદ પોલીસ ફરિયાદ નોંધાવી હતી.

પોલીસના જણાવ્યા પ્રમાણે, ગોત્રી વિસ્તારમાં રહેતી અને નર્સિંગ શીખેલી યુવતી જંબુસર બોર્ડર પાસેના એક ગામમાં નોકરી કરતી હોવાથી તેને અપડાઉન કરવાનું દૂર પડતું હતું. જેથી એક પરિચિત અને વાત કરતા તેણે સુભાનપુરામાં રહેતા વકીલ કૃણાલ પરમારને જાણ કરી હતી. આરોપીની ઓફિસમાં કામ કરતી એક મહિલાએ નોકરી છોડી દીધી હોવાથી યુવતીને ફેબ્રુઆરી મહિનામાં નોકરી પર રાખી હતી.

આરોપીએ જુલાઈના પહેલા વિકમાં પીડીતા સાથે બળાત્કાર અને સૃષ્ટિ વિરુદ્ધનું કૃત્ય ગુજાર્યું હતું. તેણે ફોટોગ્રાફ્સ પણ લઈ લીધા હતા અને આ ફોટો એક મિત્રને મોકલ્યા હતા. જેથી મિત્રએ પીડિતાને જાણ કરતા તે ચોંકી હતી. દરમિયાનમાં આરોપીય ધાકધમકી આપતા તેણે માતા પિતાને જાણ કરી હતી અને ફરિયાદ માટે તૈયાર થઈ હતી. એસીપીએ કહ્યું હતું કે, પીડિતાની ફરિયાદના પુરાવા એકત્રિત કરવા માટે ગોરવાના પી.આઈ દ્વારા કાર્યવાહી કરવામાં આવી રહી છે. સુભાનપુરામાં રહેતા કૃણાલ પરમારની ધરપકડ કરી મેડિકલ ટેસ્ટ કરાવવામાં આવ્યો છે. જ્યારે મોબાઈલના તેમજ ઓફિસ સર્વરના ડેટા મેળવવામાં આવી રહ્યા છ. આ માટે સરોવર ફોરેન્સિક સાયન્સ લેબોરેટરીમાં મોકલવામાં આવશે. સુભાનપુરામાં રહેતા કૃણાલ પરમારની ધરપકડ કરી મેડિકલ ટેસ્ટ કરાવવામાં આવ્યો છે. જ્યારે મોબાઈલના તેમજ ઓફિસ સર્વરના ડેટા મેળવવામાં આવી રહ્યા છ. આ માટે સરોવર ફોરેન્સિક સાયન્સ લેબોરેટરીમાં મોકલવામાં આવશે.